પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY




# અબતક ®


સાંધ્ય દૈનિક

તા. ૯-૮-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૧૩૧

ગ્રામ્ય આવૃત્તિ
પાનાઃ ૧૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા






Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


# સંસદમાં સોમવારે નાણામંત્રી રજુ કરશે નવું ઈન્કમટેક્સ બિલ

## કેબિનેટે શુક્રવારે સુધારેલા બિલને મંજૂરી આપી, પરંતું ગૃહમાં વિક્ષેપને કારણે રજૂ કરી ન શકાયું: નવા બિલમા સરળ ભાષા, વ્યવસ્થિત માળખું અને સ્પષ્ટ જોગવાઈઓનો સમાવેશ કરાશે



**અબતક, રાજકોટ**

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સોમવારે સંસદમાં ઈન્કમ ટેક્સ બિલ, ૨૦૨૫ નું નવું અને સુધારેલું સંસ્કરણ રજૂ કરશે.

આ બિલનો મુખ્ય હેતુ છ દાયકા જૂના અને ગૂંચવણભર્યા આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. સરકારનું લક્ષ્ય કર કાયદાની ભાષા અને માળખાને એટલું સરળ બનાવવાનું છે કે સામાન્ય કરદાતા પણ કોઈ વ્યાવસાયિકની મદદ વગર તેને સમજી શકે. આ પગલાથી ટેક્સ પ્રણાલી વધુ પારદર્શક અને 'કરદાતા-મિત્ર' બનશે તેવી અપેક્ષા છે.

આ બિલનું નવું સંસ્કરણ લાવવાનો નિર્ણય એક વ્યૂહાત્મક પગલું છે. અગાઉ આ જ વર્ષે ફેબ્રુઆરીમાં નાણાં પ્રધાને આઈ-ટી બિલ ૨૦૨૫ નું સંસ્કરણ રજૂ કર્યું હતું. જોકે, હવે તેને પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ બિલના અનેક સંસ્કરણો દ્વારા થતી ગૂંચવણને ટાળવાનો અને તમામ ફેરફારોને સમાવીને એક સ્પષ્ટ અને અપડેટ કરેલું સંસ્કરણ પૂરું પાડવાનો છે. કેબિનેટે શુક્રવારે જ આ સુધારેલા બિલને મંજૂરી આપી દીધી હતી, પરંતુ ગૃહમાં વિક્ષેપને કારણે તેને તે જ દિવસે રજૂ કરી શકાયું ન હતું.

### સરળીકરણ પાછળના મુખ્ય સિદ્ધાંતો

આ બિલને તૈયાર કરવા પાછળના ત્રણ મુખ્ય સિદ્ધાંતો છે. પ્રથમ સિદ્ધાંત, કાયદાના લખાણ અને માળખાને સુધારેલી સ્પષ્ટતા અને સુસંગતતા સાથે સરળ બનાવવાનો છે. બીજો સિદ્ધાંત, કર નીતિમાં કોઈ મોટા ફેરફારો કર્યા વગર કાયદામાં સાતત્ય અને નિશ્ચિતતા જાળવવાનો છે. અને ત્રીજો સિદ્ધાંત, કરદાતાઓ માટે કાયદાને વધુ અનુમાનિત બનાવવાનો છે. આ સિદ્ધાંતોનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ટેક્સ ભરવાની પ્રક્રિયા જટિલ ન બને, જેથી કરદાતાઓ સરળતાથી કાયદાનું પાલન કરી શકે.

આ સુધારાથી કરદાતાઓ માટે કાયદાને સમજવાનું કાર્ય વધુ સરળ બનશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ચેરમેન રવિ અગ્રવાલે આશા વ્યક્ત કરી છે કે નવા કાયદાની જોગવાઈઓ વાંચવી અને સમજવી સરળ બનશે. તેમણે જણાવ્યું હતું કે, ''સૂત્રો, કોષ્ટકોનો ઉપયોગ અને જોગવાઈઓના એકીકરણથી કરદાતાઓ અને વ્યાવસાયિકો બંને માટે અનુપાલન વધુ સરળ બનશે.'' આનાથી સામાન્ય નાગરિકોને કાયદાની સમજ માટે વ્યાવસાયિકો પર ઓછો આધાર રાખવો પડશે, જે (અનુ. આઠમા પાને)

### પસંદગી સમિતિની ૨૮૫ ભલામણોનો સમાવેશ

આ સુધારાની પ્રક્રિયા લોકસભાની પસંદગી સમિતિના સૂચનો પર આધારિત છે. ભાજપના સાંસદ બૈજયંત પાંડાની આગેવાની હેઠળની આ સમિતિએ અગાઉના આઈટી બિલ ૨૦૨૫ની સઘન તપાસ કરી હતી. આ તપાસ બાદ, સમિતિએ ભારતના કર કાયદાઓને સરળ અને આધુનિક બનાવવા માટે ૨૮૫ ભલામણો સૂચવી હતી. નવા બિલમાં આ તમામ ભલામણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આનાથી કાયદો વધુ પ્રગતિશીલ બનશે અને કરદાતાઓને વધુ અનુકૂળતા રહેશે તેવી આશા છે. આ ફેરફારો માત્ર કાયદાની ભાષા જ નહીં, પરંતુ તેની કાર્યપદ્ધતિને પણ સરળ બનાવશે.



# ટ્રમ્પના ભરપૂર પ્રયાસ છતાં ભારત-રશિયાની દોસ્તી કાયમ રાખવા મોદી-પુતિનનો સંકલ્પ



## એસસીઓ સમીટ પહેલા ટ્રમ્પના અણઘડ નિર્ણયોને કારણે ભારત-ચીન- રશિયા વચ્ચે સંબંધો ગાઢ બનવાના અણસાર

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી, જેમાં બંને નેતાઓએ ભારત-રશિયા સંબંધોને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ વાતચીત એવા સમયે થઈ જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા સાથેના ભારતના વેપારને લઈને ૨૫ ટકા વધારાના ટેરિફની જાહેરાત કરી, જેનાથી ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધ્યો છે.આમ ટ્રમ્પના ભરપૂર પ્રયાસ વચ્ચે મોદી અને પુતીને ભારત અને રશિયાની દોસ્તી કાયમ રાખવા સંકલ્પ જાહેર કર્યો છે.

મોદીએ પુતિનને રશિયા-યુક્રેન યુદ્ધના રાજકીય અને રાજનૈતિક ઉકેલ માટે ભારતના ''સતત'' અને ''અડગ'' સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આ વર્ષે ભારત-રશિયા વાર્ષિક શિખર સમિટ માટે પુતિનને ભારત આમંત્રણ આપ્યું. પુતિને મોદીને યુક્રેન યુદ્ધ અંગેના તાજેતરના વિકાસ અને ટ્રમ્પના દૂત સ્ટીવ વિટકોફ સાથેની તેમની વાતચીતની માહિતી આપી. આ ઉપરાંત, પુતિને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે (અનુ. આઠમા પાને)

### ઉલ્ટા ચોર કોટવાલ કો દાટે
### અમેરિકાએ ભારતને ટેરિફનો રાજા ગણાવતા વિવાદ


અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નાવારોએ ભારતને ''ટેરિફનો મહારાજા'' ગણાવીને વિવાદ સર્જ્યો છે. નાવારોએ ભારત પર આરોપ લગાવ્યો કે તે અમેરિકન ડોલરનો ઉપયોગ રશિયા પાસેથી તેલ ખરીદવા માટે કરે છે, જેનાથી રશિયા યુક્રેન સામે શસ્ત્રો ખરીદે છે. આ નિવેદન સામે ભારતે તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. નાવારોએ ગુરુવારે જણાવ્યું કે, ''ભારત અમેરિકન ડોલરનો ઉપયોગ રશિયન તેલ ખરીદવા માટે કરે છે, જે રશિયાને યુક્રેન વિરુદ્ધ શસ્ત્રો ખરીદવામાં મદદ કરે છે. આ ગણિત ખોટું છે.'' તેમણે ભારતના નિકાસ પર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું સમર્થન કર્યું. જોકે, જ્યારે પત્રકારોએ પૂછ્યું કે ચીન, (અનુ. આઠમા પાને)

### અલાસ્કામાં ૧૫મીએ પુતિન અને ટ્રમ્પની મુલાકાત થશે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ આગામી શુક્રવાર, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ અલાસ્કામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે ચર્ચા કરવાનો છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર આ અંગેની જાહેરાત કરતાં કહ્યું, ''અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે હું અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે અલાસ્કામાં અપેક્ષિત બેઠક યોજાશે.''આ બેઠક પુતિનની એક દાયકા બાદ અમેરિકાની પ્રથમ મુલાકાત હશે. આ પહેલાં તેઓ સપ્ટેમ્બર ૨૦૧૫માં ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલી દરમિયાન તત્કાલીન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને મળ્યા હતા. ટ્રમ્પે આ બેઠકની જાહેરાત પહેલાં પત્રકારોને (અનુ. આઠમા પાને)

# નેશનલ મેડિકલ રજિસ્ટર નિષ્ફળ: ૧ વર્ષમાં ૧૩.૯ લાખમાંથી માત્ર ૯૯૬ એલોપેથિક ડોક્ટર્સની નોંધણી

## શરૂઆતના ત્રણ મહિનામાં ૬,૦૦૦ અરજીઓ મળી હતી, પરંતુ પછીના ચાર મહિનામાં આ સંખ્યા ઘટીને ૮૦૦થી પણ ઓછી થઈ



**અબતક, રાજકોટ**

ભારતમાં ડોક્ટરો માટે ડિજિટલ હેલ્થકેર ઈકોસિસ્ટમ બનાવવાની મહત્વાકાંક્ષી યોજના નિષ્ફળ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. નેશનલ મેડિકલ રજિસ્ટર પોર્ટલ, જે ભારતના તમામ એલોપેથિક ડોક્ટરો માટે એક વ્યાપક ડેટાબેઝ તરીકે શરૂ કરાયું હતું, તે લોન્ચ થયાના લગભગ એક વર્ષ પછી પણ તેની અપેક્ષા મુજબ કામ કરી રહ્યું નથી. એક આરટીઆઈ પ્રશ્નના જવાબમાં, નેશનલ મેડિકલ કમિશનએ સ્વીકાર્યું છે કે રાજ્યોની મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલા ૧૩.૯ લાખ ડોક્ટરોમાંથી માત્ર ૯૯૬ ડોક્ટરોને જ એનએમઆર નોંધણી મળી છે.

એનએમઆર પોર્ટલ પર નોંધણી માટે કુલ ૧૧,૨૦૦ અરજીઓ આવી હતી, જેમાંથી ૮ ઓગસ્ટ સુધીમાં ૯૧% અરજીઓ મંજૂર કરવામાં આવી નથી. આ મંજૂરી પ્રક્રિયાની અત્યંત ધીમી ગતિને કારણે ડોક્ટરોમાં આ પોર્ટલ પ્રત્યેનો ઉત્સાહ ઓછો થયો છે. શરૂઆતના ત્રણ મહિનામાં ૬,૦૦૦ અરજીઓ મળી હતી, પરંતુ પછીના ચાર મહિનામાં આ સંખ્યા ઘટીને ૮૦૦થી પણ ઓછી થઈ ગઈ છે. આ ઉપરાંત, એનએમઆર ને રાજ્ય મેડિકલ કાઉન્સિલના રજિસ્ટર સાથે જોડવાનું બાકી છે, જેના કારણે ડેટાનું સંકલન થઈ શક્યું નથી. આ ઉપરાંત જાણકારોનું માનવું છે કે ''જ્યારે રાજ્ય પરિષદો ડોક્ટરની સદસ્યતાની પુષ્ટિ કરે છે, ત્યારે પણ એનએમસી તેને નકારી રહ્યું છે.'' (અનુ. આઠમા પાને)

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ૨ જવાન શહીદ, એક આતંકી ઠાર

## ૧ ઓગસ્ટથી ચાલી રહેલા ઓપરેશન અખલનો આજે નવમો દિવસ: અત્યાર સુધીમાં કુલ ત્રણ આતંકી ઠાર મરાયા

**અબતક, નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના કુલગામથી રક્ષાબંધનના દિવસે જ દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કુલગામના અખાલ વિસ્તારમાં આતંકીઓ સાથે નવમા દિવસે પણ અથડામણની સ્થિતિ જોવા મળી. સમગ્ર વિસ્તારમાં જોરદાર ધડાકા અને ફાયરિંગનો અવાજ ગુંજતો રહ્યો. જે દરમિયાન ભારતીય સૈન્યના બે જવાન શહીદ થઈ ગયા. જોકે અન્ય બે જવાન ગત રાત્રે ઈજાગ્રસ્ત થયા હતા.



અત્યાર સુધી એન્કાઉન્ટરમાં એક આતંકીનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે કુલ બે જવાન શહીદ અને દસ જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા છે. સૂત્રો કહે છે કે ગાઢ જંગલ અને પ્રાકૃતિક ગુફાઓ જેવા ઠેકાણાઓનો લાભ લઈને કમ સે કમ ત્રણ કે તેનાથી વધુ આતંકી હજુ ત્યાં છુપાયેલા છે. આ એન્કાઉન્ટર છેલ્લા દાયકામાં સૌથી લાંબા ચાલેલો આતંકવાદ વિરોધી અભિયાન બની ગયો છે.

શુક્રવાર રાતથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર ચાલુ હતો. આમાં ચાર સૈનિકો ઘાયલ થયા હતા. બે સૈનિકો લાન્સ નાયક પ્રિતપાલ સિંહ અને સિપાહી હરમિંદર સિંહ શહીદ થયા હતા.

૨ ઓગસ્ટની સવારે સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને પણ ઠાર માર્યા હતા. એક આતંકવાદીની ઓળખ પુલવામાના હરિસ નઝીર ડાર તરીકે થઈ હતી, જે સી-કેટેગરીનો આતંકવાદી હતો.

'ઓપરેશન અખલ' સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. જંગલમાં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોવાની શકયતા છે. બંને બાજુથી ગોળીબાર ચાલુ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ સહિત ૮૪ મામલતદારોની બદલી

## ૪૫ નાયબ મામલતદારને હંગામી ધોરણે મામલતદાર તરીકે બઢતી અપાય: ૯ અજમાયશી મામલતદારને સ્વતંત્ર કામગીરી માટે નિયુક્ત કરાય

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ સહિત રાજયના ૮૪ મામલતદારની બદલી કરવામાં આવી છે. જયારે ૪૫ નાયબ મામલતદારને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. ૯ અજમાયશી મામલતદારોને ૭૫ અઠવાડિયા માટે હંગામી ધોરણે મામલતદાર તરીકે નિયુકતી આપવામાં આવી છે.

સાતમ આઠમના તહેવાર પૂર્વે જ રાજય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ગઈકાલે મોડી રાત્રે ૮૪ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૫ મામલતદારોનો સમાવેશ થાય છે. જૂનાગઢના મામલતદાર કે.એ. ત્રિવેદીની ગાંધીનગર ખાતે જૂનાગઢના ચૂંટણી મામલતદાર પૌલભાઈ ખ્રિસ્તીની અમદાવાદ ખાતે, તાલાલાના મામલતદાર સતિષકુમાર જાંબુચાની સિહોર ખાતે સિહોરના મામલતદાર રમેશભાઈ પ્રજાપતિની ધોલેરા સર ખાતે, લોધિકાના મામલતદાર કૃષ્ણકુમારસિંહ ચુડાસમાની તાલાલાના મામલતદાર તરીકે નિયુકતી કરવામાં આવી છે.

જેસરના મામલતદાર હિરેનકુમાર મૈસુરિયાની ચિખલી ખાતે, ચોટીલાના મામલતદાર પ્રકાશકુમાર જોશીની ધારી ખાતે, વિસાવદરના મામલતદાર નીતિનકુમાર લંઘનોજાની રાજકોટ ખાતે પબ્લિક રિલેશન ઓફિસર તરીકે, ભૂજના મામલતદાર નસીબ સુમરાની લીંબડી ખાતે, કોડિનારના મામલતદાર ધર્મેન્દ્રકુમાર વરમોરાની પવિત્ર યાત્રાધામ બોર્ડના એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર તરીકે નિયુકતી કરાય છે.

ઓખા મંડળના મામલતદાર જીજ્ઞેશાઈ મહેતાની જોડિયા ખાતે, બાબરાના મામલતદાર કિશોરકુમાર સુમરાની બોટાદ ખાતે, સુરેન્દ્રનગરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ ઈમરજન્સી રિપોન્સ સેન્ટરના મામલતદાર હરગોવિંદભાઈ પરમારની પાટણના સામી ખાતે બદલી કરવામાં આવી છે.

કચ્છના લખપતના મામલતદાર સલીમભાઈ ડોડિયાની મોરબી ખાતે, લીંબડીના મામલતદાર કે.ડી. સોલંકીની આણીના પેટલાદ ખાતે, રાજકોટના કુમારી જે.ડી.જાડેજાની ઉમરાળા મામલતદાર તરીકે, સુરેન્દ્રનગરના મયુરકુમાર દવેની સુરેન્દ્રનગરના ચિટનીસ તરીકે, પોરબંદરના ડિઝાસ્ટર મામલતદાર કુમારી આર.કે. પરમારની અરવલ્લી ખાતે, વંથલીના મામલતદાર એમ.ડી.દવેની જૂનાગઢ જિલ્લાના પીઆરઓ તરીકે માંગરોલના એચ.એન.પરમારની સુરેન્દ્રનગર જિલ્લાના પબ્લિક રિલેશન ઓફીસર તરીકે વેરાવળ (રૂરલ)ના મામલતદાર રજનીકાંત પરાસનિયાની વેરાવળ (સિટી)ના મામલતદાર તરીકે મોરબી (રૂરલ)ના મામલતદાર એમ.ટી. ધનવાણીની પોરબંદર જિલ્લાના ચિટનીસ તરીકે, જામ ખંભાળીયાના મામલતદાર વિક્રમભાઈ વરૂની અમરેલી મામલતદાર તરીકે, મુળીના મામલતદાર રાકેશકુમાર પટેલની નખત્રાણા ખાતે બદલી કરવામાં આવી છે. રાજ્યના ૮૪ મામલતદારોની બદલી કરવામાં આવી છે.

જયારે ૪૫ નાયબ મામલતદારોને હંગામી ધોરણે મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.જેમાં જામનગરના ભૂમીકાબેન મકવાણા, ભાવનગરના રાજેન્દ્રસિંહ સરવૈયા, અનિલકુમાર રાવલ, પોરબંદરના રાજુભાઈ ખોડભાયા, ભાવનગરના વિજયરાજસિંહ ગોહિલ, મોરબીના સંજયકુમાર બારિયા, ભાવનગરના પ્રિયંકાબેન જાની, દેવભૂમિ દ્વારકાના મહેશભાઈ પરમાર, અમરેલીના હિંમતભાઈ ભાસ્કર, મોરબીના તેજસકુમાર પટેલ, બોટાદના સુરેશભાઈ ખંભાલ્યાને બઢતી આપી અલગ અલગ જગ્યાએ પોસ્ટીંગ આપવામાં આવ્યા છે.

જયારે ૯ અજમાયશી મામલતદારોને ૭૫ અઠવાડિયાની સ્વતંત્ર કામગીરી માટે નિયુકત કરવામાં આવ્યા છે.


ન્યુ રીનોવેટેડ
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

જન્માષ્ટમી પ્રવાસો કન્ફોર્મ

| રાજસ્થાન | નાથદ્વારા | દર્શન મુંબઈ |
|---|---|---|
| જેસલમેર, જોધપુર, રામદેવળા | આબુ, અંબાજી | એસલવર્લ્ડ, નાશિક, શિરડી, ત્રંબેકેશ્વર |
| દિઃ૫ 6500/- | દિઃ૪ 5500/- | દિઃ૫ 6500/- |

કચ્છ નારણ સરોવર, ભુજ, અંબે માં, આશાપુરા, સફેદ રણ, કાળો ડુંગર દિઃ૪/4500/- ઉ.તા.૧૪ ઓગ.

ઉજ્જૈન ઓમકારેશ્વર, નાશિક, શનિદેવ, શિરડી, ત્રંબેકેશ્વર દિઃ૫/6500/- ઉ.તા.૧૩ ઓગ.

બાળકો FREE મનપસંદ સીટ વહેલા તે પહેલાના ધોરણે ૪ વ્યક્તિ દીઠ રૂમ, બ્રેકફાસ્ટ-લંચ-ડીનર 10% ડિસ્કાઉન્ટ

વૃંદાવન યાત્રા સંઘ
બુકિંગના છેલ્લા દિવસો
મો.૯૮૯૮૩ ૫૦૦૯૬

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

ધંધા વ્યવસાયના અધૂરા તથા પેંડીગ રહેલ કાર્ય પૂરા થઈ જવાના સંયોગ. પેટ્રોલિયમ-પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ તથા દોડધામ વાળું રહેવાના સંયોગ. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે અર્ધ લાભદાયી સપ્તાહ. ધંધા ઉદ્યોગમાં નવી નવી તક આવવાની પણ સંભાવના. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ રહેશે.ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમિયાન આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગો. સગાં સ્નેહી તથા મિત્રો સાથે તનાવ વાળુ વાતાવરણ રહે. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે હળવું લાભદાયી સપ્તાહ. ૧૫ તથા ૧૬ ઓગસ્ટ સરેરાશ રહેશે.(પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ જણાશે આથી, નિષ્ણાતની સલાહ સૂચન અનુસાર નવા કામકાજનો પ્રારંભ કરવો. સેલીબ્રીટી એવમ જાહેર ક્ષેત્રની વ્યક્તિઓ માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ નીવડશે. મોટા ઉદ્યોગ એવમ લોખંડ તથા અન્ય ધાતુ સંબંધિત તમામ ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ અર્ધ સરેરાશ નીવડશે. વ્યાપાર-વણિજના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. પરિવાર કે સ્નેહીઓ વચ્ચે ખટરાગ સર્જાવાના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગલૃહિણી, તેમજ મહિલાકર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૧૩ તથા ૧૪ ઓગસ્ટ સાવ સામાન્ય નીવડશે.

### મિથુન — ક,છ,ઘ

જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. પેકિંગ- કેનિંગ ફૂડ એવમ ફાસ્ટ ફૂડ એકમના જાતક આ સપ્તાહ લાભદાયક રહેશે. શૃંગારને સંબંધિત ઉદ્યોગ ધંધાના જાતક માટે દોડધામ વાળું સપ્તાહ. આ સિવાયના ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહે અણધાર્યા લાભના સંયોગ. વ્યાપાર વણિજ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. ખાનગી કર્મચારી માટે લાભકારી સપ્તાહ.પરિવાર તરફથી સહકાર ની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારુ એવમ સાનુકૂળ નીવડશે. ૧૧ તથા ૧૨ ઓગસ્ટ સામાન્ય જણાશે.

### કર્ક — ડ,હ

ફેશન, ફેબ્રીકના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન વણસી ગયેલા, જૂના સંબંધ, સુધરી જવાના સંયોગ એવમ શક્યતા. ઉદ્યોગ ધંધા સંબંધિત અધૂરા રહેલા કામકાજ પૂરા થઈ જવાના સંયોગ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું ચડાવઉતાર વાળુ જણાશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવી દોડધામ રહેશે સાથોસાથ લાભદાયક પણ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ૧૩ ઓગસ્ટ મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

જાહેર ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસ ના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. આ સપ્તાહે ધંધા વ્યવસાય હેતુ લાંબા પ્રવાસ થવાની સંભાવના. કમીશન મર્ચન્ટ માટે આ સપ્તાહે ચડાવ ઉતારની સાથોસાથ લાભદાયક પણ નીવડશે. ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર સાથે હળવું લાભકારી નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૫ તથા ૧૬ ઓગસ્ટ સરેરાશ નીવડશે.

### કન્યા — પ,ઠ,ણ

સ્થાન એવમ દિકબલી શનિ તથા શશ યોગ વાળા આ કન્યા રાશિના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે લાભકારી સપ્તાહ. ફાસ્ટ ફૂડ, પેકિંગ ફૂડ તેમજ ફેશન, તથા શૃંગારને સંબંધિત ઉદ્યોગ ધંધાના જાતક માટે આ સપ્તાહ દરમ્યાન હળવા તથા આકસ્મિક લાભનો સંયોગ. ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ સામાન્ય અને સરેરાશ નીવડશે. મધ્યમ કદના વ્યાપાર વણિજના જાતક લાભદાયી સપ્તાહ. સરકારી કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે હળવું લાભદાયી સપ્તાહ. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૧ તથા ૧૨ ઓગસ્ટ સામાન્ય જણાશે.

### તુલા — ર,ત

ગ્રેઈન મર્ચંટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સવિશેષ લાભકર્તા નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપાર કે વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ આર્થિક રીતે લાભદાયક નીવડશે પરંતુ આ સપ્તાહ સંઘર્ષપૂર્ણ જણાશે. અગાઉના વર્ષમાં, અધૂરા કે ટલ્લે ચડેલ સરકારી કામકાજ પૂરા થવાના સંયોગ. આ સપ્તાહે સરકારી ક્ષેત્રના કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગ એવમ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ, અધિકારીઓ માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. પરિવાર સાથે ધાર્મિક યાત્રાના અવસર. વિદ્યાર્થી, નિવૃત, મહિલાકર્મી, તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૨ તથા ૧૪ ઓગસ્ટ મધ્યમ રહેશે.

### વૃશ્ચિક — ન,ય

સર્વિસ બિઝનેસના જાતક તેમજ મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ કન્સલ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ લાંબા પ્રવાસ વાળુ એવમ લાભકારી નીવડશે. ખાદ્ય તેલ તેમજ તૈલી પદાર્થ ના ઔદ્યોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું હળવું ફાયદાકારક નીવડશે. ૬ ઓગસ્ટ સાધારણ જણાશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

વ્યવસાયિક કલા એવમ પરામર્શ વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભદાયક સપ્તાહ રહેશે. ફાર્મસી ક્ષેત્રે ખાસ કરીને મોટી ફાર્મસી તેમજ ફાર્મા-કેમિકલ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ નબળું નીવડવાની શક્યતા. ખાનગી શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી તથા હોદેદારો માટે આ સપ્તાહ સાધારણ રહેવા પામે. પબ્લિક ટ્રાન્સ્પોર્ટેશન, ટ્રાવેલ્સ કે હોટેલ બુકિંગ સાથે જોડાયેલા તમામ જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભકારક નીવડશે. વ્યાપાર વણિજના જાતક માટે સાનુકૂળ સપ્તાહ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ અથવા સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ઉત્તમ સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કીંગ વૂમન માટે સાનુકૂળ સપ્તાહ ૧૩ ઓગસ્ટ સામાન્ય નીવડશે.

### મકર — ખ,જ

કલા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. રાજકીય ક્ષેત્રની વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. સૌંદર્ય પ્રસાધન એવમ ફેશન સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાયના જાતક એવમ પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ દરમિયાન અણધાર્યા લાભ થવાની સંભાવના. ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે લાભદાયક સપ્તાહ. પરિવારજનો તથા મિત્ર સાથે સુમેળ થવાના સંયોગ. ૧૨ ઓગસ્ટ મધ્યમ નીવડશે.

### કુંભ — ગ,શ,ષ

પેરા-મેડિકલના જાતક માટે આ સપ્તાહ સરેરાશ રહે તેવા સંયોગ. મેડિકલ, તેમજ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ હળવા ચડાવ ઉતાર સાથે લાભદાયી નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયક નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ મંદી વાળુ જોવા મળશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી, અધિકારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે.વિજ્ઞાનની તમામ શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૩ તથા ૧૬ ઓગસ્ટ સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

નાના તથા કુટિર ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ઔદ્યોગિક એકમમાં વાયુ તત્વને લઈને પ્રોબ્લેમ આવવાની સંભાવના. રસાયણ તેમજ સ્ટેશનરી સંબંધિત જથ્થાબંધ વેપારના જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ અથવા પ્રતિકૂળ જણાશે. આ સિવાયના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ આંશિક લાભકારક રહેશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક જણાશે. ૧૫ ઓગસ્ટ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

# કાલે વિશ્વ સિંહ દિવસ — સમગ્ર એશિયા ખંડમાં એકમાત્ર સૌરાષ્ટ્રના જંગલોમાં જ સિંહોનો વસવાટ

## ચાર દાયકામાં તેની વસ્તીમાં ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છેઃ સિંહ નૃત્ય અનેક સંસ્કૃતિઓનું અભિન્ન અંગ છેઃ પ્રાચીન સ્થાપત્યમાં સિંહોને શક્તિ અને રક્ષણના પ્રતિક તરીકેનું સ્થાન અપાયું છેઃ ગુજરાતમાં ગીર, જુનાગઢ, અમરેલી, ભાવનગર જેવા વિસ્તારોમાં સિંહ જોવા મળે છે

સિંહ નેતૃત્વ અને ગૌરવનું પ્રતીક મનાય છે, જે લગભગ દરેક સંસ્કૃતિમાં જોવા મળે છે, હિન્દુ અને અન્ય સંસ્કૃતિમાં પણ સિંહની પૂજા કરવામાં આવે છે. કાલે વિશ્વ સિંહ દિવસ છે, ત્યારે આ વર્ષની ઉજવણી થીમ માં સિંહોનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેવાની વાત કરી છે. સિંહ એક મજબૂત માંસાહારી જંગલી પ્રાણી છે. તેના મજબૂત પંજા અને પૂંછ રેશમ જેવી મુલાયમ અને ગુચ્છાદાર હોય છે. જંગલમાં નર સિંહ ૧૨ થી ૧૬ વર્ષ જ્યારે માદા ૧૫ થી ૧૮ વર્ષ જીવે છે. પ્રાણી ઘરમાં ૨૦ વર્ષથી વધુ પણ જીવે છે. દર બે વર્ષે માદા ૧ થી ૪ બચ્ચાને જન્મ આપે છે. બાળ સિંહ બે વર્ષની ઉંમરે જ ગર્જના કરવાનું શરૂ કરે છે, સિંહની ગર્જના આઠ કિલોમીટર દૂર પણ સંભળાય છે. ઘણા રાજાઓ સિંહને પાંજરામાં રાખતા, તે શક્તિનું પ્રતિક ગણાતું. દુનિયામાં જંગલો ખતમ થતા તેની વસ્તી ઘટી રહી છે. હાલ વિશ્વમાં સિંહની બે જ પ્રજાતિઓ બાકી છે. જેમાં એશિયાટિક લાયન અને આફ્રિકન સિંહની લગભગ છ પેટા જાતિઓ જોવા મળે છે. શિકારી ચામડી, હાડકા માટે તેનો શિકાર કરે છે. તેનો મુખ્ય ખોરાક નીલગાય, હરણ, ચિતલ અને સાબર છે.

સિંહોનો શિકાર, વસવાટનો વિનાશ અને માનવ-સિંહ સંઘર્ષ જેવા જોખમો વચ્ચે કાલે ઉજવાશે 'વિશ્વ સિંહ દિવસ'.આજના યુગમાં આપણી 'જાતને બચાવવા માટે, જાનવરોના રાજાને બચાવવા'નો સંદેશ છે. જંગલના રાજાની ઉજવણી કરવાની અને તેની સુખાકારી અને સંરક્ષણ વિશે જાગૃત્તિ લાવવાનો દિવસ અને તક છે.'વિશ્વ સિંહ દિવસ'ની શરૂઆત ફ્લોરીડાના દંપતીએ આજના દિવસે ૨૦૧૩માં કરી હતી. ગીરમાં ૨૦૧૬થી આ ઉજવણીની શરૂઆત થઈ હતી. સિંહ પ્રથમવાર એક લાખ વર્ષ પહેલા આફ્રિકામાં જોવા મળ્યો હતો. 'સેવ લાયન' આ સુત્ર ઘણા વર્ષોથી આપણે સાંભળીએ છીએ પણ વિશ્વમાં ફ્લોરીડાના વાઈલ્ડ લાઈફના ક્ષેત્રમાં જાણીતું નામ ડેરેક અને બેવરલી જોબર્ટ દ્વારા આફ્રિકાના જંગલોમાં ફરીને સિંહ સહિતના પ્રાણીઓ વિશે ખુબ અભ્યાસ કર્યા બાદ બિલાડી કુળની આ પ્રજાતિને બચાવવા એક ઝુંબેશ શરૂ કરી. સિંહોને બચાવવા હોય તો લોકોને આ મુહિમમાં જોડવા અનિવાર્ય હોવાથી સૌપ્રથમવાર વિશ્ર્વમાં ૧૦ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ વિશ્ર્વ સિંહ દિવસની ઉજવણી શરૂ કરી હતી. બાદમાં વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે કાર્ય કરતી અનેક સંસ્થાઓ જોડાવા લાગી હતી. આપણાં દેશમાં છેલ્લા દસકામાં તેની વસ્તી લગભગ ૬૦ ટકા જેવી વસ્તી વધી છે.

નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

એક સમયે આપણાં ભારતમાં હરિયાણા, ઝારખંડ, રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં સિંહ વસવાટ કરતા હતા, દક્ષિણ ગુજરાતનાં એરિયામાં પણ સિંહો જોવા મળતા પણ ધીરે ધીરે સિંહો માત્ર ગીરનાં જંગલોમાં બચ્યા છે. એક સમયે તો માત્ર ૨૦ જ સિંહ હતા. ત્યારે જુનાગઢના નવાબે સિંહોના શિકાર પર પ્રતિબંધ મુક્યો હતો. ૧૯૯૦ બાદ દર વર્ષે દર પાંચ વર્ષે



### દરેક બહાદુર માણસના હૃદયમાં સિંહ સૂતો હોય છે

જંગલના રાજાના સંવર્ધન અને સંરક્ષણ માટેની જનજાગૃત્તિ માટે ઉજવાતો 'વર્લ્ડ લાયન ડે'ના મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો છે. જેમાં જંગલોમાં સિંહોને કઈ સમસ્યાનો સામનો કરવો પડે છે. તેની લોકોમાં જાગૃત્તિ લાવવી. બીજું જંગલના રાજા સિંહને બચાવવાના રસ્તાઓ શોધવાનું છે. ત્રીજા ઉદ્દેશ્યમાં જંગલની નજીક રહેતા લોકોને સિંહોના જોખમો વિશે અને તેઓ તેમને માર્યા વિના પોતાનું રક્ષણ કેવી રીતે કરી શકે તે શીખવવાનું છે. વિશ્વમાં સિંહની બાકીની પ્રજાતિઓનું રક્ષણ અને સંરક્ષણએ નેશનલ જિયોગ્રાફી બિગ કેટ ઈનિશિયેટિવનો મુખ્ય હેતું છે. ટર્કિશ કહેવત મુજબ 'દરેક બહાદુર માણસના હૃદયમાં સિંહ સૂતો હોય છે.

તેના આંકડા સતત વધી રહ્યા છે. છેલ્લા આંકડા મુજબ ૬૬૪ સિંહોની સંખ્યા છે. હાલ સૌરાષ્ટ્રના પાંચ જીલ્લામાં સિંહોનો વસવાટ જોવા મળે છે. સમગ્ર એશિયાખંડમાં એકમાત્ર સૌરાષ્ટ્રમાં સિંહોનો વસવાટ છે. આ દિવસ જંગલના રાજાની ઉજવણી કરવાની અને તેની સુખાકારી અને સંરક્ષણ વિશે જાગૃત્તિ લાવવાની તક છે. સિંહોનો શિકાર, વસવાટનો વિનાશ, માનવ-સિંહ વચ્ચેના સંઘર્ષ જેવા જોખમો વિશે ચિંતા વ્યક્ત કરવાનો દિવસ છે. આજના દિવસના મુખ્ય ધ્યેય જાતને બચાવવા માટે જાનવરોના રાજાને બચાવવાનો સંદેશ છે. આશરે ચાર મિલિયન વર્ષો પહેલા સિંહો યુરોપ, આફ્રિકા, એશિયા અને મધ્ય પૂર્વમાં તેમના કુદરતી વાતાવરણમાં રહેતા હતા. જો કે હવે દુનિયામાં આફ્રિકા અને એશિયા જેવા બે જ સ્થળોએ જોવા મળે છે. બન્ને પ્રાંતોમાં સિંહ જોખમી પ્રજાતિઓની રેડ યાદીમાં લુપ્તપ્રાય તરીકે સુચિબધ્ધ છે. આજે દુનિયામાં માત્ર ૩૦ હજારથી એક લાખ વચ્ચેની સંખ્યામાં સિંહો બચ્યા છે. છેલ્લા ચાર-પાંચ દાયકામાં સિંહોની વસ્તી લગભગ અડધી થઈ ગઈ છે. સિંહ વિશ્ર્વની સૌથી પ્રતિષ્ઠિત પ્રજાતિ છે. લગભગ દરેક ખંડો ઉપર અને હજારો સંસ્કૃતિઓમાં તેનું સ્થાન જોવા મળે છે તેને વનરાજ અથવા જંગલોનો રાજા પણ કહેવાય છે. સમગ્ર યુગમાં સિંહોનું સાંકેતિક મહત્વ હોવા છતાં આજે આફ્રિકા અને ભારતના ગીરમાં જ તે મુશ્કેલી વચ્ચે અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યા છે. સિંહો તેમના વિસ્તારના સર્વોચ્ચ શિકારી છે. તેઓ ટોળાના સૌથી નબળા પ્રાણીને નિશાન બનાવે છે. પર્યાવરણી સંતુલન અને શિકારની વસ્તીમાં રોગ નિયંત્રણમાં મદદ કરે છે.વિશ્ર્વમાં આપણો એક માત્ર દેશ એવો છે જ્યાં તેની વસ્તી વધી છે. સિંહ જેવું રાજવી બીજુ કોઈ પ્રાણી નથી. ચાલો આપણે સૌ જંગલના રાજાને આપણી આવનારી પેઢીઓ માટે આ દુનિયામાં રાખવા માટે બચાવવીએ. સિંહ એક જાજરમાન મોટી બિલાડી છે જેનું વજન ૫૦૦ પાઉન્ડ જેટલું હોય છે અને ૧૦ ફૂટ લાંબુ તેનું શરીર હોય છે. વાઘ પછી બિલાડી પરિવારનો બીજો સૌથી મોટો સભ્ય છે. જન્મ પછી તે તરત જ અવાજ કરી શકે છે પણ એક વર્ષના થાય ત્યાં સુધી ગર્જના કરી શકતા નથી. તેની ત્રાડ કે ગર્જના ૮ કી.મી. સુધી સંભળાય છે. સિંહ નિયમિત પણે સામાજીક જુથમાં રહેનારૂ પ્રાણી છે. ૧૦ થી ૧૫નું તેનું જુથ જે ૨ થી ૪૦ સભ્યો પણ થઈ શકે છે. કેન્યાના સવાનાના નર સિંહ માદાઓ વચ્ચે એકલા લીડરશીપ ભોગવે છે. તે દર કલાકે ૮૭ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. માદાઓ બચ્ચા ઉછેરની જવાબદારી સંભાળે છે. સિંહ લગભગ એક દિવસમાં વીસ પાઉન્ડ માંસ ખાય છે પણ ક્યારેક સો પાઉન્ડ પણ ખાય જાય છે. ઘણી માદાઓ એક સાથે બચ્ચાને જન્મ આપતી હોવાથી અન્ય માદાઓ પણ બીજા બચ્ચાને સ્તનપાન કરાવે છે. એક સમયે વિશ્ર્વભરમાં જોવા મળતા સિંહો હિમયુગ અને કુદરતી આબોહવા પરિવર્તનને કારણે એશિયા અને આફ્રિકામાં જ ટકી શક્યા છે. સિંહની પ્રજાતિ વિશ્વની સૌથી મોટી પ્રજાતિઓ પૈકી એક છે જેને પેન્થેરા લીઓ તરીકે ઓળખાય છે.

# આવતીકાલનું રાશિફળ

## તા.૧૦.૮.૨૦૨૫, રવિવાર ,સંવંત ૨૦૮૧, શ્રાવણ વદ એકમ, ધનિષ્ઠા નક્ષત્ર, શોભન યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે

**મેષ** (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
**વૃષભ** (બ,વ,ઉ) : સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.
**મિથુન** (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.
**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
**સિંહ** (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
**કન્યા** (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી, પરેજી પાલવ સલાહ છે.
**તુલા** (ર,ત) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.
**વૃશ્ચિક** (ન,ય) : નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
**મકર** (ખ,જ) : આર્થિક બાબતોમાં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
**કુંભ** (ગ,સ,શ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.
**મીન** (દ,ચ,ઝ,થ) : ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૮-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૭:૦૦ હરી ૐ ફૌજ અને રાજગોર બ્રાહ્મણ યુથ કલબ દીક્ષાંત સમારોહ (લાઈવ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૮-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બેનામી ખીર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્કુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૮-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# અબતક પંચાગ

## તા.૧૦-૮-૨૦૨૫ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** શ્રાવણ વદ એકમ
**નક્ષત્ર** ઘનિષ્ઠા
**યોગ** શોભન **કરણઃ** તૈમિલ
**સુર્યોદય** ૬.૨૪ **સુર્યાસ્તઃ** ૭.૨૧
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સૂડોકુ -૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૨ | | | ૯ |
| | | | ૮ | ૭ | | | | ૨ |
| | ૩ | | ૫ | ૯ | ૬ | | | |
| | | ૪ | | | | ૨ | | ૫ |
| | | | | | ૩ | | | ૧ |
| | | ૭ | ૨ | | | | ૩ | |
| ૯ | | | | | ૧ | | | |
| | ૨ | | ૩ | | | | ૫ | |
| ૪ | | | | | ૭ | | ૧ | ૬ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૫ | ૯ | ૨ | ૩ | ૮ |
| ૫ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૧ | ૪ | ૯ |
| ૨ | ૯ | ૩ | ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૮ | ૩ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૫ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૮ | ૭ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૯ | ૪ | ૮ | ૭ | ૧ | ૨ |
| ૭ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ | ૫ |

# વિદેશી મહિલા સાથે દુર્વ્યવહાર : ભારત વિરૂદ્ધ કોણ સક્રિય થયું છે???

તાજેતરમાં, તા. ૨૩ જુલાઈના અંકમાં જણાવ્યા મુજબ, બિહારમાં નેપાળી મહિલા સાથે દુર્વ્યવહારની ઘટના બની હતી. આ ઘટના સંદર્ભે મેં અગાઉ લખ્યું હતું કે, ભારતની છબી ખરાબ કરવા માટે એક સુગઠિત લોબી કાર્યરત છે. આ લોબીનો હેતુ વિશ્વમાં ભારત અંગે નકારાત્મક છબી ઉભી કરવાનો છે.આ પ્રકારની લોબી એવાં કાવતરા રચે છે કે જેના કારણે બીજા દેશોના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, ભારતમાં આવવાનું ટાળે. આ માટે ક્યારેક ઈરાદાપૂર્વક વિદેશી નાગરિકો સાથે, ખાસ કરીને મહિલાઓ સાથે, દુર્વ્યવહારના બનાવો સર્જવામાં આવે છે. આવા બનાવો દ્વારા ભારતની પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન મૂકવાનો પ્રયાસ થાય છે. હાલમાં પણ કેટલાક દેશો ભારતને બદનામ કરવા માટે આવા કાવતરા ઘડી રહ્યા છે. તેમાંથી આપણા માટે સૌથી મોટો પડકાર છે - આપણા રાજનેતાઓ અને નેતાઓની સુરક્ષા. બદલાતા વૈશ્વિક સંજોગોમાં, અમેરિકા સહિત કેટલાક દેશોને ભારતના સ્વતંત્ર નિર્ણયો ગમતા નથી. પરિણામે, આપણા સુરક્ષા એજન્સીઓને વધુ સાવચેતી રાખવી ફરજિયાત છે.અગાઉ લખ્યા મુજબ, વિદેશી મહિલા નાગરિકોની સુરક્ષા અને આપણા રાજનેતાઓની સુરક્ષા માટે હવે વધુ કમર કસવી પડશે. સાથે સાથે, નજીકના ભવિષ્યમાં ભારતની વિદેશ નીતિમાં મૂળભૂત અને વ્યાપક ફેરફારો થવાના છે જે અંગે હું પહેલાથી ઉલ્લેખ કરી ચૂક્યો છું.


જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# સોમનાથ કોરીડોર મામલે હવે આરપારની લડાઈનો રણટંકાર

## બ્રહ્મપુરી ખાતે અસરગ્રસ્તોની બેઠકમાં સરકારે જાહેર કરેલ જમીન સંપાદનના ભાવો કરાયા નામંજૂર

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર આસપાસ કોરીડોર નિર્માણ અર્થે પ્રભાસપાટણ ગામના મંદિર આસપાસના વિસ્તારોના મકાન ખૂલ્લી જમીન અને મિલ્કત સંપાદન કરવાની વહીવટી કાર્યવાહી ઝડપભેર આગળ વધી રહી છે.

આ અંગે વહીવટીતંત્રે ગામન આગેવાનોને બોલાવી જણાવ્યુ હતુ કે મિલ્કત ધારકોને વર્ષ ૨૦૧૧ની જંત્રી મુજબ ભાવના ચાર ગણા અને બાંધકામનો ઘસારો બાદ કરીને બે ગણા રૂપીયા ચુકવવાની જાહેરાત કરી હતી. અને આ ઉપરાંત વધારાના ૧૫ થી ૨૦ ટકા વળતર માટે પણ સરકારમાં દરખાસ્ત કરવામાં આવશે.



અસરગ્રસ્તો અને નાગરિકોની બેઠકમાં જણાવતાં સૌએ એકી અવાજે અસ્વીકાર્ય હોવાનું જણાવ્યું હતુ. અને લડત આગળ ચલાવવા તથા વહીવટી તંત્ર સાથે વાટાઘાટો કરવા પ્રભાસપાટણ હિતરક્ષક સમિતિની રચના કરવામાં આવી અને ૩૮૪ અસરગ્રસ્તોને આગળના પગલા અંગે ફોર્મ ભરી જવા જણાવાયું.

સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા આ બેઠકમાં હાજર રહ્યા હતા અને તેને વહીવટી તંત્ર સાથે કરેલ વાતચીતની વિગતો આપી હતી. બેઠકમાં અગ્રણી હેમલ ભટ્ટે જણાવ્યું કે ૧૦૦ ગજના અંદાજે ૨૭ થી ૨૮ લાક મળે ૧૨૫ ગજનું મકાન ૩૫ લાખ મળે.

વધારીને કદાચ ૪૦ લાખ પણ કરે તો પણ જનતાએ આ મિલ્કતની કિંમત અપૂરતી ગણી અમારે મિલકત નથી આપવી તેમ અવાજ ઉઠ્યો હતો. વહીવટી તંત્રે મકાન ભાડે ગોતી દેશું તેવું કીધું છે પણ જેમાં વિશ્વાસ બેસે તેમ નથી.

અગ્રણી બાલાભાઈ શામળાએ મુલાકાતમાં જણાવ્યું કે પહેલા ૬૨ જણાનો ફેસ ૨ લેવાનો થાય છે. તેમ વહીવટી તંત્રે જાહેર કર્યું છે. ૨૦૧૧ની જંત્રી મુજબ મળનારી રકમ અપૂરતી અને બહુ જ ઓછા ભાવ છે. બેઠક અંતે સર્વસમાજવતી હિતરક્ષક સમિતિ લડશે જેના અધ્યક્ષ સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટ રહેશે. કોરીડોર અસરગ્રસ્ત કુલ ૨૫૦૦૦ ચોરસ મીટર રહેણાંક મકાન ૨૪૧, હોટલ ગેસ્ટહાઉસ ૭૨, ધાર્મિક મિલ્કતો ૯, સમાજની વાડીઓ ૩, ધર્મશાળા ૩, દુકાન ૬, ખુલ્લા પ્લોટ ૨૩, સરકાર હસ્તકની મિલ્કત ૨૨ મળી કુલ ૩૮૪ મિલકતોને અસર કરશે.

# ચોટીલા ખાતે ભારત ગૌરવ યાત્રા - તિરંગા યાત્રામાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા

## ચોટીલા એજ્યુકેશન ટ્રસ્ટ અને મદદનીશ ગ્રંથાલય નિયામક કચેરી આયોજીત તિરંગા યાત્રામાં ૧૦૦ ફૂટના બે રાષ્ટ્રધ્વજ આકર્ષણનું કેન્દ્ર બન્યું

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

૧૯૪૨ના ઐતિહાસિક ભારત છોડો આંદોલનની ૮૩મી જંયતી અવસરે તથા હર ઘર તિરંગા અને નારી વંદન ઉત્સવ અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) ખાતે ભારત ગૌરવ યાત્રા - તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન થયું હતું. નવી પેઢી આપણી આઝાદીની લડત અને તેમાં નામી-અનામી સ્વાતંત્ર્ય-સેનાનીઓ અને શહીદ-વીરો આપેલ બલિદાનથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટ તથા મદદનીશ ગ્રંથાલય નિયામકની કચેરી (રાજકોટ) દ્વારા આ પ્રેરક



આયોજન કરાયું હતું. સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

:: આલેખન :: પિનાકી મેઘાણી

ચોટીલા નાયબ કલેકટર એચ.ટી. મકવાણા (જીએએસ), ચોટીલા નગરપાલિકા પ્રમુખ અલકાબેન મુકેશભાઈ શાહ, ચામુંડા ડુંગર મહંત પરિવારના જગદીશગીરીબાપુ ગોસાઈ, યાત્રાના આયોજકો : ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી સહિત મોટી સંખ્યામાં નગરજનો, શિક્ષકો અને વાલીઓની ઉપસ્થિતિ રહી હતી.

જે. વી. એચ. દોશી પ્રાથમિક શાળા, આર,.ટી. શાહ પ્રાથમિક શાળા, જે. યુ. કોઠારી પ્રાથમિક શાળા અને એન. એન. શાહ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ગોંડલના બાલાશ્રમ રોડની બદતર હાલત સુધારવા આપ નેતા નિમીષાબેન ખૂંટે પ્રમુખની ઓફીસ સામે કર્યા ધરણા

## પાલીકા કચેરીમાં ઉપવાસના પગલે પદાધિકારીઓની ખાત્રી બાદ આંદોલન સમેટાયું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ નાં બાલાશ્રમ થી આશાપુરા નર્સરી જવાનો માર્ગ બદતર હાલત માં હોય આમ આદમી પાર્ટી દ્વારા અઠવાડીયા થી રજુઆત સાથેનું આંદોલન છેડાયુછે.આજે આપ નાં પ્રદેશ ઉપાધ્યક્ષ નિમિષાબેન ખુંટે 'ગાપાલ ઈટાલીયા' સ્ટાઈલ અપનાવી નગરપાલીકા કચેરી માં પ્રમુખ ની ચેમ્બર સ આમે ધરણા પર બેસી જતા તેમની માંગ ને લઈ ને દોડી આવેલા પાલીકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણીએ તાકીદે યોગ્ય કરવાની ખાત્રી આપતા ઉપવાસ આંદોલન સમેટાયુ હતુ.



નદીનાં કાંઠે બાલાશ્રમ થી આશાપુરા નર્સરી તરફ જતા માર્ગ ની હાલત બદતર બની હોય ખેડુતો હાલાકી ભોગવી રહ્યાની રજૂઆત નિમિષાબેન ખુંટ દ્વારા કેટલાક દિવસો થી કરાઈ રહી હતી.ડેમ પાસે રોડ પર સેવાળ જામી જવાથી ટુ વ્હિલ ચાલકો લપટી પડતા હોવાની રજૂઆત પણ કરાઈ હતી.

આ મુદ્દે થોડા દિવસ પુર્વે હોસ્પિટલ ચોક તથા નગરપાલિકા કચેરી માં આપ દ્વારા બેનરો સાથે વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

દરમ્યાન આજે નિમિષાબેન ખુંટ બેનર સાથે રોડબનાવવાની માંગ લઈ નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણીની ચેમ્બર સામે ધરણા પર બેસી ગયા હતા. નિમિષાબેન ખુંટ અને કેટલાક પદાધિકારીઓ વચ્ચે શાબ્દિક તડાફડી બોલી હતી. દરમ્યાન પાલીકા પ્રમુખ અશ્વીનભાઈ રૈયાણી દોડી આવી. સેવાળ માં લપટતા લોકોનો પ્રશ્ન તત્કાલ હલ કરી વધુમાં બાલાશ્રમ થી આશાપુરા નર્સરી સુધીનો માર્ગ બાવીસ દિવસ માં તૈયાર કરી આપવાની ખાત્રી આપતા આખરે નિમિષાબેન ખુંટે આંદોલન સમેટ્યુ હતું.

### સાતમ-આઠમના તહેવારોને લઈને

# જામજોધપુર માર્કેટીંગ યાર્ડ તા.૧૩ થી ૧૯ સુધી બંધ રહેશે

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

આગામી દિવસોમાં સાતમ આઠમના પવિત્ર તહેવારને કારણે જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં તા.૧૩ થી ૧૯ મંગળવાર સુધી જણસીની આવક હરાજી સહિત તમામ કામકાજ બંધ રહેશે તા.૨૦ બુધવારથી હરાજી સહિત તમામ કામકાજ ચાલુ થશે.

# જામકંડોરણાઃ ઘણુ લાંબુ જીવો જયેશભાઈ રાદડીયા...સોનુબેને બાંધી રાખડી



**અબતક, પ્રવીણ ડોંગા, જામકંડોરણાઃ** રક્ષાબંધનના પાવન પર્વ પર ડોક્ટર (સ્કીન ડર્મેટોલોજીસ્ટ) સોનુ બેને રાદડિયાએ એમના લાડકવાયા ભાઈ ધારાસભ્ય જયેશ રાદડિયા તેમજ લલિત રાદડિયાને કુમકુમ તિલક કરી આરતી ઉતારી મોઢું મીઠું કરાવી રાખડી બાંધીને રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી કરી મારો ભઈલો જીવનમાં ખૂબ આગળ વધે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદીક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન બોર્ડના પ્રમુખ ડો.સંજય જીવરાજાનીનો આજે જન્મદીવસ

**શહેરના જાણીતા આયુવેદીક નિષ્ણાંત ડો. સંજય જીવરાજાનીનો આજે જન્મ દિવસ છે. તેઓ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીની ચુંટણીમાં તેઓ પ્રમુખ તરીકે બિનહરિફ ચુંટાયા છે. તેઓ ભાજપ ડોકટર સેલના મેમ્બર અને વૈદસભાના કારોબારી સભ્ય અને ગ્રીનરી ફાર્મના ડાયરેકટર છે. તેઓ છેલ્લા વીસ વર્ષથી આવિષ્કાર બીજો માળ રેસકોર્ષ રોડ સ્ટાર ચેમ્બરમાં પ્રેકટીસ કરી રહ્યા તેઓ અનેક દર્દીઓનું ૩ થી ૪૫ કિલોનું વજન ઘટાડેલું છે. કોઈપણ જાતની આડ અસર વિના અને ડાયટ વગર વજન છે. તેઓ અનેક સામાજીક પ્રવૃતિ સાથે જોડાયેલી છે. તેઓ વ્યકિતત્વ ધરાવે છે. સાથે સાથે પોતાના કર્મનિષ્ઠ અને ઉદાર ભાવનાથી દર્દીઓની સેવા કરે છે. આજે તેમના જન્મ દિવસે મો. નં. ૮૨૦૦૫૬૨૫૭૯ પર સ્નેહીજનો તેમજ સામાજીક તેમજ રાજકીય આગેવાનો સહિતના લોકો શુભેચ્છા વર્ષા આપી રહ્યા છે. આર્યુવેદ ડોકટર તરીકેની સફળ પ્રેક્ટિસની સાથે સાથે ડોક્ટર સંજયભાઈ જીવરાજા ની આયુર્વેદિક સંશોધન ક્ષેત્રે પણ મહા યોગદાન આપનાર તજજ્ઞ તરીકે જાણીતા છે તેમણે આર્યુવેદિક પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ નું ઊંડાણ પૂર્વકનું અધ્યયન કરી કેન્સર ફેફસાના રોગો સહિત અનેક હઠીલા રોગો ના ઉપચારમાં ચમત્કારિક પરિણામો મેળવ્યા છે એટલું જ નહીં પરંતુ એલોપેથિક ના આ યુગમાં ગ્રામ્ય વિસ્તારથી લઈને પ્રબુદ્ધ નાગરિકો નાની મોટી બીમારીઓથી લઈને હઠીલા રોગો માટે આયુર્વેદિક ઉપચાર લેતા થયા છે ડોકટર સંજયભાઈ જીવરાજાની ને આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવામાં સફળ ડોકટર તરીકે તેમની અક્સિર સેવાની લોકો સરાહના કરી રહ્યા છે.**



**-:: જાહેર નોટિસ ::-**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ ખોખરી રેવ. સર્વે નં.૧૦૧ પૈકીના પ્લોટ નં. ૨૭ ની દક્ષિણ તરફની જમીન ચો.વાર.આ. ૩૦૮-૨૫ જમીનના ઉતરોતર ટાઈટલ ડીડઝની ફાઈલમાં વિક્રમસિંહ રવુભા તથા ફતેસિંહ રવુભા જાડેજા વચ્ચે રજીસ્ટ્રર વહેંચણી દસ્તાવેજ નં. ૧૮૨, તા. ૦૫/૦૨/૨૦૨૦ વાળુ ડોકયુમેન્ટ ફતેસિંહ રવુભા જાડેજા ના જણાવ્યા અનુસાર આ ડોકયુમેન્ટ ગુમ થયેલ છે ખોવાયેલ છે. સદરહું ડોકયુમેન્ટની હાલ ખરી નકલ ઉપલબ્ધ છે. જેથી આ જાહેર નોટીસ દ્વારા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે સદરહું ડોકયુમેન્ટ કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, બેંક, મંડળી, કંપની કે કોઈને મળેલ હોય ગીરો તરીકે તારણમાં રાખેલ હોય કે આ મિલ્કતના કોઈપણ ટાઈટલ સબંધે વાંધો, તકરાર, કે લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો હોય તો તેને નીચેના સરનામે દિવસ-૭ (સાત) માં લેખીત વાંધા સાથે રૂબરૂ રજુઆત કરવી અને જો મુદત દરમ્યાન જો કોઈ વાંકો તકરાર નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ ઘટતી કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો હકક, દાવો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

પડધરી તા. ૦૮/૦૮/૨૦૨૫

વિપુલ પી. કોટક
એડવોકેટ
તે મારા અસીલની સુચનાથી

ઓફીસઃ- ''ડોડીયા ચેમ્બર્સ''બેંક ઓફ ઈન્ડીયા સામે,પડધરી. જી. રાજકોટ
મો. ૮૦૦૦૮ ૮૮૦૮૮, ૮૮૬૬૩ ૦૦૦૦૦

ફતેસિંહ રવુભા જાડેજા

# તહેવાર ટાણે જ ડબલ ટ્રેકના કામગીરીને લઈને વધુ આઠ ટ્રેનની અસર

## ભાવનગર ઓખા એક્સપ્રેસ રદ: મુંબઈ ઓખા સૌરાષ્ટ્ર મેલ આંશિક રીતે રદ

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં ચાલતા ડબલ ટ્રેકના કામને કારણે ૨૦ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે. આ કામગીરી લાંબાગાળે મુસાફરીને વધુ ઝડપી અને સુવિધાજનક બનાવશે. આ વિકાસકાર્યના સમયગાળા દરમિયાન, કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક આંશિક રીતે રદ અથવા મોડી ઉપડશે. આ કામગીરી ભવિષ્યમાં વધુ સારી અને ઝડપી રેલ સેવા માટે પાયારૂપ સાબિત થશે.ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૨૧.૦૮ અને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૨૨.૦૮.ના રદ રહેશે.

મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ૨૧.૦૮ ના જામનગર-ઓખા અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ૨૦.૦૮. ના હાપા-ઓખા અને ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ૨૨.૦૮.ના ઓખા-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ૨૩.૮. ના ઓખા-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૨૨.૦૮ ના ૫ કલાક અને ૪૫ મિનિટ મોડી ઉપડશે.પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ૨૨..૨૦૨૫૮.૨૦૨૫ ના ૧ કલાક અને ૧૦ મિનિટ મોડી ઉપડશે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**એસએલઆર/વીપીના ભાડા પટ્ટાના કરાર માટે ઈ-હરાજી**

એસએલઆર/વીપીના ભાડા પટ્ટાના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. આ કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલાથી જ ઓનલાઈન પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

**કેટલોગ નંબર:** E-SLR-RJT-07-25, **તા.: ૦૬/૦૮/૨૦૨૫**

**કરારનો પ્રકાર:** એસએલઆર/વીપીના ભાડાપટ્ટા

**લોટ નં.:** ૧) ૨૨૭૧૭-SLR-F૧, ૨) ૨૨૯૬૦-SLR-R૧, ૩) ૨૨૯૦૫-SLR-R૧

**કરારનો સમયગાળો:** ૦૨ વર્ષ

**લોટ શરૂ થવાની તારીખ અને સમય:** બધા લોટ માટે ઈ-હરાજી ૨૧-૦૮-૨૫ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે.

**ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોનઃ પશ્ચિમ રેલવે, વિભાગઃ વાણિજ્યિક, રાજકોટ મંડળના શીર્ષક હેઠળ** www.ireps.gov.in **(ઈ - ઓકશન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

RJT 093

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


**-:: જાહેર નોટીસ ::-**

જ.મ. કેસ નં. ૮૨/૨૦૨૫

(૧) શ્રી ભવાણીયા વિક્રમભાઈ ગોરધનભાઈ
રહે. મુ. માનપર, તા. મુળી, જિ- સુરેન્દ્રનગર ..........અરજદાર

**વિરૂધ્ધ**

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રી, માનપર, તા.મુળી. જિ. સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ. એકટ ૧૩ (૩) મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓના દાદીશ્રી સ્વ. ગોમતીબેન ધરમશીભાઈ ભવાણીયાનું મરણ તા. ૧૨/૦૬/૧૯૮૧ ના રોજ મુ. માનસર તા. મુળી જિ. સુરેન્દનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
એકઝીકયુટી મેજીસ્ટ્રેટ
મુળી તાલુકો

**-:: જાહેર નોટીસ ::-**

જ.મ. કેસ નં. ૯૦/૨૦૨૫

(૧) શ્રી દેત્રોજા રૈયાભાઈ જાદવભાઈ,
રહે. મુ. માનપર, તા. મુળી, જિ- સુરેન્દ્રનગર ..........અરજદાર

**વિરૂધ્ધ**

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રી, માનપર, તા.મુળી. જિ. સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ. એકટ ૧૩ (૩) મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓના પુત્રશ્રી બેચરભાઈ રૈયાભાઈ દેત્રોજાનો જન્મ તા ૦૮/૦૮/૨૦૧૭ ના રોજ મુ. માનસર તા. મુળી જિ. સુરેન્દનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
એકઝીકયુટી મેજીસ્ટ્રેટ
મુળી તાલુકો


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 141-2025-26 થી 144-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 141-2025-26 | રાજકોટ-જેતલસર વિભાગ: ગોંડલ, વીરપુર અને રિબડા સ્ટેશન પર સ્ટાફ ક્વાર્ટર્સનું સમારકામ. | 1,02,43,422.56 | 2,01,200.00 |
| 2 | 142-2025-26 | મંજૂર કાર્ય સામે હાલના બ્રિજ નં.46 (પીએસસી સ્લેબ 2x6.10 મીટર) નું વિસ્તરણ. પીઆરસીએલ વિભાગ પર કામગીરીની અવરોધો દૂર કરવા માટે સાવરકુંડલા ખાતે ડેડ એન્ડ પૂરો પાડવો. | 2,24,09,867.46 | 2,62,100.00 |
| 3 | 143-2025-26 | પીઆરસીએલ વિભાગ પર કામગીરીની અવરોધો દૂર કરવા માટે સાવરકુંડલા ખાતે ડેડ એન્ડ પૂરો પાડવો. | 71,50,999.33 | 1,43,000.00 |
| 4 | 144-2025-26 | રાજકોટ જેતલસર વિભાગ, એલએચએસ નંબર 44/બી ના સંપર્કમાં આવતા પાણીના પ્રવાહને રોકવા માટે વોટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ સાથે ડ્રેનેજ કાર્યમાં સુધારો.. | 1,97,85,585.06 | 2,48,900.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 15/08/2025 બિડિંગ બંધ થવાની તારીખ: 29/08/2025 NIT ને રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ - 06/08/2025 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે**

BVP 096

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સૂરજબગ ગાર્ડનમાં મોર્ડન લાઈબ્રેરી કન્સ્ટ્રક્શનઅને ડેવલોપમેન્ટ કરવાના કામ.(ત્રીજોપ્રયત્ન) | ૪,૫૦૦/- | ૨,૬૦,૧૦૦/- | ૨૬૦.૦૦ લાખ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સામાજિક આર્થિક માહિતીના સર્વક્ષણ નું કામ. (ત્રીજોપ્રયત્ન) | ૧,૧૨૫/- | ૫૦,૦૦૦/- | - |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| | ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૨/૦૯/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી -રાજ-૭૫૪ -૨૫-૨૬

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

## તંત્રી લેખ

# ગુજરાત રાષ્ટ્રપ્રેમમાં તરબોળ

ગુજરાત આજથી રાષ્ટ્રપ્રેમમાં વધુ તરબોળ થઈ જશે.

હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ અંતર્ગત ગુજરાતભરમાં આજથી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગાઅભિયાનનું થશે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના મુખ્ય ચાર શહેરો રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે ૨ થી ૩ કિલોમીટર લાંબી ભવ્ય તિરંગા યાત્રા યોજાશે.

જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં તિરંગા યાત્રા સાથે સ્વચ્છતા રેલી પણ યોજાશે.

૧૨ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ સ્થળો ખાતે સ્વચ્છતા સંવાદ કાર્યક્રમનું આયોજન કરાશે.

સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં કરવામાં આવશે. આ વર્ષે હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગની થીમ પર સમગ્ર રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાન યોજાશે.

રાજ્યના વિવિધ જિલ્લા મથક, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તાલુકાઓ અને ગ્રામ પંચાયતોમાં પણ તિરંગા યાત્રાની ઉજવણી થશે. આ યાત્રામાં રાજ્યભરની અનેક સંસ્થાઓ સહભાગી થશે. તિરંગા યાત્રા ઉપરાંત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં જનભાગીદારીથી સ્વચ્છતા યાત્રાનું પણ આયોજન કરવામાં આવશે અને શહેરોને સ્વચ્છ રાખવા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

રાજ્યના તમામ ઘર, દુકાન, ઉદ્યોગ ગૃહ, સરકારી કચેરી, ખાનગી કચેરી અને લારીઓ પર પણ ત્રિરંગા લહેરાવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, તિરંગા ચિત્ર સ્પર્ધા તથા તિરંગા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનું સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે. આ ઉપરાંત દેશના જવાનો અને પોલીસકર્મીઓને મોકલવા માટે બાળકો દ્વારા તિરંગા રાખડી પણ તૈયાર કરવામાં આવશે.

મંત્રી શ્રી સંઘવીએ કહ્યું હતું કે, રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ સહિતના મહાનગરોમાં અંદાજે ૨ કિલોમીટરના રૂટ પર ત્રિરંગા યાત્રા/મેગા પરેડ યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં નાગરીકો સહભાગી થશે.રાજ્યના વિવિધ સાંસ્કૃતિક વૃંદો દ્વારા વિવિધ સ્થળે જાણિતા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે.

સતીષ કે. મહેતા

# સરહદના સંત્રીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરતાં સાંસદ વિનોદભાઈ ચાવડા

## રાપરના લોધ્રાણી પોસ્ટ પર જવાનોને બહેનોએ રક્ષા સુત્ર બાંધ્યા

**અબતક,નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

રક્ષા બંધનના આગલા દિવસે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ સરહદના જવાનો સંગ રાપર તાલુકાનાં લોધ્રાણી બીએસએફ પોષ્ટ કુડા ૮૪ બટાલીયન કોસ્ટલ એરિયામાં ભાજપા મંડલ, વિધાર્થિનીઓ, વિવિધ સંસ્થાની બહેનો અને રાપર વિસ્તારની બહેનો સાથે જઈ રક્ષા બંધન ત્યોહાર ની ઉજવણી કરી હતી.

લોધ્રાણી બીએસએફ ૮૪ બટાલિયન જવાનો સાથે ઉજવણી કરવામાં આવી હતી. તેમજ ૦ પોઈન્ટ પર ફરજ બજાવતા દરેક






જવાનો ને મીઠાઈ નું બોક્ષ અને સાલ વડે સન્માન કરવામાં આવેલ તથા સહભોજન લીધું હતું. આ પ્રસંગે મહાનુભાવોમાં સી.ઓ ૮૪ બટાલિયન બી.એસ.એફ. શ્રી અનિલ કુમાર યાદવ શ્રી અક્ષય શર્માએ આવકાર આપી બટાલિયન જવાનો નો પરિચય આપ્યો હતો. સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ વીર જવાનો ને બિરદાવયા હતા. આ સાથે જનકસિંહ જાડેજા - જિલ્લા પંચાયત અધ્યક્ષ, દિલીપભાઈ દેશમુખ , રવિભાઈ ત્રવાડી, મોહનભાઈ ચાવડા, વિરમભાઈ આહીર, કિશોરભાઈ મહેશ્વરી, મયૂરસિંહ જાડેજા, અલ્પેશભાઈ પટેલ, હિતેશભાઈ ગોસ્વામી, કૌશીકભાઈ બગડા, દીપકભાઈ ડાંગર, ચાંદ ઠક્કર, વાડીલાલ સાવલા, નશાભાઈ દઈયા, જયદીપસિંહ જાડેજા, ડોલરરાય ગોર, કેશુભાઈ વાઘેલા, કાનજીભાઈ ગોહિલ, દિલિપ ધેડા, રામજીભાઈ મેરિયા, વિનોદભાઈ થાનકી, શક્તિસિંહ ઝાલા, વિવિધ સરપંચો, કેશરબેન બગડા, મનીષાબેન વેલાણી, હસ્મીતાબેન ગોર, આશિકાબેન ભટ્ટ, બબીબેન સોલંકી, બિન્દીબેન ભાટી, વીરીબેન સોલંકી રાબડીયા ઉર્વી બેન, માહી ભાટી, રાબડીયા પાર્વતીબેન, નિતાબેન પટેલ, શર્મિલાબેન પટેલ, દીપાલીબેન શુકલા, નિશાબેન અંતાણી વિગેરે હાજર રહ્યા હતા. બહેનોએ રાખડી બાંધી સરહદ ના સંત્રીઓ ને આશિષ પાઠવ્યા હતા. કાર્યક્રમ સંચાલન શ્રી રામજીભાઈ મેરીયા (ચોબારી) એ કરેલ.

# કૂર્મી સેના પાટીદાર સમાજ માટે કેડર બેઈઝ કાર્યકર્તાઓની નિમણુંક કરાશે : કાલાવડિયા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

કૂર્મી પટેલ વેલફેર ફાઉન્ડેશન સંચાલિત આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના આગામી સમયમાં પાટીદાર સમાજ માટે કટિબધ્ધ હોય તેવા કેડર બેઈઝ કાર્યકર્તાઓનું નિર્માણ કરવા જઈ રહેલ છે. તાજેતર માં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના નાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયા દ્વારા રાજકોટ - જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકા મથકો નાં પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું હતું જે દરમિયાન કૂર્મી સેના નાં હોદ્દેદારો અને પાટીદાર સમાજ નાં આગેવાનો સાથે બેઠકો યોજીને



તસવીર શહેઝાદ બાદશાહ ઉપલેટા

સામાજિક એકતા માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રવાસ દરમિયાન આંતરરાજ્ય લગ્નોત્સવ અભિયાન બાબતે ઉપલેટા - માણાવદર - વિસાવદર મુકામે પટેલ સમાજ ખાતે જૂથ સભા માં પોતાના વિચારો વ્યકત કરતા જિજ્ઞેશ કાલાવડિયા એ જણાવ્યું હતું કે આ અભિયાન દ્વારા દેશમાં અલગ અલગ રાજ્યોમાં વસવાટ કરતા ૨૫ કરોડ થી વધુ કણબી કે કૂર્મી જાતિ નાં લોકોની સામાજિક એકતા સ્થાપિત થશે. પરસ્પર રોટી બેટી નો વ્યવહાર સ્થાપિત કરવો એ લાંબા ગાળાનું અભિયાન છે જેના પરિણામો આવતા વર્ષો પણ લાગી શકે તેમ છે. પાટીદાર સમાજ માટે વિવિધ ૧૫ જેટલા વિષયો પર કૂર્મી સેના દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં પાટીદાર સમાજ માં વૈચારિક ક્રાંતિ માટે સાહિત્ય પ્રકાશન અને સાંસ્કૃતિક કાર્યક્રમો નું વિશેષ આયોજન કૂર્મી સેના દ્વારા કરવામાં આવશે. કૂર્મી સેના નાં પ્રવક્તા કિશન વેકરીયા અને રાષ્ટ્રીય કારોબારી સભ્ય ભાવેશ માખેસણા આ પ્રવાસમાં સાથે જોડાયા હતા. આ તકે ત્રણેય જિલ્લામાં કૂર્મી સેના નું સંગઠન મજબૂત કરવા માટે વિવિધ હોદ્દેદારો ની નિમણૂક પણ કરવામાં આવી હતી.

## ફાટસર ગામે સવા લાખ બિલ્વ પત્રથી શિવભક્તોએ કેદારેશ્વર મહાદેવની કરી મહાપૂજા



**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામે પવિત્ર મછુન્દ્રી નદીના કાંઠે સેકડો વરસ જૂનું પૌરાણિક મંદિર કેદારેશ્વર મહાદેવ નું આવેલ છે. ત્યાં પવિત્ર શ્રાવણ માસ નિમિતે કેદારેશ્વર યુવક મંડળ દ્વારા સવાલાખ બિલ્વપત્ર ની મહા પૂજા યોજાઈ હતી જેમાં ૫૧થી વધુ શિવભક્તો દવારા શાસ્ત્રોક વિધિથી ઓમ્ નમઃ શિવાય ના મંત્ર જાપ સાથે શિવ લિંગ ઉપર બિલ્વ પત્ર ચડાવી પૂજા કરી હતી. પૂજા પૂર્ણ થયે આરતી અને મહા પ્રસાદ યોજાયો હતો.

## ઉપલેટાઃ ત્રિલોકનાથ મહાદેવ મંદિરમાં ભોળાનાથને સ્ટેશનરીનો શણગાર

**અબતક, કિરીટ રાણપરીયા,ઉપલેટા**



ઉપલેટામાં બસ સ્ટેન્ડ ની પાછળ આદર્શ સોસાયટીમાં આવેલ વર્ષો જૂના ત્રિલોકનાથ મંદિરમાં પૂજારી પ્રશાંતભાઈ ગોસ્વામી દ્વારા ભોળાનાથને ભણવામાં ઉપયોગમાં લેવાતી જેવી કે ચેકરબર, બોલપેન, પેન્સિલ, કલર સહિતની સ્ટેશનરીનો ઉપયોગ કરી ભોળાનાથ ને શણગાર કરવામાં આવ્યો હતો આ શણગારનો મહાદેવના ભક્તોએ દર્શનનો લાવો લીધો હતો ભોળાનાથને જે સ્ટેશનરીનો શણગાર કરવામાં આવ્યો હતો તે તમામ વસ્તુઓ ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી

## સોમનાથઃ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લેતા સતીકુંવર ટ્રસ્ટના આગેવાન


**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સામાજીક અગ્રણી અને લોકહિત સેવાઓ પૂરી પાડનારા સ્વ.પુનમબેન સોની સ્વ.અરવિંદભાઈ પ્રભુદાસભાઈ સતીકુવર પ્રેરીત સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટના પ્રેરક મીનાબેન રમેશભાઈ જાદવ દ્વારા ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગર રૂબરૂ મુલાકાત કરી સોમનાથ મહાદેવ સ્મૃતિ ચિન્હ ફોટો પ્રસાદી સાથે મુખ્યમંત્રીને સન્માનીત કરવામાં આવ્યા.



## રાજકોટ મહાપાલિકાના દંડક મનિષ રાડિયાનો જન્મદિન

રાજકોટ મહાનગરપાલિકાની શાસકપક્ષ દંડક તથા વોર્ડ નં.૨ના કોર્પોરેટર મનિષભાઈ રાડિયાનો આજે જન્મદિવસ છે. મનીષ રાડિયાનો જન્મ વર્ષ ૧૯૬૪ની ૯ ઓગષ્ટ ઈસ્ટ આફ્રિકા મોમ્બાસા ખાતે થયો હતો. તેઓ આજે જીવનના ૬૦ વર્ષ પૂરા કરી, ૬૧માં વર્ષમાં પ્રવેશ્યા છે. તેમણે ૧૯૬૮થી રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવી છે. ૨૦૧૫થી કોર્પોરેટર તરીકે ચૂંટાયા બાદ તેઓએ પ્રથમ અઢી વર્ષે આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે યશસ્વી કામ કરી હતી ત્યારબાદના અઢી વર્ષ બાંધકામ સમિતિ ચેરમેન તરીકે જવાબદારી સંભાળેલ. હાલ તેઓ શાસકપક્ષ દંડક તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.



તેમના કાર્યકાળ દરમ્યાન કોર્પોરેશનને આરોગ્ય ક્ષેત્રમાં ઘણા એવોર્ડ મળેલ. ત્યારબાદ અઢી વર્ષ સુધી બાંધકામ સમિતિના ચેરમેન તરીકેના કાર્યકાળમાં શહેરના ઘણા વિસ્તારમાં અન્ડરબ્રીજ તેમજ ઓવરબ્રીજ તથા શહેરીજનોને ઉપયોગી નાના-મોટા વિકાસ કામોની હારમાળા સર્જેલ છે. તેઓ વૈદ્ય વિષારદ અને આયુર્વેદ રત્નની ઉપાધી ધરાવે છે. પ્રજાકાર્યોમાં સતત સક્રિય રહી, તેઓએ વોર્ડ વિસ્તારના રહેવાસીઓ સાથે આત્મીય નાતો જાળવ્યો છે. લોક સમસ્યાના ત્વરિત ઉકેલ માટે તેઓ હરહમેંશ પ્રયત્નશીલ રહે છે. આથી જ પાર્ટીએ તેમને સતત બીજી વખત ટીકીટ આપતા, તેઓએ પાર્ટીના તેમના પરના વિશ્વાસને હકીકતમાં ફેરવ્યો છે. તેઓ સતતપણે લોકોના દુઃખમાં કે સુખમાં લોકોની સાથે રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિતે તેમના પરિવારજનો વિવિધ સંસ્થાઓ, આગેવાનો તેમજ મિત્રો દ્વારા મો.૯૮૨૪૫ ૮૧૯૯૯ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

### રાજકોટના ખંઢેરીના આંગણે સંસ્કૃત્તિનો અનોખો સંગમ

# આહીર સમાજના કલા-રત્નોનું કાલે સ્નેહમિલન અને લોકડાયરો

### આહીર સમાજના લેખકો, સંગીતકારો અને ગાયક કલાકારો એક મંચ પર આવશે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

સૌરાષ્ટ્રની ધબકતી લોકસંસ્કૃતિ અને કલાના વારસાને વધુ ઉજાગર કરતો એક ભવ્ય કાર્યક્રમ રાજકોટના આંગણે યોજાવા જઈ રહ્યો છે. આહીર સમાજના ગૌરવ સમાન કલાકારો, સંગીતકારો અને લેખકોને એક મંચ પર લાવી તેમના કલા-કસબને બિરદાવવાના ઉમદા હેતુ સાથે આહીર સમાજ દ્વારા અનમોલ રત્નોનુ એક વિશેષ સ્નેહ મિલન સમારોહ અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સમાજના એવા અણમોલ



રત્નોને સમર્પિત છે, જેમણે પોતાના સર્જન થકી ગુજરાતી સાહિત્ય, સંગીત અને ગાયકીને સમૃદ્ધ બનાવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આયોજન ખંઢેરીના સમાજ અગ્રણી રાજેશભાઈ ડાંગર દ્વારા કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સાંસ્કૃતિક મિલનનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કલા-પ્રતિભાઓને એકબીજા સાથે જોડવાનો અને તેમના વચ્ચે વિચારોના આદાન-પ્રદાન માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ સ્નેહ મિલન એ માત્ર એક ઔપચારિક મેળાવડો ન રહેતાં, કલાકારો માટે એકબીજાની કલાને જાણવા, માણવા અને તેમાંથી પ્રેરણા મેળવવાનો એક અવસર બની રહેશે. સમાજના જે લેખકોની કલમે ડાયરાના દુહા-છંદને શબ્દો આપ્યા છે, જે સંગીતકારોએ પોતાના સુરોથી તેને સજાવ્યા છે અને જે ગાયકોએ પોતાના કંઠથી તેને જન-જન સુધી પહોંચાડ્યા છે, તે તમામ પ્રતિભાઓ આ દિવસે એક સાથે ઉપસ્થિત રહીને કલાની સરવાણી વહાવશે.

આ ભવ્ય કાર્યક્રમની તારીખ અને સમય પણ નક્કી કરી દેવામાં આવ્યા છે.

# કોટડા સાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજ દ્વારા કાલે સરસ્વતી સન્માન સમારંભ

**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજનો સરસ્વતી સન્માન સમારંભ ૧૦મીએ પડવલા ખાતે કાર્યક્રમ આ સમારંભમાં ૧૦૦ શ્રેષ્ઠ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફૂલડે વધાવાશેઃ એસ.પી. પ્રદિપસિંહજી જાડેજાનું વિશેષ સન્માન કરવામાં આવશે.

રાજપૂત (ક્ષત્રિય) સમાજના ભવ્ય અને દિવ્ય સરસ્વતી સન્માન કાર્યક્રમનું પડવલા મુકામે આયોજન કરવામાં આવ્યુ છે.

કોટડાસાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજનો ૧૪મો વાર્ષિક સરસ્વતી સન્માન કાર્યક્રમ તા.૧૦-૦૮-૨૦૨૫ને રવિવારના રોજ તાલુકાના પડવલા ગામે યોજનાર છે.

આ કાર્યક્રમના યજમાન દાતા મુળુભા ચનુભા જાડેજા સમગ્ર કાર્યક્રમના ખર્ચ ઉપાડી ગામવતી યજમાન પદ શોભાવ્યુ છે. જ્યારે તાલુકા (ક્ષત્રિય) રાજપૂત પરિવારના ધો.૧ થી માસ્તર ડીગ્રી ધરાવતા શ્રેષ્ઠ પ્રતિભાશાળી દિકરા-દિકરીઓની પ્રતિભાઓનું મહનુભાવોના હસ્તે સન્માન થશે.

આ તકે ગુજરાત પોલીસમાં એસ.પી.નું પ્રમોશન મેળવનાર રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર પ્રદિપસિંહ જાડેજાનું ગૌરવ પુષ્કાર આપી સન્માનિત કરશે.આ કાર્યક્રમના અધ્યક્ષ તથા ઉદ્ઘાટક ધારાસભ્યો શ્રી મતિ ગીતાબા જે.જાડેજા (ગોંડલ) તથા શ્રી મતિ રિવાબા આર.જાડેજા (જામનગર) રહેશે. મહેમાનોમાં સા.રાઘવેન્દ્રસિંહજી (ભાડવા) ઠા.સા.રાજવિજયસિંહ (રાજપરા) ધર્મરાજસિંહ વાઘેલા (છબાસર) ડે.કલેકટર યોગીરાજસિંહ જાડેજા (હડમતાળા) દિગપાલસિંહ જાડેજા (પ્રોફેસર) પાંચતલાવડા, ડો.પાર્થરાજસિંહ જાડેજા (રાજપરા) ડો.રવિરાજસિંહ ગોહિલ-રાજકોટ સમાજના દાતા ઘોઘુભા (ઘંટેશ્વર) ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કોટડાસાંગાણી તાલુકા રાજપૂત (ક્ષત્રિય) સમાજના પમુખ બલભદ્રસીંહ (કાળુભા) જાડેજા પડવલા કાર્યકારી પ્રમુખો મહેન્દ્રસિંહ (ખરેડા) તથા પી.એસ.આઈ.ધર્મરાજસિંહ (માણેકવાડા) મહામંત્રી પરાક્રમસિંહ (માણેકવાડા) ઉપપ્રમુખ નરપતસિંહ જાડેજા (રાજપરા) ઉપપ્રમુખ ધર્મેન્દ્રસિંહ જાડેજા (હડમતાળા) મંત્રી કિશોરસિંહ તથા બાધુભા (પડવલા) સંગઠન મંત્રી (માણેકવાડા) પૃથ્વીરાજસિંહ (કોટડાસાંગાણી) ખજાનચી, હરદેવસિંહ (વેરાવળ), જયદેવસિંહ (સોળીયા), હરપાલસિંહ (વેરાવળ), મહાવીરસિંહ કિશોરસિંહ (આંબળીયાળા), ત્રીવેન્દ્રસિંહ (પડવલા) વનરાજસિંહ (વડિયા) તથા સમગ્ર કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. સ્થળઃ મુળુભા ચનુભા જાડેજા (પડવલા), જે.ડી.મેટલ, રાજપુત સમાજ ભવન, મુ-પડવલા, તા-કોટડાસાંગાણી, જી-રાજકોટ કાર્યક્રમ અંગે વધુ માહીતી માટે ૯૯૭૯૯૧૮૩૦૩ ઉપર સંપર્ક કરી શકાય છે.

# માણાવદર - બાંટવા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

### સભાસદોને વિવિધ ખાતર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર - બાંટવા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની ૭૨મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગયેલ જેમાં માણાવદર બાંટવા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના સભા અધ્યક્ષ ભગવાનજીભાઈ મૂળજીભાઈ સવાણીના અધ્યક્ષ સ્થાને ૭૨મી સાધારણ સભા પટેલ સમાજ માણાવદર ખાતે મળેલ હતી. આ સાધારણ સભામાં માણાવદર મતવિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી હાજર રહેલ જેમાં કૃષક ભારતીના ઓફિસર રાકેશભાઈ બામરોટીયા તથા જીએસએફસી એરિયા મેનેજર ડોડીયા હાજર રહેલ. સભાસદોને ખાતર અંગેની માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સંઘ લી.ના ડાયરેક્ટરોએ હાજરી આપેલ તેમજ આ કાર્યક્રમમાં સભાસદો બહોળી સંખ્યામાં હાજર રહેલ. આ કાર્યક્રમનું સંચાલન સંઘના મેનેજર મહિપતસિંહ ચાવડા તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.

### રામશર્મા આચાર્યના વિચારો મૂર્તિ મંત્ર કરવા

## માણાવદરઃ ગાંઠીલા ઉમાધામ ખાતે ગાયત્રી પરિવાર દ્વારા યોજાઈ જયોતિ કળશ યાત્રા




**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

ઉમાધામ ગાંઠીલા ખાતે શાંતિકુંજ હરિદ્વાર ગાયત્રી પરિવાર દ્વારા રામ શર્મા આચાર્યના વિચારોને મૂર્તિમંત કરવા અને વિચાર અને ક્રાંતિ અભિયાનના ભાગરુપે દિવ્ય જયોતિ કળશ યાત્રાનું આગમન થયું હતું. જેમાં છેલ્લા ૧૦૦ વર્ષથી પ્રજવલીત જયોત સાથે ગંગાજી પધરાવેલ કળશનું પુજન કરવામાં આવ્યું હતું. આ તકે હરિદ્વારના ગુરુદેવના પ્રતિનિધિઓનું મંદિર ટ્રસ્ટના મંત્રી મહેન્દ્રભાઈ કાલરીયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# માણાવદર ખાતે વૃક્ષોનું વાવેતર કરતા ધારાસભ્ય અરવિંદ લાડાણી

### ભાજપ કિસાન મોરચા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં અનેક વૃક્ષો વવાવા

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

ભાજપ કિસાન મોરચા દ્વારા આયોજીત વૃક્ષારોપણનો કાર્યક્રમ માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી હસ્તે કરવામાં આવ્યો હતો. જુનાગઢ જીલ્લા ભાજપ કિશાન મોરચાના મહામંત્રી રવિભાઈ ચાપાણી દ્વારા આયોજીત વૃક્ષારોપણના કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, શહેર ભાજપ પ્રમુખ નિરજભાઈ જોશી, પ્રદેશ લઘુમતી મોરચાના મંત્રી હુસેનભાઈ દલ, નગર પાલીકાના સદસ્યો, શહેર સંગઠનના હોદ્દેદારો, યુવા મોરચા મહામંત્રી નિતેશ પરમાર, લઘુમતી મોરચા



મહામંત્રી રફીક દલ સહીતના કાર્યકરોએ ભાગ લીધો હતો. સ્મશાનમાં વૃક્ષારોપણ વખતે ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ સ્મશાન ગૃહનું નિરીક્ષણ કરી હાજર કર્મચારીને બળતણ (લાકડા) ના સ્ટોક બાબતે જરૂરી સુચનાઓ આપી હતી.

# વિંછીયા નજીકથી ૪.૬૧૬ કિલોગ્રામ ગાંજા સાથે બોટાદનો શખ્સ ઝડપાયો

## ગઢડાનો શખ્સ વિંછીયા તરફ માદક પદાર્થની ડિલિવરી આપવા જતો'તોઃ રૂરલ એસઓજી ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૭૬,૧૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો



**અબતક, રાજકોટ**

વીંછિયા પાસેથી બોટાદના ગઢડાના મોટા સખપરના શખસને ગ્રામ્ય એસઓજીની ટીમે રૂ.૪૬ હજારની કિંમતના સાડા ચાર કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો. ગાંજાનો જથ્થો,બાઇક અને મોબાઇલ સહિત કુલ રૂ.૭૬,૧૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. આ શખસ પોતાના ખેતરના જ ગાંજાનું વાવેતર કરતો હોવાનું પોલીસની તપાસમાં ખુલવા પામ્યું છે. રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા હિમકર સિંહ દ્વારા રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરતા શખસો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હોય આ સૂચનાના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસઓજી પીઆઇ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઇ કે.એમ.ચાવડા તથા ટીમ વીંછિયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન એ.એસ.આઇ વિપુલભાઇ ગુજરાતી, હેડ.કોન્સ પ્રહલાદસિંહ રાઠોડ, વિજયભાઇ વેગડ તથા ચંદુભાઇ પલાળીયા, કોન્સ હિંમતસિંહ પાલને બાતમી મળી હતી કે, બાબુભાઇ વિરજીભાઇ ચૌહાણ (રહે, મોટા સખપર તા-ગઢડા) વાળો બાઇક નં. જીજે-૦૧-એલ.બી-૯૦૬૯ માં ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો લઇ પોતાના ગામ મોટા સખપરથી મોઢુકા થઇ વીંછિયા તરફ જવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતો. દરમિયાન બાબુ ચૌહાણના બાઇક લઇ પસાર થતા તેને અટકાવી તેની અંગ જડતી લેતા તેની પાસેથી ૪ કિલો ૬૧૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપી બાબુ વિરજીભાઇ ચૌહાણ (રહે, મોટા સખપર તા-ગઢડા જી-બોટાદ) ની અટકાયત કરી તેની પાસેથી ૪.૬૧૬ કિ.ગ્રા ગાંજો કિ.રૂ.૪૬,૧૬૦, મોબાઇલ,બાઇક સહિત કુલ રૂ.૭૬,૧૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી સામે વીંછિયા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એકટની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઝડપાયેલો શખસ ગાંજાનું પોતે તેના ખેતરમાં વાવેતર કરતો હતો અને ત્યારબાદ અલગ અલગ પેડલરોને વેંચી રોકડી કરતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું છે.

આ કામગીરીમાં રાજકોટ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ કે.એમ.ચાવડા તથા એ.એસ.આઇ. પરબતભાઇ શામળા, વિપુલભાઇ ગુજરાતી, હેડ.કોન્સ. શિવરાજભાઇ ખાચર, પ્રહલાદસિંહ રાઠોડ, વિરરાજભાઇ ધાધલ, વિજયભાઇ વેગડ, ચંદુભાઇ પલાળીયા, મયુરભાઇ વિરડા,અનિરૂધ્ધસિંહ જાડેજા, નૈમીષભાઇ મહેતા તથા કોન્સ વિજયગીરી ગોસ્વામી, ચીરાગભાઇ કોઠીવાર, કલ્પેશભાઇ કોઠીવાર, હિમતસિંહ પાલ, વિપુલભાઇ ગોહિલ,રામદેવસિંહ ઝાલા, નવદિપભાઇ બાબરીયા, નિર્મળસિંહ ચુડાસમા તથા એ.એસ.આઇ. અમુભાઇ વિરડા તથા હેડ.કોન્સ. નરશીભાઇ બાવળીયા સાથે રહ્યા હતાં.

**પોતાના ખેતરમાં જ ગાંજાનું વાવેતર કરી અલગ અલગ પેડલરોને આપી રોકડી કરતા હોવાનો પોલીસની તપાસમાં ખુલાસો**

# મોરબીના નામચીન બે શખ્સોને પાસા હેઠળ જેલમાં ધકેલાયા

## લૂંટના ગુના સંડોવાયેલો બેલડીની અટકાયત કરી સુરત અને વડોદરા જેલમાં ધકેલવા તજવીજ



**અબતક, મોરબી**

મોરબી તાલુકા પોલીસે લુંટના ગુનામાં સંડોવાયેલા બે યુવકો સામે પાસા એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે. જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વાએ મંજુર કરાયેલ પાસા દરખાસ્ત બાદ ઈસ્યુ કરવામાં આવેલ વોરંટની બજવણી અનુસંધાને બંને આરોપીઓની અટક કરી અલગ-અલગ મધ્યસ્થ જેલ હવાલે કર્યા છે. જેમાં એક આરોપીને સુરતના લાજપોર જેલમાં અને બીજાને વડોદરા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.કે. ચારેલે લુંટના ગુનામાં સંડોવાયેલા ઈસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલી હતી. જેથી કે.બી. ઝવેરીએ આરોપી સિકંદરભાઈ ઈકબાલભાઈ કટીયા ઉવ.૧૯ રહે.ગેબનસાપીર દરગાહ પાસે માળીયા(મી) અને આરોપી સિકંદરભાઈ ઉર્ફે સીકલો મુસ્તાકભાઈ હૈદરભાઈ કાજેડીયા ઉવ.૧૯ રહે.ઓસંસાપીર દરગાહ પાસે માળીયા(મી) વાળાની પાસા દરખાસ્તને મંજૂરી આપતા બંને આરોપીઓ સામે પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. જેથી બંને આરોપીઓને પકડી લેવા તાલુકા પોલીસ મથકની અલગ અલગ ટીમો તૈયાર કરી બન્ને આરોપીઓને ઝડપી લેવાયા હતા. જે બાદ આરોપી સિકંદર કટીયાને સુરત લાજપોર મધ્યસ્થ જેલ અને આરોપી સિકંદર કાજેડીયાને વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# લખતર નજીક ફાર્મ હાઉસમાંથી જુગારધામ ઝડપાયું

## જુગાર રમતા ૬ શખ્સોને કુલ રૂ.૭૩,૯૯૦નો મુદ્દામાલ સાથે કરી ધરપકડ

**અબતક,ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું જે દરમ્યાન ભડવાણા ગામથી તલવણી ગામ તરફ જતા રસ્તા પર આવેલ એક ફાર્મ હાઉસમાંથી જુગારધામ ઝડપી પાડી છ શખ્સોને જુગાર રમતા રોકડ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તમામ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ લખતર પોલીસ ટીમે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું તે દરમ્યાન ભડવાણા ગામથી તલવણી ગામ તરફ જતા રસ્તા પર આવેલ ભગીરથસિંહ રાણાના ફાર્મ હાઉસમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી જેમાં જુગાર રમતા છ શખ્સો (૧) ભગીરથસિંહ મહિપતસિંહ રાણા રહે. હાઉસીંગ બોર્ડ સુરેન્દ્રનગર (૨) પ્રદિપસિંહ વિક્રમસિંહ ઝાલા રહે. ડીસ્ટ્રીક્ટ બેન્ક પાછળ, વઢવાણ (૩) મહાવિરસિંહ દિલીપસિંહ જાડેજા રહે.ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડ વઢવાણ (૪) મયુરરાજસિંહ જગદિશસિંહ રાણા રહે. ૮૦ ફુટ રોડ, વઢવાણ (૫) અર્જુનસિંહ વનરાજસિંહ રાણા રહે.ઝાંપોદર તા.વઢવાણ (૬) અર્જુનસિંહ ગણપતસિંહ જાડેજા રહે. હાઉસીંગ બોર્ડ, વઢવાણવાળાને રોકડ રૂા.૭૦, ૧૯૦, ટેબલ નંગ-૧ કિંમત રૂા.૨,૦૦૦, ૬ ખુરશી કિંમત રૂા.૧,૮૦૦ કુલ રૂા.૭૩,૯૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ઝડપાયેલ જુગારીઓ મામલે મોડી રાત સુધી લાગતા વળગતા રાજકીય આગેવાનોએ ઉચ્ચ પોલીસ અધિકારીઓને મામલો રફે દફે કરવા ટેલીફોનીક સંપર્ક કર્યો હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.

# અમરેલીના મોટા ગોખરવાળા ગામ નજીક શેત્રુંજી નદીમાં ડુબી જતા યુવકનું મોત

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના મોટા ગોખરવાળા ગામે રહેતા અને મજૂરી કામ કરતા ૩૫ વર્ષીય મુકેશભાઈ કટારા નામના યુવકનું નદીમાં ડૂબી જવાથી મોત થયું હતું. ત્યાર બાદ બપોરે ૩:૧૫ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં મોટા ગોખરવાળા અને દેવળીયા ગામ વચ્ચે શેત્રુંજી નદીમાં એક વ્યક્તિ ડૂબી ગયાની ફાયર ઓફિસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ અને અમરેલી તાલકા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્રણ કલાકની ભારે જહેમત બાદ, ફાયર ટીમે ડૂબી ગયેલા વ્યક્તિનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ ૩૫ વર્ષીય પરપ્રાંતીય મજૂર મુકેશભાઈ કટારા તરીકે થઈ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે, જ્યારે સાથે રહેલા અન્ય ત્રણ યુવકોને પૂછ પરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, જેની આગળની તપાસ અમરેલી તાલુકા પોલીસે હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરઃ કોમ્પલેક્ષના ધાબા પરથી અજાણી મહિલાની લાશ મળી

## હોટલ પાસેથી અજાણ્યા પુરૂષની પણ લાશ મળી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં સતત બીજે દિવસે પણ અલગ-અલગ બે વિસ્તારોમાંથી એક મહિલા અને એક પુરૂષ સહિત બે વ્યક્તિની લાશ મળી આવી હતી જે અંગેની જાણ થતા સ્થાનીક પોલીસે સ્થળ પર પહોંચી બન્ને લાશનો કબ્જો લઈ પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ બાજુમાં આવેલ એક કોમ્પલેક્ષના ધાબા પર એક અજાણી મહિલાની લાશ પડી હોવાની જાણ કોમ્પલેક્ષના દુકાનદારો સહિત લોકોએ પોલીસને કરતા બી-ડિવીઝન પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને અજાણી મહિલાની લાશને કોમ્પલેક્ષના ધાબા પરથી નીચે ઉતારી પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથધરી હતી. જ્યારે અજાણી મહિલા કોણ છે? ધાબા પર ક્યાંથી અને કેવી રીતે આવી? તેમજ હત્યા છે કે અન્ય કોઈ કારણ તે દિશામાં હાલ વધુ તપાસ હાથધરી છે. જ્યારે બીજા બનાવમાં સુરેન્દ્રનગર-વઢવાણ રોડ પર આવેલ એક હોટલ પાસેથી શંકાસ્પદ હાલતમાં એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી જેની જાણ આસપાસના લોકો સહિત વાહન ચાલકોને થતાં આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને લાશનો કબ્જો લઈ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના રાજચરાડી ગામે જુગાર રમતા છ પકડાયા



**અબતક, સલીમ ઘાંચી,ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ઈન્ચાર્જ પીઆઇ એમ બી વિરજા ની સૂચનાથી ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટાફ પોલીસ અનિરુદ્ધસિંહ મોરી તથા દેવજીભાઈ વાઘેલા,સહિત સ્ટાફ રાજ ચરાડી ગામ તરફ પેટ્રોલિંગમાં હોય તે સમયે મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજચરાડી ગામમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી આરોપી દિનેશભાઈ કરમશીભાઈ ઠાકોર, અશ્વિનભાઈ છગનભાઈ પટેલ, ગૌરવભાઈ અશોકભાઈ ઠાકોર, સંજયભાઈ ગોરધનભાઈ દેવીપુજક, આશિષભાઈ ચમનભાઈ કોળી, ભરતભાઈ જગાભાઈ,આ ૬ શખ્સોને ગંજીપાનાનો જુગાર રમતા રોકડે રકમ ૧૨,૧૮૦ ના મુદ્દા માલ સાથે પકડી ધોરણ સરની કાર્યવાહી કરતી તાલુકા પોલીસ.

# એલ.સી.બી.એ ફિલ્મી ઢબે પીછો કરી ધ્રાંગધ્રા નજીક દારૂ ભરેલી કાર ઝડપી લીધી

## કાર, ૮૮૫ બોટલ દારૂ, ૪૬૪ બીયરના ટીન મળી રૂ.૯.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન વિસ્તારના અમદાવાદ કચ્છ હાઈવે કલ્પના ચોકડી પાસે રોડ ઉપરથી કારમાંથી ગેરકાયદે રૂ. ૪.૫૧ લાખનો વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ.૯,૫૧,૪૮૦નો મુદ્દામાલ એલસીબીએ પકડી પાડ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચ સુરેન્દ્રનગર દ્વારા ૨૦ કિલોમીટર કારનો પીછો કરતા કારચાલક કાર મૂકી અંધારામાં ભાગી ગયો હતો.

સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ વડા ડો ગીરીશભાઈ પડ્યા એલસીબી પીઆઈ લડે જે જાડેજા તથા પેરોલ ફર્લો પોલીસ સ્ટાફ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના અલગ અલગ હાઈવે રોડ પર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ દશરથભાઈ ધાધરને બાતમી મળતા અમદાવાદ-કચ્છ હાઈવે પર પ્રતાપસિંહ રાઠોડ, સંજયભાઈ પાઠક, યુવરાજસિંહ. યશપાલસિહ રાઠોડ અને સ્ટાફે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ હાલતમાં ક્રેટા કાર નીકળતા કારને ઊભી રાખવાનો કહેતા પોલીસને જોઈને કારચાલકે કારને મારી મૂકી હતી. આથી એલસીબીની ટીમે કારનો પીછો કરતા હાઈવે પર ફીલ્મ જેવા દશ્ય સર્જાયા હતા. ત્યારે પોલીસે પીછો ચાલુ રાખતા ૨૦ કિલોમીટર બાદ કારચાલક ધ્રાંગધ્રા કલ્પના ચોકડી પાસે રોડ પરથી કાર મૂકી અંધારામાં ભાગી ગયો હતો. ત્યારે કારમાંથી વિદેશી દારૂની નાની મોટી કાચની તથા પ્લાસ્ટિકની બોટલ ૮૮૫ તથા બિયર ટીન નંગ ૪૬૪ કિંમત રૂ. ૫૮,૦૮૦ એમ કુલ રૂ. ૪,૫૧,૪૮૦નો વિદેશી દારૂનું મુદ્દામાલ મળી આવ્યો હતો આ બનાવમાં દારૂ અને રૂ. ૫,૦૦,૦૦૦ની કિંમતની કાર સહિત કુલ રૂ.૯,૫૧,૪૮૦નો મુદ્દામાલ પકડી કારના ચાલક વિરૂદ્ધ ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન ખાતે દારૂ અંગનો ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# વડાલીના ભજપુરામાં માસુમ બાળકીનું અપહરણ

## વસ્તુની લાલચ આપીને ફોસલાવીને પોતાની બાઈક પર બેસાડી શખ્સ ફરાર

**અબતક, સાબરકાંઠા, સંજય દીક્ષીત**

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકામાં આવેલા ભજપુરા ગ્રામ પંચાયતની પાસેથી બુધવારે સાંજે એક પાંચ વર્ષીય બાળકીનું કોઈ અજાણ્યા શખ્સે જાહેરમાં અપહરણ કરી લઈ જતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે આ ઘટનાને લઈ સ્થાનિકોમાં ભારે રોષની સાથે ભય પણ ફેલાયો છે અપહરણ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે

આ અંગે મળતી વિગતો અનુસાર વડાલી તાલુકાના ભજપુરા ગામમાં પોશીના તાલુકાનો એક પરિવાર પોતાનું ગુજરાન ચલાવે છે તેમની પાંચ વર્ષીય દીકરી બુધવારે સાંજે આશરે ૪:૩૦ વાગ્યે ભજપુરા ગ્રામ પંચાયત સામે ઉભી હતી જે દરમિયાન એક જીજે.૦૯.ડી.એફ. ૯૨૪૬ નંબરની બાઈક પર એક અજાણ્યો શખ્સ ત્યાં આવ્યો હતો અને આ શખ્સે જાહેરમાં જ માસૂમ બાળકીને કોઈ વસ્તુની લાલચ આપીને અથવા ફોસલાવીને પોતાની બાઈક પર બેસાડી લીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો જ્યારે આસપાસ ઉભેલા લોકો કંઈ સમજે તે પહેલાં જ અપહરણ કરનાર આરોપી બાળકીને લઈને ગાયબ થઈ ગયો હતો જે અંગે બાળકીના પિતાએ વડાલી પોલીસ સ્ટેશનમાં આ ઘટના મામલે અપહરણની ફરિયાદ નોંધાવી છે અને વડાલી પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી અપહરણકર્તાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળે છે.

# આટકોટ નજીક ઈકો કારએ બાઈકને ઠોકરે લેતા વૃદ્ધનું મોત

## અકસ્માત સર્જી કારચાલક નાસી છૂટતા પોલીસ દ્વારા શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ આટકોટ ધોરીમાર્ગ પર આવેલા ગોંડલ ચોકડી પાસે અજાણી ઈકો કારના ચાલકે બાઈકને હડફેટે સર્જેલા અકસ્માતમાં ગંભીર રીતે ખવાયેલા વૃદ્ધનું મૃત્યુ નીપજતા પરિવારમાં શોકનું મોજું ફેલાયું છે. વધુ વિગત મુજબ જસદણ તાલુકાના આટકોટ ગામે રહેતા છોટાભાઈ કુરજીભાઈ જાદવ નામના ૬૦ વર્ષે વૃદ્ધ પોતાનું બાઈક લઈ આટકોટ નજીક ગોંડલ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતી ઈકો કારએ બાઈકને અટફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા છોટાભાઈ જાદવને પ્રથમ આટકોટની ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં છોટાભાઈ જાદવનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું આ બનાવની જાણ આટકોટ પોલીસ ને થતા એએસઆઈ સંજયભાઈ સહિતનો કાફલો દોડી જય છોટાભાઈ જાદવના મૃતદેહનું પીએમ કરાવી મૃતદેહ પરિવારજનોને સોંપી અજાણ્યા ઈકો કારના ચાલક સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# મેથાણ અને કટુડા ગામે અલગ-અલગ મંદિરોમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## એલસીબી પોલીસે ચોરી કરનાર શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી લીધો



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ધ્રાંગધ્રા તાલુકાના મેથાણ ગામના રામજી મંદિર તેમજ વઢવાણના કટુડા ગામના મેલડી માતાજીના મંદિરમાં અલગ-અલગ દિવસે તસ્કર દ્વારા ચોરીનો બનાવ બન્યો હતો જે અંગે સ્થાનીક પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી ત્યારે બન્ને મંદિરોમાં ચોરીના બનાવની ગંભીરતાને ધ્યાને લઈ એલસીબી પોલીસે અલગ-અલગ ટીમો બનાવી વધુ તપાસ હાથધરી હતી અને બાતમીના આધારે મેથાણના માનપુર ગામની સીમમાં આવેલ જયેશભાઈ પટેલની વાડીએથી મંદિરોમાં ચોરી કરનાર શખ્સ પ્રવિણભાઈ અમરશીભાઈ થરેશા રહે.વાવડીવાળાને પીળી ધાતુના અલગ-અલગ દાગીના તેમજ રોકડ રૂપિયા, મોબાઈલ સહિત કુલ રૂા.૫૪,૪૫૩ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે અને વધુ પુછપરછ દરમ્યાન બન્ને મંદિરોમાં ચોરીની કબુલાત કરી હતી.

# અંજારઃ જુગારના બે દરોડામાં ૧૦ મહિલાઓ સહિત ૧૬ શખ્સની ધરપકડ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ પ્રથમ દરોડામાં અંજારની જય અંબે સોસાયટી પ્લોટ નંબર બાવન પાસે શેરીમાં અમુક મહિલાઓ જુગાર રમી રહી હતી. ત્યારે અચાનક પોલીસે સરોજબેન અનિલ પ્રજાપતિ, અવનીબેન જયરામ પ્રજાપતિ, મેશીબેન નારણ ડાંગર, ડાયાબેન શંભુ આહીર, કલ્પનાબેન પ્રકાશ આહીર, ગીતાબેન હરેશ જરૂ, નૂતનબેન આનંદ બરારિયા, તેજલબેન વિશ્યમ બરારિયા, નયનાબેન કેશવજી પ્રજાપતિ અને વીરુબેન નારણ પ્રજાપતિની ધરપકડ કરી હતી. મહિલાઓ પાસેથી રોકડ રૂા. ૧૫,૮૦૦ જપ્ત કરાયા હતા.

જયારે બીજો દરોડો અંજારના મેઘપર બોરીચીમાં જૂની પંચાયત પાસે પાડવામાં આવ્યો હતો જ્યાંથી શામજી પીરૂ બોરીચા, અબ્બાસ ઉર્ફે અપીડો અકબરશા શેખ, ભોજા ડાયા દાફડા, કાના ડાયા દાફડા, જેઠા કરશન બોરીચા તથા રામજી અમરા ડાંગરની ધરપકડ કરી હતી. આ શખ્સો પાસેથી રોકડ રૂા. ૧૦,૬૫૦ હસ્તગત કરાયા હતા. આ કામગીરી અંજાર પીઆઈ એઆર ગોહિલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

# તળાજા નજીક મુરલીધર જીનીંગ મિલના કમ્પાઉન્ડમાંથી જવલનશીલ પ્રવાહી ભરેલું ટેન્કર જપ્ત

## ભાવનગર એલસીબીએ શંકાસ્પદ ડીઝલના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લીધા



**અબતક, આનંદ રાણા, શિહોર**

ભાવનગર પંથક માં ગેરકાયદેસર રીતે પેટ્રોલિયમ પેદાશોના વેપલા સામે કાર્યવાહી ના આદેશના પગલે ભાવનગર એલસીબીએ મહુવા હાઈવે પર સાકડાસર ગામના પાટીયા નજીક મુરલીધર મિલના કમ્પાઉન્ડમાં છુપાવેલ ડીઝલ ભરેલા ટેન્કર પર દરોડો પાડી ડીઝલનું ટેન્કર સહિત ચાર લાખથી વધુના મુદ્દા માલ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. ભાવનગર રેન્જ આઈ જી ગૌતમ પરમાર પોલીસ અધિક્ષક ડો,હર્ષદ પટેલ ના આદેશના પગલે ભાવનગર એલસીબી પીઆઈ એ, આર, વાળા પીએસઆઈ વી,સી જાડેજા એ બાતમીના આધારે સાંકડાસર ગામના પાર્ટીએ મુરલીધર જિનિંગ મિલના કમ્પાઉન્ડમાં દરોડો પાડી વાદળી રંગના ટેન્કર તેના પર ગોપાલ કન્સ્ટ્રક્શન ઝાંઝમેર લખ્યું હતું તે નંબર પ્લેટ વગરના ટેન્કરમાં તપાસ કરતા તેમાંથી બેદરકારી અને આગ લાગે તો કોઈ ઠારવાની વ્યવસ્થા વગર જોખમી રીતે રાખેલ ડીઝલ મળી આવતા પોલીસે ૫૦૦૦ લીટર ડીઝલ, ૫૦,૦૦૦,નું ૭૫૦૦ ટેન્કર૫૦,૦૦૦ બેરલ મોબાઈલ મળી ૪૩૫,૧૦૦ ના મુદ્દા માલ સાથે જાવીદ શાહ મહેબુબ શાહ પઠાણ ૨૮,લીલાવાવ રોડ તળાજા, શિરાજ ખાન આઝમખાન પઠાણ ૪૬ હાજીભાઈ ની વાડી સરતાનપર રોડ તળાજા ની કાર્યવાહી હાથ ધરી હતી આ કામગીરીમાં એલસીડીપીઆઈ એ આર વાળા પીએસઆઈ વીસી જાડેજા સ્ટાફના ભરતસિંહ ડોડીયા તરુણભાઈ નાંદવા ગંભીરભાઈ પરમાર અને પ્રવીણભાઈ કામગીરી કરી હતી.

# ગોંડલનાં ચોરડી ગામે ચેકડેમમાં ડુબી જતા યુવાનનું મોત

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાનાં ચોરડી ગામની સીમમાં પશુ ચરાવતા માલધારી યુવાનનું અકસ્માતે પગ લપસી જતા ચેકડેમ માં પડીજતા ડુબી જવાથી મોત નિપજ્યું હતુ.

પ્રાપ્ત વિગત મુજબ ચોરડી રહેતા ભાણજી ઉર્ફે હીરો હમીરભાઇ ટોળીયા ઉ.૩૯ સિમ વિસ્તારમાં રોજીંદા ક્રમ મુજબ પશુ ચરાવવા ગયા હતા ત્યારે મેલડી માતાનાં મંદિર પાછળ આવેલા ચેકડેમ માં ડુબી જવાથી મોત નિપજ્યું હતુ.

બનાવનાં પગલે આસપાસનાં સ્થાનિકો દ્વારા મૃતદેહ બહાર કઢાયો હતો અને પીએમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૃતક પરણિત હતા. બે ભાઈઓમાં નાના હતા અને બે બહેનો છે. બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાટીદાર સમાજની એકેય દિકરી દાંડીયા કલાસીસમાં નહીં જ જાય: પાટીદાર સમાજનો નિર્ણય

## દરેક કલાસીસ લેડીઝને લેડીઝ જ ગરબા શીખવશે તેમજ પુરૂષ બેચનો સમય પણ અલગ રાખવાની શરત




મોરબીના ડિસ્કો દાંડિયા ક્લાસના વિરોધ બાદ પાટીદાર સમાજે રવાપર રોડ, એસપી રોડ સહિત પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારોમાં ગરબા ક્લાસિસ પર પ્રતિબંધ મૂક્યો છે. નિર્ણય મુજબ પાટીદાર બહેન-દીકરીઓને અન્ય વિસ્તારોમાં પણ ગરબા ક્લાસિસમાં પ્રવેશ નહીં આપવામાં આવે, લેડીઝને ફક્ત લેડીઝ જ શીખવશે અને બેચનો સમય અલગ રહેશે. કોઈ પણ દીકરી સાથે છેડછાડ થશે તો કાયદો હાથમાં લેવાની ચેતવણી આપવામાં આવી છે. વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પાટીદાર બહેનો બસ સ્ટેન્ડ પાછળના છાત્રાલય ખાતે ગરબા શીખી શકશે.

દાંડીયા કલાસીસ એસોસિએશને પણ આ નિર્ણયને સમર્થન આપ્યું છે.

મોરબીના ડિસ્કો દાંડિયા ક્લાસ વિવાદ બાદ પાટીદાર સમાજ દ્વારા જનક્રાંતિ સભાનું આયોજન થયું હતું, જેના પરિણામે હવે મોરબીના પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારોમાં ગરબા ક્લાસિસ ન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સિરામિક પરિવાર, પાટીદાર યુવા ગ્રુપ, પાટીદાર સમાજ અને મહિલાઓની સંયુક્ત મિટિંગ બાદ આ જાહેરાત પાટીદાર અગ્રણી મનોજ પનારાએ કરી હતી. મનોજ પનારાના જણાવ્યા મુજબ, રવાપર રોડ, એસપી રોડ જેવા વિસ્તારોમાં જો કોઈ ગરબા ક્લાસિસ બળજબરીથી શરૂ કરશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. તેઓએ ચેતવણી આપી કે જો કોઈપણ સમાજની દીકરી સાથે છેડછાડ થશે તો પહેલા વિનંતી કરવામાં આવશે, પરંતુ જરૂર પડશે તો કાયદો હાથમાં લેવામાં આવશે. પાટીદાર સનજની બેઠક દરમિયાન લેવામાં આવેલ નવા નિયમો અનુસાર, અન્ય વિસ્તારોમાં ગરબા ક્લાસિસ ચાલશે પરંતુ તેમાં પાટીદાર બહેનોને પ્રવેશ નહીં મળે. લેડીઝને ફક્ત લેડીઝ જ ગરબા શીખવશે, બેચનો સમય અલગ રાખવામાં આવશે અને અલગ બેચમાં જ અભ્યાસ થશે. વૈકલ્પિક રીતે, પાટીદાર બહેનો બસ સ્ટેન્ડ પાછળના છાત્રાલય ખાતે ગરબા શીખી શકશે અથવા સમાજ વાડીમાં ક્લાસિસ રાખી શકાશે જેથી ટ્રેનરોની રોજગારી પર અસર ન પડે.

### ફેમિલી કે કપલ એક સાથે એક બેચમાં ડાંડીયા શીખી શકશે: ભાસ્કર પૈજા

આ સાથે દાંડીયા કલાસીસ એસોસિએશનના ભાસ્કર પૈજાએ જણાવ્યું હતું કે દાંડીયા કલાસીસ એસોસિએશન આ નિર્ણયને સમર્થન આપે છે, તેમના જણાવ્યા મુજબ, પાટીદાર અગ્રણીઓ સાથેની મિટિંગમાં કોરિયોગ્રાફરોને બોલાવવામાં આવ્યા હતા અને મોટાભાગે આ નિયમોને સ્વીકાર્યા છે. નોન-પાટીદાર લોકો માટે નિયમિત ક્લાસિસ ચાલુ રહેશે, પરંતુ લેડીઝ બેચમાં લેડીઝ અને જેન્ટ્સ બેચમાં જેન્ટ્સ જ શીખવશે તે નિર્ણય દાંડીયા કલાસીસ એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે, આ ઉપરાંત ફેમિલી અથવા કપલ બેચમાં બંને સાથે શીખવી શકાશે.

# વાંકાનેરમાં યુવકની કરપીણ હત્યામાં ત્રણ શખ્સોને આજીવન કેદ

## વ્યાજની ઉઘરાણી માટે સરફરાજ ઈમરાન અને ઈનાયતને સુરેશ ગોંડલીયાના ઘરે મોકલતા અમીત નડતો હોવાથી ઢીમ ઢાળી દીધું હતું

### સ્પેશિયલ પીપી ભગીરથસિંહ ડોડીયાની ધારદાર દલીલ માન્ય રાખતી મોરબીની સેશન્સ કોર્ટ


સ્પે.પી.પી. ભગીરથસિંહ ડોડીયા

**અબતક રાજકોટ**

વાંકાનેર શહેરમાં ત્રણ વર્ષ પૂર્વે વ્યાજની રકમની ઉઘરાણીના મામલે થયેલી બોલાચાલીમાં યુવકની કરપીણ હત્યા નીપજાવવાના બનાવનો કેસ ચાલી જતા મોરબીની સેશન્સ અદાલતે ત્રણ આરોપીને આજીવન કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વાંકાનેર ખાતે રહેતા અમિત અશ્વિનભાઈ કોટેચા નામના યુવાન પર સરફરાજ હુસેન મકવાણા ઈમરાન ફારુક છબીબ અને ઈનાયત ઉર્ફે ઈનિયો અયુબ સહિત ત્રણે શખ્સો વ્યાજની રકમની ઉઘરાણીના મામલે ગુપ્તી અને છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા નીપજાવ્યાની વાંકાનેર પોલીસ મથકમાં મૃતક અમિત ના ભાઈ હિમાંશુ અશ્વિનભાઈ કોટેચા ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ત્રણેય શખ્સ સામે હત્યા અને કાવતરા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. તપાસ પૂર્ણ થતા તપાસનીસ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર દ્વારા વ્યાંજકવાદના બનાવની ગંભીરતા લઈ આ કેસમાં સ્પે. પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયાની નિમણુંક કરવામાં આવી હતી. કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં સરકારપક્ષે કુલ-૧૦ સાથી તપાસવામાં આવેલ હતા દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ હતો જેમાં ફરીયાદી અમીત કોટેચા ,નજરે જોનાર વિરલ બુધ્ધદેવ, છરીના અને ગુપ્તીના ડીસ્કવરી પંચો, આરોપી સરફરાજ પાસેથી વ્યાજે નાણા લેનાર સુરેશ ગોંડલીયા, એફ.એસ.એલ. અધિકારી, પી.એમ. કરનાર ડોકટર, ત્રણ તપાસ કરનાર પોલીસ અધિકારીઓ મળી કુલ ૧૦ સાહેદો સાથે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રેકર્ડ પર લાવવામાં આવેલા હતા. ઉપરોકત પુરાવાથી સ્પે.પી.પી.ભગીરથસિંહ ડોડીયાએ રજુઆત કરી હતી કે, આરોપી સરફરાજએ સુરેશ ગોંડલીયાને આપેલ વ્યાજની ઉઘરાણી માટે ઈમરાન અને ઈનાયતને તેના ઘરે મોકલયા હતા જેમાં અમીત અવાર નવાર વચ્ચે પડી નડતો હતો જેથી આ બનાવને અંજામ આપવા સરફરાજ મકવાણાનો હેતુ હતો અને જે અંગે ગુજરનાર અમીતએ ફરીયાદીને વાત કરેલી હતી.નજરે જોનાર સાહેદ પણ બનાવનો અંજામ આપવાનો કુદરતી સાક્ષી છે બનાવ સ્થળેથી જ હત્યા કરવાના કાવતરામાં સંડોવાયેલ સ્થળ પરથી ફોન કરેલ છે. મોબાઈલ કોલના સ્થળ પરના આરોપીઓના લોકેશન તથા બનાવ સ્થળની આરોપીઓની સ્વીકૃતી, ફોન કોલ અંગેનો આરોપી સરફરાજનો કોઈ સંતોષકારક ખુલાસો પુરાવામાં ન આપતા સમગ્ર બનાવમાં આરોપી ઈમરાન અને ઈનાયતની બનાવ સ્થળે હાજરી તથા આરોપી સરફરાજ મકવાણાની કાવતરામાં સંડોવણી પ્રથમ દર્શનીય રીતે ઉપરોકત પુરાવાથી સાબીત થાય છે.ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરી ઉચ્ચ અને વડી અદાલતના ચુકાદાઓ અને સ્પે.પી.પી.ભગીરથસિંહ ડોડીયાની દલીલો માન્ય રાખી મોરબીની એડી. સેશન્સ જજે અમીત ઉર્ફે લાલા કોટેચાના ખુનના ગુન્હામાં આરોપી ઈમરાન ફારૂકભાઈ છબીબી , ઈનાયત ઉર્ફે ઈનીયો અયુબભાઈ પીપરવાળીયાને અને સરફરાજ હુસેનભાઈ મકવાણાને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફરમાવી અને ગુજરનારના પત્નીને વળતર ચૂકવવા હુકમ કર્યો છે.એક એક લાખનો ંણેયને દંડ ફટકારવામાં આવ્યો છે. આ કામમાં સ્પે.પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયા અને મુળ ફરીયાદી તરફે મોરબીના જીતેન્દ્રસિંહ જાડેજા એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# ટીબી મુકત અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ



મોરબીમાં કલેક્ટર કચેરી ખાતે કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ટી.બી. ફોરમ કમીટીની બેઠક યોજાઈ હતી. આ મીટીંગમાં ટીબી કાર્યક્રમ અંતર્ગત આવતા તમામ ઈન્ડીકેટરની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત પ્રીઝમટીવ ટી.બી. કેસ તથા ટી.બી. નોટીફીકેશનની તાલુકાવાઈઝ થયેલ કામગીરી ચર્ચા કરવામાં આવી હતી. નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના તમામ લાભાર્થીઓને સમયસર લાભ મળે તે સુનીશ્રીત કરવા સુચના આપવામાં આવી હતી.

નિક્ષય પોષણ યોજના અંતર્ગત સરકારશ્રી તરફથી દરેક ટીબીના નોંધાયેલ દર્દીને સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર માસે રૂ ૧૦૦૦/- ની સહાય તેમના બેંક ખાતા માં ડાયરેક્ટ ઉઈઝ મારફત ચૂકવી આપવામાં આવે છે. જેમાં મોરબી જીલ્લામાં જાન્યુઆરીથી જૂન-૨૦૨૫માં બેંક ખાતા ધરાવતા કુલ ૬૬૦ લાભાર્થીઓને સમયસર યોજનાકીય લાભ આપવામાં આવ્યો છે. ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી મુક્ત પંચાયત બનાવવા માટે તમામ કર્મચારી અધિકારી દ્વારા સહિયારા પ્રયાસ કરી સરકારશ્રીનું ટીબી મુક્ત ભારત સ્વપન સાકાર કરવા યોગ્ય પગલા લેવા કલેક્ટરે સુચના આપી હતી.

આ કમીટી મીટીંગમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી પી.કે. શ્રીવાસ્તવ, સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો.દુધરેજીયા, આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારી દિશા યુનિટ તથા નવજીવન, અનમોલ તથા સમગ્ર પ્રોજેક્ટ મોરબીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શ્રી સરદાર પટેલના સ્ટેચ્યુ સુધી યોજાશે ભવ્ય તિરંગા યાત્રા

## તિરંગા યાત્રામાં સહભાગી બનવા જીલ્લાવાસીઓને આહવાન

મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા 'હર ઘર તિરંગા' યાત્રા અંતર્ગત જીલ્લા કક્ષાની તિરંગા યાત્રા તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે મોરબીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ થી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ નવા બસસ્ટેન્ડ સુધી આયોજન કરાયું છે.

આ તિરંગા યાત્રા મોરબી શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડથી સાજે ૦૫:૦૦ કલાકે પ્રસ્થાન થશે અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ખાતે પુર્ણ થશે. તમામ નાગરિકોએ આ તિરંગા યાત્રા સ્વયંભુ ઉપસ્થિત રહેવા વહિવટી તંત્ર દ્વારા આહવાન કરવામાં આવે છે.

આ તિરંગા યાત્રાના રૂટ પર મોરબી મહાનગરપાલિકા ખાતે ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફુલહાર કરવામાં આવશે. આ રેલીમાં શહેરની જુદી જુદી ખાનગી તેમજ સરકારી શાળાના બાળકો દેશભકિતને અનુરૂપ વિવિધ વેશભુષા સાથે તિરંગા યાત્રામાં જોડાઈ તિરંગા યાત્રાનું ગૌરવ વધારશે.

આ તિરંગા યાત્રામાં મોરબી જીલ્લાના સાંસદો તથા ધારાસભ્યો સહિતના મહાનુભાવો સહિત આશરે ૨૫૦૦ જેટલા નાગરિકો જોડાવવાના છે.

# નારીવંદના ઉત્સવ સપ્તાહ અન્વયે લક્ષ્મીનગર ખાતે રોજગાર મેળો યોજાયો



મોરબીઃ 'નારી વંદન ઉત્સવ સપ્તાહ' અન્વયે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘીના અધ્યક્ષસ્થાને આર્યવર્ત એજ્યુકેશન એકેડમી, લક્ષ્મીનગર ખાતે મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે વિશિષ્ટ મહિલા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીલ્લા પંચાયત પ્રમુખે દીકરીઓને પગભર થઈ આર્થિક રીતે સ્વાવલંબી બનવાની સાથે સાથે સંસ્કાર અને સંસ્કૃતિનું જતન રાખી જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણાત્મક સંદેશો આપ્યો હતો. નાયબ જીલ્લા વિકાસ અધિકારી એસ.સી. ભટ્ટએ ઉપસ્થિત દીકરીઓને જણાવ્યું હતું કે શિક્ષણ એ સ્વાવલંબનનું પ્રથમ પગથિયું છે, દરેક દીકરીએ શિક્ષણ દ્વારા પોતાના માટે નવી દિશાઓ શોધવી જોઈએ અને ખરા અર્થમાં સ્વાવલંબી બનવું જોઈએ. જીલ્લા મહિલા અને બાળ અધિકારી જે.બી. ત્રિવેદી દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી દીકરીઓને આ સપ્તાહની ઉજવણી અંગે માહિતગાર કર્યા હતા.

# વાંકાનેર: કારમાં દેશી દારૂની હેરાફેરી કરતા બે પકડાયા



**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં દરમિયાન બાતમી મળેલ કે મેસરીયા ગામથી સફેદ કલરની સ્વીફ્ટ કારમાં દેશી દારૂ ભરી વાંકાનેર લઈ જવામાં આવતો હોવાની બાતમીને આધારે મેસરીયા ગામ નજીમ ચામુંડા હોટલ નજીક તાલુકા પોલીસ વોચમાં હોય તે દરમિયાન સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૦૧-આરજી-૩૪૮૪ પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી ૧૦૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો જેથી તાલુકા પોલીસે તુરંત કાર સવાર આરોપી રામકુંભાઈ સાદુળભાઈ વિકમાં ઉવ.૩૨ તથા મનુભાઈ નરશીભાઈ મકવાણા ઉવ.૩૦ રહે.રહે.ડાકવડલા તા.ચોટીલા જી.સુ.નગર વાળાની અટક કરવામાં આવી હતી. જ્યારે પોલીસે બન્ને આરોપીઓના કબ્જા હેઠળની સ્વીફ્ટ કાર અને દેશી દારૂ સહિત રૂ ૧.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

# જીલ્લાના ૨૪ ગામોમાં વીમા અને પેન્શન યોજનાના લાભ માટે કેમ્પો યોજાશે

## બેંકો ગામડે જઈ પીએમ સુરક્ષા વીમા, જીવન જ્યોતિ વીમા, અટલ પેન્શન, નવા જનધન ખાતા તથા ઈ-કેવાયસી જેવી સુવિધાઓ આપશે

મોરબીમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના તથા અટલ પેન્શન યોજના હેઠળ ગ્રામજનોને લાભ આપવા માટે નવા લાભાર્થીઓની નોંધણી તથા નવા જનધન ખાતા ખોલવા અને બંધ થઈ ગયેલા જનધન ખાતા અન્વયે ઈ-કેવાયસી જેવી નાણાકીય સેવાઓનો લાભ મળે તે હેતુસર 'નાણાકીય સમાવેશન સંપૂર્ણતા અભિયાન' શરૂ કર્યું છે. ૧૧ ઓગસ્ટ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન મોરબી જીલ્લામાં વિવિધ ગામડાઓમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.


આ કેમ્પના ભાગરૂપે આગામી તા.૧૧ ઓગસ્ટના રોજ હળવદ તાલુકાના મંગલપુર, માળીયા તાલુકાના પંચવટી, મોરબી તાલુકાના ઈંદિરાનગર અને ટીંબડી, ટંકારા તાલુકાના રાજાવડ તથા વાંકાનેર તાલુકાના નવી કલાવડી ખાતે, તા.૧૨ ઓગસ્ટના રોજ હળવદ તાલુકાના માનસર, માળીયા તાલુકાના રાસંગપર, મોરબી તાલુકાના જાંબુડીયા અને ત્રાજપર, ટંકારા તાલુકાના રોહિશાળા તથા વાંકાનેર તાલુકાના કણકોટ ખાતે, તા.૧૩ ઓગસ્ટના રોજ હળવદ તાલુકાના માથક, માળિયા તાલુકાના રોહિશાળા, મોરબી તાલુકાના જસમતગઢ અને ઉંચી માંડલ, ટંકારા તાલુકાના સજનપર તથા વાંકાનેર તાલુકાના કાનપર ખાતે તેમજ તા.૧૪ ઓગસ્ટના રોજ હળવદ તાલુકાના મયાપુર, માળીયા તાલુકાના સરવડ, મોરબી તાલુકાના જવાહરનગર અને ઉંટબેટ-શામપર, ટંકારા તાલુકાના સખપર તથા વાંકાનેર તાલુકાના કાશીપર/ચાંચડીયા ખાતે ખાસ કેમ્પ યોજાશે.

# નવા સાદુળકા નજીક ડમ્પરની ઠોકરે મોટર સાયકલ ચાલકનું મોત, એક ઘાયલ

મોરબી તાલુકાના નવા સાદુળકા ગામની સીમમાં મોરબી-માળીયા રોડ પર ડમ્પર ચાલકની બેદરકારીભર્યું ડ્રાઈવિંગથી અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાયકલને પાછળથી ઠોકર મારતા, મોટર સાયકલ સવાર સગા બે ભાઈઓને અકસ્માત નડ્યો હતો, આ અકસ્માતમાં મોટર સાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત થયું જ્યારે બીજા ભાઈને હાથ-પગમાં મૂંઢ ઈજાઓ થઈ હતી.

મળતી વિગતો અનુસાર, ફરીયાદી ચિરાગભાઈ રમેશભાઈ બગથરિયા ઉવ.૨૯ (રહે. દાદાશ્રીનગર તા.જી. મોરબી) વાળાએ તાલુકા પોલીસ મથકના આરોપી ડંપર ટ્રક રજી નં. જીજે-૩૬-વી-૪૮૪૯ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૭/૦૮ના રોજ બપોરે ચિરાગભાઈ અને તેમના મોટા ભાઈ નિલેષભાઈ રમેશભાઈ બગથરિયા નં. જીજે-૧૦ એબી-૦૨૧૫ ઉપર જઈ રહ્યા હતા. ત્યારે તેઓ નવા સાદુળકા ગામની સીમામાં મોરબી-માળીયા રોડ પર કેડા કંપની અને લેમીકા પેપર મિલ વચ્ચે પહોંચ્યા, ત્યારે ડમ્પરના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ટક્કર એટલી જોરદાર હતી કે ફરીયાદી ચિરાગભાઈને હાથ-પગમાં મુઢ ઈજા થઈ અને મોટરસાયકલ ચાલક નિલેષભાઈને માથા, છાતી અને શરીરે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત થયું હતું. હાલ તાલુકા પોલીસે આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સોનાના ચેઈન ચીલઝડપ કરનાર સમડી ઝડપાઈ



મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ ટીમે શહેરમાં થયેલી ચીલઝડપની ઘટનાનો ભેદ ઉકેલી એક ઈસમને ચીલ ઝડપ કરવા ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ તથા લૂંટ કરેલ સોનાનો ચેઈન સહિતના મુદ્દામાલ સાથે પકડી લઈ, આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગઈ તારીખ ૦૪/૦૮ની સાંજે ભારતીબેન દિપકભાઈ પારેખ ઉવ.૬૨ રહે. પારેખ શેરી ગ્રીન ચોક મોરબીના ગળામાંથી દોઢ તોલાની સોનાની ચેઈન અજાણ્યો ઈસમ ખેંચી નાસી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસે શહેરમાં લગાવેલ નેત્રમ સી.સી.ટી.વી. કેમેરા, સ્થાનિક દુકાનોના કેમેરા તેમજ હ્યુમન સોર્સિસની મદદથી તપાસ શરૂ કરી હતી, તે દરમિયાન મળેલી બાતમી મુજબ, ચીલઝડપ કરનાર ઈસમ ચોરીમાં ઉપયોગ કરેલી હોન્ડા સાઈન મોટરસાયકલ સાથે સીવિલ હોસ્પિટલ આગળ ઉભો હોય, જેથી એ ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી આરોપીને રોકી પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલી લીધો હતો. આ સાથે પોલીસે આરોપી અજીતભાઈ હરેશભાઈ મુછડીયા ઉવ.૨૫ રહે. સુઝલોન ગેસ્ટ હાઉસ પવનસુત એપાર્ટમેન્ટ શકિતપ્લોટ મોરબી મૂળરહે શ્રીનગર સોસાયટી વંથલી રોડ, જુનાગઢ વાળાની અટક કરી હતી. પોલીસે આરોપી પાસેથી દોઢ તોલા સોનાની ચેઈન કિ.રમ૧.૦૫ લાખ તથા હોન્ડા સાઈન મોટરસાયકલ કિ.રૂ.૫૦ હજાર મળી કુલ રૂ.૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાઈ



## કચ્છમાંથી ચાર બાઈક ચોર્યાની કબુલાત

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે કચ્છ જીલ્લાના અલગ-અલગ વિસ્તારોમાંથી ચોરાયેલ ચાર મોટરસાયકલ સાથે બે આરોપીઓને પકડી પાડ્યા છે. પેટ્રોલિંગ દરમિયાન બાતમી આધારે બે વાહન ચોર ઈસમને ઝડપી લેવાયા છે. પોલીસે બન્ને આરોપીઓ પાસેથી કુલ રૂ.૧ લાખની કિંમતના ચારેય મોટરસાયકલ કબ્જે કર્યા હતા. પકડાયેલ આરોપીઓની સઘન પૂછતાછમાં આરોપીઓએ કચ્છના મેળા અને અન્ય સ્થળોથી વાહનો ચોરી કર્યાની કબુલાત આપી છે.

મોરબી શહેરમાં મિલ્કત સંબંધિત ગુનાઓને રોકવા અને ઉકેલવા માટે પોલીસ તાકીદે કાર્યરત છે. ત્યારે સીટી એ ડિવિઝન પોલીસ મથક પીઆઈ આર.એસ. પટેલના સૂચન અનુસાર સર્વેલન્સ ટીમને બાતમી મળી કે એક શંકાસ્પદ હાલતમાં મોટરસાયકલ સાથે ભક્તિનગર સર્કલ પાસે ઉભો હોય જેથી પોલીસે સ્થળ પર પહોંચી મોટરસાયકલના દસ્તાવેજો માંગતા તેના પાસે ન હોવાનું કહેતા, તે આરોપીને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરતાં તેણે જણાવ્યુ કે આ મોટરસાયકલ રજી. જીજે-૧૨-ઈએફ-૧૬૩૪ કચ્છના રાપર તાલુકાના મોમાઈ મોરા ગામ ખાતે મેળા દરમ્યાન ચોરી કર્યા અંગેની કબુલાત આપી હતી. જ્યારે આરોપીની વધુ પૂછપરછમાં આરોપીએ કચ્છમાંથી કુલ ચાર મોટરસાયકલ ચોરી કર્યા હતા. જેમાંથી ત્રણ તેના મિત્ર સંજયભાઈ મનસુખભાઈ વાઘેલાને આપ્યા હતા.

આ સાથે પોલીસે આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજુ વિશાભાઈ મકવાણા ઉવ.૨૫ રહે.મકવાણા વાસ માખેલ ગામ તા. રાપર જી. કચ્છ તથા સંજયભાઈ ઉર્ફે ગવો મનસુખભાઈ વાઘેલા ઉવ.૨૫ રહે.વાડામાં કુંભારીયા ગામ તા. માળીયા(મી) વાળાની અટકાયત કરી હતી,

જે બાદ પોલીસે આરોપી સંજયભાઈ પાસેથી બાકીના ત્રણ મોટરસાયકલ હિરો સ્પ્લેન્ડર જીજે-૦૩-ઈપી-૯૮૪૮, હિરો એચ.એફ. ડીલક્સ, હિરો સ્પ્લેન્ડર એમ કુલ ચાર મોટર સાયકલ પણ કબ્જે કર્યા હતા. હાલ એ ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિવિધ સી.સી. રોડ ના કામો આરંભ કરતું મનપા



મોરબી શહેરમાં કેસર બાગથી એલ.ઈ.કોલેજ સુધી રૂ.૧.૭૬ કરોડના ખર્ચે નવા સી.સી રોડનું કામ તથા રૂ.૫૮.૦૧ લાખના ખર્ચે ક્રિષ્ના સ્કુલથી એસ.પી.રોડ સુધી સી.સી રોડનું કામ તથા રૂ.૫૭.૯૬ લાખના ખર્ચે ચિત્રકૂટ સોસાયટી શેરી નં-૧,૨,૩ માં સી.સી.રોડનું કામ તથા રૂ.૫૦.૫૫ લાખના ખર્ચે કેદારીયા હનુમાનથી સેન્ટમેરી ફાટક સુધી સી.સી.રોડનું કામ અને રૂ.૧૮.૬૧ લાખના ખર્ચે ચામુંડાનગર વિસ્તારમાં સી.સી.રોડના કામો શરૂ કરવામાં આવેલ છે સદર કામો પૂર્ણ થયેથી શહેરીજનોની ટ્રાફિકની સમસ્યા નિવારી શકાશે અને નવીન સુવિધા મળશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ટૂંક જ સમયમાં સુપર ટોકીઝથી ચિત્રકૂટ ટોકીઝ સુધી સી.સી.રોડ અને ગાંધી ચોક પુજારા મોબાઈલ થી ભવાની બેકરી સુધી સી.સી. રોડનું કામ ટ્રાફિકને અડચણ ન થાય તેમ શરૂ કરવામાં આવશે. આમ આ યોજનાથી શહેરીજનોને નવીન સુવિધા મળશે અને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાશે તેમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવેલ છે.

# રાજકોટના વેપારી સાથે મેળાના નામે રૂ.૧૮ લાખની ઠગાઈ

## પાટણવાવના મેળાના ગ્રાઉન્ડ અને રાઈડ્સ માટે આપેલા નાણાં ભાગીદાર અને પંચાયતે ઓળવી લીધાનો ગંભીર આક્ષેપ

**અબતક, રાજકોટ**

શહેરના એક વેપારી સાથે ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે યોજાતા મેળાના નામે રૂ. ૧૮ લાખની ઠગાઈ આચરી લેવામાં આવી છે. મેળાના ગ્રાઉન્ડ અર્થે ભાગીદારને આપેલા રૂ. ૯ લાખ અને રાઈડ્સ પેટે ગ્રામ પંચાયતમાં જમા કરાવેલ રૂ. ૯ લાખની ઠગાઈ મામલે વેપારી દ્વારા પાટણવાવ ગ્રામ પંચાયતના સરપંચ, કારોબારી સભ્યો, પૂર્વ સરપંચ અને ભાગીદાર વિરુદ્ધ જિલ્લા પોલીસવડાને ફરિયાદ કરાઈ છે.

મામલામાં હાલ રાજકોટ શહેરના રૈયા ચોકડી નજીક નંદનવન સોસાયટીના ગોકુલ કોમ્પ્લેક્ષમાં રહેતા ૫૦ વર્ષીય આધેડ વેપારી રાજેશકુમાર ઈશ્વરગીરી ગોસ્વામીએ રાજકોટ જિલ્લા પોલીસ વડાને સંબોધી કરેલી અરજી ફરિયાદમાં આરોપી તરીકે ધોરાજીના પાટણવાવના રહેવાસી રમેશ ઉર્ફે મુન્નાભાઈ અરજણભાઈ ખટાણા, પાટણવાવના પૂર્વ સરપંચ પ્રવીણ ઉર્ફે બાબુભાઈ પેથાણી, ચાલુ સરપંચ કાનજીભાઈ સાવલિયા અને પાટણવાવ ગ્રામ પંચાયતના તમામ કારોબારી સભ્યોનું નામ આપતા જણાવ્યું હતું કે, મેં રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામના મેળા માટે ગત તા.૧૩-૦૮-૨૦૨૪ ના રોજ હરાજીમાં હું તથા પાટણવાવ ગામના રમેશ અરજણભાઈ ખટાણા પાટણવાવ પંચાયત ઓફિસમાં મેળાની હરાજીમાં હાજર રહ્યા હતા. ત્યારે મેં અને મુન્નાભાઈ મૌખિકમાં ભાગીદારી કરી ગ્રાઉન્ડ રૂ.૧૮.૪૦ લાખમાં લેવાનું નક્કી કરેલ હતું. જેના માટે મે રમેશ ખટાણાને રૂ. ૯ લાખ આપેલ હતા. તે અંગેના રમેશભાઈના કોલ રેકોર્ડિંગ મારી પાસે છે. મેળાનું ગ્રાઉન્ડ ભાડે કે, મેળાનું મેદાન ભાડે રાખ્યા બાદ યાંત્રિક રાઈડ્સ મારે રાખવાની હતી. જેથી રાઈડના રૂ. ૯ લાખ પુરા રમેશભાઈ ખટાણાને રોકડા આપેલ પોતાની પાસે રાખી લીધેલ હતી. મેં રાઈડ પેટે રૂ. ૯ લાખ આપેલ હતા પરંતુ સરકારના રાઈડસના નિયમને લીધે રાઈડ્સ ચાલુ થઈ શકી ન હતી.

### પાટણવાવના સરપંચ, કારોબારી સભ્યો, પૂર્વ સરપંચ વિરુદ્ધ રાજકોટ જિલ્લા પોલીસવડાને લેખિત ફરિયાદ

રાખવા માટે મે અડધી રકમ મારા મિત્ર પ્રદ્યુમનસિંહના ક્રેડિટકાર્ડમાંથી ઉપાડીને આપેલ હતી. આ મેળામાં કોઈપણ જાતનો વેપારનો ૫૦ ટકાનો હિસ્સો મારે રાખવાનો તેવી ભાગીદારી કરાર રમેશ ખટાણા સસથે પાટણવાવ ગામના મહિપતપરી બાપુની સાક્ષીમાં નક્કી થયેલ હતું, તે બાબતના પણ રેકોર્ડિંગ મારી પાસે ઉપલબ્ધ છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું હતા. મેદાનની તમામ આવકમાંથી મેં અને રમેશભાઈ ખટાણાએ ૫૦-૫૦% ભાગીદારી હિસ્સો રાખવાનું નક્કી થયેલ હતું. મેળાનો તમામ વહીવટ રમેશભાઈ કરતા હતા. તેઓએ અન્ય લોકોને જગ્યા વેચેલ હતી. જેમાં સ્ટોલ, પાર્કિંગ, પાથરણાવાળાને જગ્યા આપવામાં આવી હતી. જે પેટે કુલ રૂ. ૧૯ લાખની આવક થયેલ હતી. જે તમામ રકમ રમેશ ખટાણાએ તે રાઈડનો ભાગ રમેશ ખટાણાએ મંડપ કોન્ટ્રાક્ટર અલીભાઈ મદારીને રૂ. ૪.૫૦ લાખમાં વેચેલ હતો. જે રકમ પણ રમેશ ખટાણા પોતાની પાસે રાખી હતી.

રાઈડ્સ ચાલુ નહિ થઈ શકતા પંચાયતે મને રકમ પરત આપવાની હોય છે પણ પાટણવાવ ગ્રામ પંચાયતે ૯ લાખની રકમ પરત નહિ આપતાં મે ડીડીઓ સુધી અપીલ કરેલ હતી. જે અપીલ અનુસંધાને તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ ડીડીઓ દ્વારા રકમ પરત આપવા હુકમ કરવામાં આવ્યો હતો.

સરકારની રાઈડ્સ અંગેની એસોપી મામલે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા રાઈડ્સ વિના મેળો ચાલુ કરવાનું નક્કી કરેલ હતું. જે રાઈડ પેટે મેં જમા કરાવેલ ૯ લાખ રૂપિયા હજુ પણ પાટણવાવ પંચાયતમાં જમા પડેલ છે. મારે ૧૯ લાખની ૫૦ ટકા રકમ તથા પાટણવાવ ગ્રામ પંચાયતમાં જમા કરાવેલ નવ લાખની રકમ પરત લેવાની હોય પરંતુ સામાવાળા આપતા ન હતા. વારંવાર ઉઘરાણી કરતા સામાવાળાએ ગામ મારું છે, તને પગ મુકવા દઈશ નહીં અને તું આવીશ તો તને જ્યાંથી મારી નાખીશ તેવી ધમકીઓ આપવાની શરૂ કરેલ હતી.

### પંચાયતે મેળાના નામે અનેક લોકો સાથે ઠગાઈ આચરી લીધાનો આરોપ

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મેળાના ગ્રાઉન્ડ અંગે નક્કી થયેલી ૫૦% ની ભાગીદારી કરાર પાટણવાવના ઓસમ ડુંગરના માત્રી માતાજીના મંદિરના પૂજારી મહિપતપુરી બાપુ તથા જીતુપૂરીબાપુની સાક્ષીમાં નક્કી થયેલ હતું. બાદમાં મેં પાટણવાવ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ પ્રવીણભાઈ સાથે ટેલીફોનિક વાતચીત કર્યા બાદ જ ગ્રામ પંચાયતમાં નાણાં જમા કરાવ્યા હતા તેમ છતાં હવે મને મારા નાણા પરત આપવામાં આવી રહ્યા નથી. વધુમાં ફરિયાદી એ જણાવ્યું હતું કે તોહમતદારો મને રૂપિયા નથી ચૂકવતા તેની પાછળનું કારણ એવું છે કે છેલ્લા ઘણા વર્ષથી પંચાયતના સરપંચ તથા કારોબારી સભ્યો દ્વારા આ પ્રકારે અનેક લોકો સાથે ઠગાઈ હાજરી લેવામાં આવ્યું છે. જો મને રૂપિયા પરત આપવામાં આવે તો ભૂતકાળમાં જે લોકો સાથે છેતરપિંડી થયેલ છે તેઓ પણ રૂપિયાની ઉઘરાણી શરૂ કરશે જેથી પંચાયત મને મારા રૂપિયા પરત આપતી નથી.

### ભાગીદાર રમેશ ખટાણાએ ગ્રાઉન્ડ પેટે ૫૦% રકમ લીધા બાદ નફો તો ઠીક મૂડી પણ પરત ન આપી : ઉઘરાણી કરતા ખૂનની ધમકી

# બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરતી ગુજરાત એટીએસ : ચાર શખ્સોની ધરપકડ

## પાંચ લોકોને યુરોપના લકઝમબર્ગના બોગસ વિઝા બનાવી દઈ મોટી રકમ પડાવી લીધાનો ખુલાસો : અન્ય ૩૯ લોકોના પણ બોગસ વિઝા ઝડપાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત એટીએસ (એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ) દ્વારા બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં લકઝમબર્ગ સહિતના વિવિધ દેશોના નકલી વિઝા બનાવી લોકોને છેતરવામાં આવતા હતા. આ મામલે પોલીસે મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્કર, મનીષ પટેલ અને તબરેજ કશ્મીરી સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

એટીએસના પોલીસ ઈન્સ્પેક્ટર પી.બી. દેસાઈને મળેલી બાતમીના આધારે આ સમગ્ર તપાસ શરૂ કરવામાં આવી હતી. આ બાતમીમાં મયંક ભારદ્વાજ અને તેના સાગરિતો પર બોગસ વિઝા બનાવી આપવાનો આરોપ હતો. આ બાતમીના આધારે પોલીસે મયંક અને તેજેન્દ્ર ગક્કરને પૂછપરછ માટે બોલાવ્યા હતા. આ પૂછપરછ દરમિયાન બંનેએ કબૂલ્યું કે, તેમણે મનીષ પટેલ મારફતે પાંચ વ્યક્તિઓને લકઝમબર્ગના નકલી વિઝા



અપાવ્યા હતા, જેના બદલામાં તેમણે મોટી રકમ લીધી હતી. આ નકલી વિઝાનું કામ મનીષ પટેલ મુંબઈના તબરેજ કશ્મીરી પાસે કરાવતો હતો.

તપાસ દરમિયાન એટીએસ દ્વારા ભોગ બનનાર પાંચ વ્યક્તિઓના વિઝાની ખરાઈ માટે લકઝમબર્ગની એમ્બેસીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બેસીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ તમામ વિઝા નકલી છે અને તેમની એમ્બેસી દ્વારા ઈશ્યુ કરવામાં આવ્યા નથી. વધુમાં, જાણવા મળ્યું કે આ પાંચેય વ્યક્તિઓએ અગાઉ પણ વિઝા માટે અરજી કરી હતી, જે નોકરીના ખોટા દસ્તાવેજોને કારણે નામંજૂર કરવામાં આવી હતી. આ તથ્યોએ કૌભાંડની ગંભીરતા વધુ સ્પષ્ટ કરી.

આ પાંચ કેસ ઉપરાંત પોલીસની વધુ પૂછપરછમાં આરોપીઓના મોબાઈલ ફોનમાંથી અન્ય ૩૯ લોકોના બોગસ વિઝા બનાવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

આરોપીઓએ આ તમામ લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને તેમના પાસપોર્ટ પર નકલી વિઝાના સ્ટીકરો લગાવીને છેતરપિંડી કરી હતી. આ ગુનાહિત કાવતરામાં આર્થિક ફાયદા માટે લોકો સાથે છેતરપિંડી કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો, જે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગંભીર ગુનો ગણાય છે. આ ગંભીર ગુનામાં એટીએસએ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર તબરેજ કશ્મીરી સહિત મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્કર અને મનીષ પટેલની ધરપકડ કરવામાં આવી છે. એટીએસ દ્વારા આ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન તપાસ ચાલુ છે.

### મનીષ પટેલ નામનો શખ્સ મુખ્ય સૂત્રધાર તબરેજ કાશ્મીરી પાસે બનાવટી વિઝા તૈયાર કરાવતો

# દીર્ઘઆયુના આશિર્વાદ સાથે મહિલા સુરક્ષા સમિતિની બહેનોએ વાંકાનેર પોલીસને બાંધી રાખડી



**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર ખાતે મહિલા સુરક્ષા સમિતિ દ્વારા રક્ષાબંધન અંતર્ગત વાંકાનેર તાલુકા પોલીસ મથકે બહેનોએ રાખડી બાંધી મીઠા મોઢા કરાવ્યા હતા.

પવિત્ર રક્ષાબંધન અંતર્ગત વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ સ્થળે ભાઈ બહેનના પવિત્ર બંધન એવા રક્ષાબંધન અંતર્ગત કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મહિલા સુરક્ષા સમિતિ મોરબી જીલ્લો ટીમ દ્વારા વાંકાનેરના પ્રમુખ સ્થાને રમીલાબેન ગુગડિયા અને ઉપપ્રમુખ વર્ષાબેન વ્યાસ મંત્રી જશ્મીનાબેન સંઘવી સલાહકાર સમિતિના બહેનો કિર્તીબેન જોબન પુત્રા વીણા બેન સારસા ભાવુ બેન સોલંકી ભાનુબેન જાદવ ચંદ્રિકાબેન સોલંકી ભારતીબેન ગોહેલ હર્મિત કોર (પૂજાબેન) સહિતના મહિલા સુરક્ષા સમિતિની બહેનો દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકે પોલીસ સ્ટાફને રાખડી બાંધી મોઢા મીઠા કરાવી પવિત્ર રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

## મોરબી: બે સ્થળે જુગારના દરોડા

**અબતક, મોરબી**

મોરબીમાં ભવાની ચોક અને આલાપ રોડ પર જુગાર રમતા નવ ઈસમોની ઝડપી લેવામાં આવ્યા હતા. જેમાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ભવાની ચોક નજીક ઈમરાન સોલંકીના ઘર પાસે જાહેરના જુગાર રમતા ઈમરાનભાઈ ઉસ્માનભાઈ સોલંકી , તૈયબભાઈ ઈસ્માઈલભાઈ કુરેશી , આરીફખાન કાસમખાન ખોરમ, ઈકબાલભાઈ ઉસ્માનભાઈ શેખ તથા અબ્દુલભાઈ કાદરભાઈ સમા રોકડા રૂ.૭,૪૫૦/-સાથે ઝડપી લીધા છે.

## જેતપુર : ચોરાઉ એકિટવા સાથે રાજકોટનો રીઢો તસ્કર ઝડપાયો



**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આર્થિક ગુનાઓ અટકાવવા અને હવાનો ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસવાળા હિમતસિંહ એ આપેલી સૂચનાને પગલે જેતપુર સીટી પોલીસ મથકના પીઆઇ વીએમ ડોડીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે મૂળ ગોંડલનો અને હાલ રાજકોટના કોઠારીયા સોલવન્ટ રસુલપરામાં રહેતો સમીર ઉર્ફે હનિસીંગ કરીમ સોલંકી નામનો જેતપુરના નાજાવાળા પરા ચોકડી પાસે ચોરાઉ એકટીવા સાથે ઉભો હોવાની એ.એસ.આઈ અને કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે રોડો પાડી સમીર ઉર્ફે હનિસીંગ સોલંકીની અટકાયત કરી પ્રાથમિક પૂછપરછ માં તેના કબજા માંથી ચોરાઉ એકટીવા મળી આવતા પોલીસે ૮૦,૦૦૦ નો મોબાઈલ કબજે કરી પ્રાથમિક પૂછપરછ માં તેની સામે ચોરી વાહન ચોરી જાહેરનામા ભંગ અને પાસા સહિત રાજકોટ શહેર માં ૧૩ અને ગોંડલમાં એક મળી ૧૬ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે

# વાંકાનેરમાં સંગઠન સૃજન અંતર્ગત કોંગ્રેસ આગેવાનોનો મેળાવડો

## કોંગ્રેસ કાર્યાલય ખાતે તાલુકા કોંગ્રેસ હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની બેઠક મળી

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર કોંગ્રેસ કાર્યાલય ખાતે ‘‘સંગઠન સૃજન‘‘ અંતર્ગત વાંકાનેર શહેર અને તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખની નિમણુંક બાદ, વાંકાનેર તાલુકા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસના પ્રમુખોની પસંદગી બાબતે દાવેદારોની નોંધણી કરવામાં આવી અને તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

જે કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો તરીકે રાપરના પુર્વ ધારાસભ્ય બચુભાઈ આરેઠીયા અને ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસના પુર્વ પ્રમુખ યાસીનભાઈ ગજ્જન વિશેસ ઉપસ્થિત રહ્યા.



વાંકાનેર પુર્વ ધારાસભ્ય મહંમદ જાવેદ પીરઝાદા, મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા, વાંકાનેર તાલુકા અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો, જિલ્લા પંચાયત - તાલુકા પંચાયત અને નગરપાલિકા સદસ્યો, સહકારી અગ્રણીઓ સહિતના કોંગ્રેસ આગેવાનો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમની ખાસ બાબત એ રહીકે આ પ્રસંગે મોરબી જિલ્લા ભાજપ મહિલા મોરચા ઉપપ્રમુખ જોશનાબેન રાઠોડ દ્વારા ભાજપ છોડીને કોંગ્રેસમાં પ્રવેશ કરવામાં આવ્યો, જેમને સમગ્ર મોરબી જિલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા આવકારવામાં આવ્યા.

### સાતમ આઠમના તહેવાર પૂર્વે...

# રાજકોટ જિલ્લામાં ૭ સ્થળે જુગારના દરોડા, સાત મહિલા સહિત ૪૭ શકુની ઝડપાયા: ત્રણ ફરાર

## ગોંડલ ધોરાજી પડધરી ભાયાવદર ઉપલેટાના નીલાખા હાડાફોડી અને કોલકી ગામે જુગારની મહેફિલમા ભંગ પાડતી પોલીસ: ૪ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક રાજકોટ**

શ્રાવણ માસ ના સાતમ આઠમ પર્વ પૂર્વે ઠેર ઠેર જુગારના પટ મડાયા છે. જેમાં રાજકોટ જિલ્લામાં સાત સ્થળોએ પોલીસે દરોડા પાડ્યા છે.જેમાં ગોંડલ ધોરાજી પડધરી ભાયાવદર ઉપલેટા ના લીલાખા ફાડા ફોડી અને કોલકી ગામે જુગારની મહેફીલ માં પોલીસે ભંગ પાડી સાત મહિલા સહિત ૪૭ શકુનીની ધરપકડ કરી રૂપિયા ૩.૯૮૭૪૦ નો મુદ્દા માલ કબજે કરી નાસી છૂટેલા ત્રણ શખ્સો ની શોધ કોટ હાથ ધરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં તહેવારોમાં ઠેર ઠેર જુગારના હાટડા મંડાયા હોવાની જિલ્લા પોલીસવાળા હિમકરસિંહએ આપેલી સુચના ને પગલે ગોંડલ તાલુકાના મોવૈયા ગામે જાહેરમાં જુગાર રમતો હોવાની મળેલી વાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા જીજ્ઞેશ ચનાભાઈ ડાભી, ક્રિપાલ જેન્તીભાઈ ડાભી, દિપેન રમણીકભાઈ કાલરીયા ,તેજશ રમેશભાઈ ગોર ,મેહુલ ભુપત ભરાડીયાક્ષશ ધરપકડ કરી જુગારના પટમાંથી ૨. ૨૧ લાખનો મુદ્દામાંલ કબજે કરી દરોડા દરમિયાન નાશી છુંટેલા ભરત ભનુભાઈ ઓતરાદી ,મનિષ વાવડીયા અને જેન્તી વાટીયા ની શોધખોળ હાથ ધરી છે. જ્યારે ધોરાજી તાલુકાના ફરેણી ગામે જાહેરમાં જુગાર રમતા ગોપલ લાલજીભાઈ વિરડીયા, જયદીપ મગનભાઈ વેગળ, સાગર અશોકભાઈ પટોળીયા, વિજય જમનભાઈ વિરડીયા ,પરેશ કાનજીભાઈ વૈષણવ, શાંતુ રામભાઈ શેખવા અને સંજય ડાયાભાઈ વઘેરાની ધરપકડ કરી ૨૪૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી.આર.પટેલની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ડી.જે.રાણા અને કોસ્ટેબલ અર્જુનસિંહ ઝાલાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના લીલાખા ગામે કોબુ સીમ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ગોવિંદ નારણ કાનગડ, ભીમા ખીમા જળુ, મનસુખ રૂડા ચુડાસમા, મનસુખ કારા સિહોરા, ગોકુળ માધા વિરાણી (રહે. પાંચેય નિલાખા, ઉપલેટા), સુરેશ બાબુ વસંત (રહે. ગણોદ, ઉપલેટા) અને દિલીપ લક્ષ્મણ ધામી (રહે. ઉપલેટા)ને પકડી પાડી રૂપિયા ૨૫,૫૭૦ ની મતા કબજે કરી હતી.બીજા દરોડામાં રૂરલ એલસીબી વી. વી.ઓડેદરાની રાહબરીમાં એએસઆઈ શક્તિસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ઉપલેટાના હાડફોડી ગામે વાદી સમાજના મઢ પાસે જાહેરમાં પત્તા ટીચતા સાદીક મહમદ અન્સારી (રહે. ધોરાજી), સબીર નુરમામદ કલીવાલા (રહે. ઉપલેટા) અને લલિત રણછોડ બારસોણીયા (રહે. ભાયાવદર) ને પકડી પાડી રૂપિયા ૨૧,૪૭૦ ની રોકડ કબજે કરી હતી.ત્રીજા દરોડામાં ભાયાવદર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના ભાંખ કલારીયા રોડ પર આવેલ પોલાર પ્લાન્ટની પાછળ સીમમાં વલ્લભ રૂડા દુંગાની વાડીએ ઓરડીની બહાર લાઈટના અંજવાળે જુગાર રમતા હનીફ હુસેન ઠેબા, ચંદુ ગિરધર સોલંકી, ભીખા પોલા ગર, પ્રદિપસિંહ નાથુભા જાડેજા, હસમુખ નાનજી કંટેસરિયા, વિરમ રણમલ પંપાળિયા, શૈલેષ સુખા સોલંકી, ગોપાલ અર્જુન મકવાણા અને મયુરસિંહ દોસુભા જાડેજાને પકડી પાડી રૂ.૩૬,૨૦૦ ની રોકડ કબજે કરી હતી. પડધરી પોલીસ મથકના એએસઆઈ બી.એમ.જાડેજા અને કોન્સ્ટેબલ સાગર ખટાણા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે થોરીયાળી ગામની સીમમાં જાહેરમાં જુગટું ખેલતા રવિ દિનેશ નસીત, સંજય નાનજી પેઢડીયા, રાજુ લખમણ કમાણીને પકડી પાડી રૂપિયા ૭૮,૬૦૦ ની મત્તા કબજે કરી હતી. ત્યારે દરોડાની ગંધ આવી જતા જુગારી ભાવેશ ઉર્ફે મુનો રાણા દવેરા અને નિલેશ ભીમજી પટોરીયા નાસી છૂટતાં તેની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ઉપલેટા પોલીસ મથકના એએસઆઈ એ.યુ.પરમાર અને કોન્સ્ટેબલ પ્રફુલ ભરડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે ઉપલેટાના કોલકી ગામમાં ખારા વાળ વિસ્તારમાં જાહેરમાં રોડ પર જુગાર રમતા લાભુ દેવજી મકવાણા, પરબત દેવસી ભુતિયા, કાળુ સાબુ બાવળીયા, જયાબેન ખીમજી ગરેજા, ફરીદાબેન ઈકબાલ કુડીયા, રોશનબેન હારૂન હમીરાણી, મુકતાબેન બળદેવ રાહાની, વસંતબેન લાભુ મકવાણા,પુરીબેન સરમણ ડાકી અને ભાવનાબેન ઉર્ફે અંકિતાબેન પરબત ભૂતિયાને પકડી પાડી રૂ.૧૦,૨૦૦ ની રોકડ કબજે કરી હતી.

# જામનગર ક્રાઈમ ડાયરી

## લાલપુર: વીજ શોકથી ખેડુતનું મોત

### વાડી માલિક સહિત બેને પણ વીજ આંચકો લાગતાં વધુ સારવાર માટે જામનગરની જી. જી. હોસ્પિટલમાં ખસેડાયા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર ના વાડી વિસ્તારમાં આજે બપોર બાદ પાણીની મોટર રીપેર કરતી વેળાએ એક ખેડૂત ને વીજ આંચકો લાગતાં તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ ઉપરાંત વાડી માલિક અને એક શ્રમિક કે જેઓને પણ વીજ આંચકો લાગ્યો હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર માં રહેતા અને ખેતી કામ કરતા પંકજભાઈ શામજીભાઈ પાડલીયા નામના ૫૪ વર્ષ ના ખેડૂત લાલપુર નજીક વાડી વિસ્તારમાં એક પટેલ ખેડૂતની વાડીમાં પાણીની મોટર બંધ પડી હોવાથી તેને રીપેર કરવા માટે ગયા હતા, ત્યાં પંકજભાઈ ઉપરાંત પટેલ વાડી માલિક અને તેનો શ્રમિક ત્રણેય રીપેરીંગ કામ કરી રહ્યા હતા. જે દરમિયાન પંકજભાઈ પાડલીયા ને વીજ આંચકો લાગવાથી તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત વાડી માલિક અને શ્રમિક બંનેને પણ વીજ આંચકો લાગ્યો હોવાથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## જામજોધપુર અને મેઘપર ગામે જુગાર રમતા છ મહિલા સહિત ૧૩ની ધરપકડ

### સ્થાનિક પોલીસે રૂ.૧.૧૦ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર શહેર અને ગ્રામ્ય પંથકમાં જુગારના દરોડા પાડી છ મહિલા સહિત ૧૩ની અટકાયત કરી રૂ.૧.૧૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.

જામ જોધપુરના ભગવતીપરામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે જામજોધપુર પોલીસ સ્ટાફે ગતરાત્રે દરોડો પાડ્યો હતો અને સંતોકબેન કાંતિભાઈ ટાંક, પન્નાબેન રાજેશભાઈ કાનાબાર, મંજુલાબેન ધનજીભાઈ ઘેડીયા, હંસાબેન રમણીકભાઈ ટાંક, મંગળાબેન ચંદુભાઈ નનેરા, હર્ષાબેન દીનકરભાઈ શાહને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે જુગારના સ્થળેથી રૂા.૫૬૪૦ની રોકડ રકમ કબજે કરી હતી.

જામજોધપુરના મેઘપર ગામની જીવાધાર સીમમાં જુગાર રમતા વાડી માલિક હાસમભાઈ સુલેમાનભાઈ ધુધા, રીઝવાન અબ્દુલભાઈ જુણેજા, મયુર શોતિલાલ આરંભડીયા, ભીમશીભાઈ કેશુભાઈ વાઢીયા, પરેશ નાનજીભાઈ મંડલી, મંડલી, સુરેશ ત્રિભોવનભાઈ પરમાર અને ચેતન ગોવિંદભાઈ મકવાણાને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારના આ સ્થળેથી રૂા.૧ લાખ ૪ હજારની રોકડ રકમ અને પાંચ મોબાઈલ કબજે કર્યા છે.

## તળાવની પાળે યુવતીની ધોલાઈ કરનારનો વીડિયો વાયરલ બાદ પોલીસ હરકતમાં

### મૈત્રી કરનાર યુવતીને માર મારનાર શખ્સને પોલીસે ગણતરીની મિનિટોમાં જ ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું

**અબતક, જામનગર**

જામનગરમાં રણમલ તળાવની પાળ પર આજે સવારે એક યુવતી પર જાહેરમાં હુમલો કરવામાં આવ્યો હતો, અને તેણીને વાળ પકડીને લાત ઘુસતા વગેરે મારવામાં આવી રહ્યા હતા.

અન્ય લોકોએ છોડાવવા માટેના પ્રયત્નો કર્યા હતા, પરંતુ કોઈને મચક આપ્યા વિના યુવતિ પર હુમલો કર્યે રાખ્યો હતો. જેનો કોઈ વ્યક્તિએ પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો બનાવી લીધો હતો, અને તે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

ત્યારબાદ સીટી.એ ડિવિઝન ના પી.આઈ. એન.એ.ચાવડા અને તેઓની ટીમ તુરતજ હરકતમાં આવી ગઈ હતી, અને યુવતીને માર કૂટ કરનાર વકીલ પટણી નામના શખ્સને શોધી કાઢ્યો હતો. જેને પોલીસ મથકે બોલાવી લીધા બાદ તેની સામે કાયદાકીય શસ્ત્ર ઉગામ્યાં આવ્યું હતું, અને તેને કાયદાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. જેણે સોશિયલ મીડિયામાં ફરીથી કોઈ દિવસ આવું કૃત્ય નહીં કરે, તેવી જાહેરમાં માફી પણ માગી લીધી છે.

## ધ્રોલ: ચેક પરત ફરવાના કેસમાં વેપારીને છ માસની સજા

**અબતક, જામનગર**

ધ્રોલ ના વેપારી ને ચેક પરત ફરવા ના કેસ માં અદાલતે છ માસ ની સજા નો હુકમ કર્યો છે.

ધ્રોલ તાલુકાના મોટા ગરેડીયા મા રહેતા અશ્વીનભાઈ કરશનભાઈ લીંબાસીયા એ પોતાના ધંધા માટે જામનગર મા રહેતા યોગેશ ભીખાભાઈ પનારા પાસે ની સંબંધ દાવે હાથ ઉછીના રૂ.૨,૭૦,૦૦૦ ની રકમ મેળવી હતી. જે રકમ ની પરત ચુકવણી કરવા અશ્વીનભાઈ લીંબાસીયાએ ચેક આપ્યો હતો. જે ચેક યોગેશભાઈ પનારા એ પોતાના બેંક ખાતા માં જમા કરાવતા ચેક પરત ફર્યો હતો. તેથી ફરીયાદી યોગેશભાઈ પનારાએ લાલપુર ચીફ.જયુડી. મેજી. ની કોર્ટ માં ચેક બાઉન્સ થવા અંગે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ હેઠળ ફરીયાદ દાખલ કરી હતી.જે કેસ એડી.ચીફ. જયુડી. મેજી. એન.એમ. કાકીલીયા ની કોર્ટ માં ચાલી જતા ફરયાદી તરફે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ આરોપી અશ્વીન લીંબાસીયાને ૬ માસ ની જેલ સજા ત્થા ચેક ની રકમ રૂપીયા બે લાખ સીતેર હજાર ના દંડ નો હુકમ કર્યો છે.

આ કેસ માં ફરિયાદી તરફે વકીલ તરીકે અશોક એસ. ગાંધી રોકાયા હતા.

(પહેલા પાનાનું ચાલુ)

**આયકવેરા બીલ...**

તેમનો સમય અને પૈસા બચાવશે.

આ આઈટી બિલ ૨૦૨૫ નો મુખ્ય હેતુ દાયકાઓ જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. ૧૯૬૧નો કાયદો સમય જતાં થયેલા અસંખ્ય સુધારાઓ અને જોગવાઈઓના ઉમેરાને કારણે અત્યંત જટિલ બની ગયો હતો. આ નવું બિલ આ તમામ સુધારાઓને એકીકૃત કરીને એક સરળ, સુસંગત અને વર્તમાન આર્થિક વાતાવરણ માટે યોગ્ય કાયદો બનાવશે, જે ટેક્સ પ્રણાલીને વધુ કાર્યક્ષમ બનાવવામાં મદદ કરશે.

સરકારનો ઉદ્દેશ માત્ર કાયદાકીય રીતે જ નહીં, પરંતુ વ્યવહારિક રીતે પણ ટેક્સ ભરવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો છે. આ બિલમાં સૂચવાયેલા ફેરફારો, જેમાં સરળ ભાષા, વ્યવસ્થિત માળખું અને સ્પષ્ટ જોગવાઈઓનો સમાવેશ થાય છે, કરદાતાઓને નિયમોનું પાલન કરવામાં મદદ કરશે. આનાથી કર ચોરી જેવી પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે અને ટેક્સ કલેક્શન સિસ્ટમ વધુ કાર્યક્ષમ બનશે, જે આખરે દેશના અર્થતંત્ર માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

**મોદી પુતીનનો સંકલ્પ...**

પણ યુક્રેન મુદ્દે ચર્ચા કરી હતી.

બંને નેતાઓ આ મહિનાના અંતમાં ચીનના તિયાનજિનમાં યોજાનારી એસસીઓ શિખર બેઠકમાં મળે તેવી શક્યતા છે. ચીનના વિદેશ મંત્રાલયે મોદીની હાજરીની પુષ્ટિ કરતાં જણાવ્યું કે એસસીઓના તમામ સદસ્ય દેશોના નેતાઓ આ બેઠકમાં હાજર રહેશે. આ શિખર બેઠક ૩૧ ઓગસ્ટથી શરૂ થશે, જે ટ્રમ્પના ભારત પરના વધારાના ટેરિફ અમલમાં આવે તેના થોડા દિવસ પહેલાં યોજાશે. મોદીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું, ''મારા મિત્ર રાષ્ટ્રપતિ પુતિન સાથે ખૂબ જ સારી અને વિગતવાર વાતચીત થઈ. યુક્રેનના તાજેતરના વિકાસની માહિતી આપવા બદલ હું તેમનો આભાર માનું છું. અમે અમારા દ્વિપક્ષીય એજન્ડાની પ્રગતિની સમીક્ષા કરી અને ભારત-રશિયા વિશેષ અને વિશિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.''

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે ગુરુવારે મોસ્કોમાં પુતિન સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યું હતું કે ભારત-રશિયા વાર્ષિક શિખર બેઠક માટે પુતિનની ભારત મુલાકાતની તારીખ લગભગ નિશ્ચિત થઈ ગઈ છે. આ મુલાકાત નવેમ્બર અથવા ડિસેમ્બરની શરૂઆતમાં થઈ શકે છે.

આ ઘટનાઓ એવા સમયે બની રહી છે જ્યારે ભારત અને બ્રાઝિલ જેવા બ્રિક્સ દેશો ટ્રમ્પના એકતરફી ટેરિફનો સામનો કરવા ગ્લોબલ સાઉથની એકતા દર્શાવી રહ્યા છે. ભારતના હિતમાં છે કે રશિયા-યુક્રેન યુદ્ધ ઝડપથી સમાપ્ત થાય, કારણ કે ટ્રમ્પના ભારત પરના ગૌણ પ્રતિબંધો અયોગ્ય બની જાય.

**ટેરીફનો રાજા ગણાવતા વિવાદ...**

જે રશિયાથી વધુ તેલ ખરીદે છે, તેની સામે કેમ કાર્યવાહી નથી, તો નાવારોએ સ્વીકાર્યું કે ચીન સામે વધુ ટેરિફથી અમેરિકાને નુકસાન થઈ શકે છે. ભારતીય વિશ્લેષકો આ આરોપોને ''અબ્સર્ડ'' ગણાવ્યા છે. એક વિશ્લેષકે જણાવ્યું કે, ''ભારત અમેરિકન ડોલર કાયદેસર નિકાસ દ્વારા કમાય છે, નહીં કે દાનમાંથી. આ ડોલરનો ઉપયોગ ભારત અમેરિકી ઉત્પાદનો અને શસ્ત્રો ખરીદવા માટે પણ કરે છે.'' તેમણે એ પણ નોંધ્યું કે ભારત રશિયન તેલ ખરીદવા માટે રૂપિયા સહિત વિવિધ ચલણોનો ઉપયોગ કરે છે. ટ્રમ્પની આ નીતિને કેટલાક વિશ્લેષકો વાટાઘાટની રણનીતિ ગણાવે છે, પરંતુ ટ્રમ્પના અધિકારીઓના નિવેદનો ભારતને રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ તરીકે દર્શાવે છે. ભારતે આના જવાબમાં રશિયા, ચીન અને બ્રાઝિલ સાથે સંપર્ક વધાર્યો છે, જે બ્રિક્સ જૂથ સાથે ગાઢ સંબંધોનો સંકેત આપે છે. આ વિવાદ ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ વધારી શકે છે, જે ચીનના વધતા પ્રભાવને રોકવા માટેની અગાઉની અમેરિકી નીતિઓથી વિપરીત છે.

**પુતિન ટ્રમ્પની મુલાકાત...**

જણાવ્યું હતું કે તેઓ યુક્રેન યુદ્ધના સંદર્ભમાં પુતિન સાથે ચર્ચા કરવા માંગે છે અને તેમને વિશ્વાસ છે કે ''શાંતિ કરારની શક્યતા છે.'' ક્રેમલિન દ્વારા પણ આ બેઠકની પુષ્ટિ કરવામાં આવી છે, જે અમેરિકી રાજદૂત સ્ટીવ વિટકોફની મોસ્કો મુલાકાત બાદ નક્કી થઈ. વિટકોફે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે ત્રિપક્ષીય બેઠકનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ રશિયાએ તેને કોઈ જવાબ આપ્યો નથી. ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે તેઓ ''ખૂબ જલ્દી'' પુતિનને સામસામે મળવાની યોજના ધરાવે છે.રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨થી ચાલતા આ યુદ્ધમાં હજારો લોકો માર્યા ગયા છે અને લાખો લોકોને ઘર છોડવું પડ્યું છે. મોસ્કો અને કિવ વચ્ચે ત્રણ વખતની સીધી વાતચીત નિષ્ફળ રહી છે, અને બંને પક્ષો હજુ પણ પોતાની સ્થિતિ પર અડગ છે. અમેરિકા, યુરોપ અને યુક્રેનના વારંવારના યુદ્ધવિરામના આહ્વાન છતાં રશિયાએ યુદ્ધવિરામનો ઈનકાર કર્યો છે.

**એલોપેથિક ડોક્ટર્સ...**

આ પરિસ્થિતિ એનએમઆર ના ઉદ્દેશ્ય પર ગંભીર સવાલ ઉભા કરે છે. આ રજિસ્ટરનો મુખ્ય હેતુ દરેક ડોક્ટરને એક અનન્ય ઓળખ નંબર (યુ આઈડી નમ્બર) આપવાનો હતો. જો કે, ડોક્ટરોના વ્યવસાયિક સમૂહ માટે પણ આ રજિસ્ટર સફળ ન થતાં, ભવિષ્યમાં નર્સો અને પેરામેડિક્સ જેવા મોટા સમૂહો માટે આવા જ રજિસ્ટર બનાવવાની યોજનાઓ પર શંકા ઉભી થાય છે. સરકારે આ પોર્ટલને ''ડિજિટલ હેલ્થકેર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા'' માટે એક મહત્વપૂર્ણ પગલા તરીકે રજૂ કર્યું હતું, પરંતુ અત્યાર સુધીના આંકડા દર્શાવે છે કે આ ઉદ્દેશ્ય હજુ ઘણો દૂર છે.

નિયમન મુજબ, ઈન્ડિયન મેડિકલ રજિસ્ટર અથવા સ્ટેટ મેડિકલ રજિસ્ટરમાં નોંધાયેલા તમામ વર્તમાન ડોકટરોને, જેમની પાસે નિર્ધારિત નોંધણી નંબર નથી, તેમને નિયમન પ્રકાશિત થયાના ત્રણ મહિનાની અંદર તેમની નોંધણી ઈએમઆરબી વેબ પોર્ટલમાં અપડેટ કરવાનું ફરજિયાત હતું. જોકે, અરજીઓની ઓછી સંખ્યા અને મંજૂરીમાં વિલંબ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ નિયમનું પાલન થયું નથી. આ નિષ્ફળતા સરકારી તંત્ર અને ડોક્ટરો બંને તરફથી સંકલન અને સહકારના અભાવને સૂચવે છે, જે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન મૂકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**રક્ષાબંધન...**

આ દિવસે રક્ષાબંધનની સાથે નાળિયેરી પૂનમ, હયગ્રીવ જયંતિ અને જનોઈ બદલવાનો દિવસ પણ સામેલ છે, જેના કારણે આ દિવસનું મહત્ત્વ અનેક ગણું વધી જાય છે અને ભક્તો માટે આનંદ અને ઉલ્લાસનો માહોલ સર્જાશે.

**મનરેગા...**

મંત્રી તરીકે બચુભાઈ ખાબડ બેઠા છે, એમના નામનું ખેતર છે, એમના નામની જમીન છે. પોતાના જ નામની જમીનમાં બંધ બને, નહેર બને, બંધ બન્યો હોય, પાણી રોકાયું હોય ત્યાં વૃક્ષારોપણ થાય, પાછું રીનોવેશન થાય. પોતાની માલિકીની નાના-નાના જમીનના ટુકડાઓમાં અનેક વર્કઓર્ડર અપાય, રૂપિયા ખવાઈ જાય અને છતાં ગુજરાતમાં મંત્રી તરીકે ચાલુ રહે, આ કેવા પ્રકારની પદ્ધતિ છે ? મનરેગાનો કાયદો સ્પષ્ટ છે અને શેડ્યુલ-૧માં સ્પષ્ટ રીતે લખાયું છે કે, કદાચ કોઈ ખાનગી જમીનમાં નાનું કામ કરવાનું હોય તો એ વ્યક્તિ એસસી, એસટી કે નાનો સીમાન્ત ખેડૂત હોવો જોઈએ, એ માણસ પોતે પણ જોબકાર્ડ ધરાવતો શ્રમિક હોવો જોઈએ, આમાનું કોઈ પાલન થયું નથી. મંત્રીના બે-બે દીકરાઓ દ્વારા મટીરીયલ સપ્લાયના નામે કરોડો રૂપિયા ખવાતા હોય, જીએસટી પણ ન ભરાતો હોય તેની શું તપાસ નહીં કરવાની ? શું આ ભાજપનો ભ્રષ્ટાચાર કરવાનો પરવાનો છે ?

બે-ત્રણ દિવસ પહેલાં શક્તિસિંહ ગોહિલે પૂછેલા પ્રશ્નમાં પણ જાંબુઘોડામાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયાનું સ્વીકારાયું છે. મનરેગાનો કાયદો સ્પષ્ટ કહે છે કે, મટીરીયલ અને રોજગારીમાં ૬૦-૪૦%નું ધોરણ જળવાવું જોઈએ. જાંબુઘોડામાં આ ધોરણ સચવાયું નથી. મજૂરોને ચૂકવાયા તેના કરતા કરોડો રૂપિયા મટીરીયલ સપ્લાયના નામે ચૂકવાઈ ગયા છે.

ગુજરાતના મુખ્યમંત્રી સરપંચોને ધમકાવીને કહે છે કે, ભ્રષ્ટાચાર નહીં ચાલે, તો તમારા જ મંત્રીઓ અને તમારા મોટા માથાઓ કરોડોનો ભ્રષ્ટાચાર કરે છે, ત્યારે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી શક્તિસિંહ ગોહિલે કરી છે.

**'કમલમ' બેઠક...**

કમલમ ખાતે હર ઘર તિરંગા યાત્રા સંદર્ભે કાર્યશાળા યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યશાળામાં સંબોધતા જણાવ્યું કે, હર ઘર તિરંગા અભિયાન ઘર ઘર સુધી પહોંચે તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ઉત્સાહભેર કાર્ય કર્યુ છે. આજે હર ઘર તિરંગાની કાર્યશાળમા અભિયાનના રાષ્ટ્રીય સહ સંયોજક વિ.ડિ.શર્માજી વિશેષ ઉપસ્થિત રહી આપણા સૌનો ઉત્સાહ વધાર્યો છે અને ખૂબ સારુ માર્ગદર્શન પણ આજે આપણે આપ્યું છે. હર ઘર તિરંગા અભિયાન વધુમાં વધુ યુવાનો સુધી પહોંચે તે માટે યુવા મોરચા દ્વારા પણ ખાસ આયોજન કરાયુ છે. આ અભિયાન થકી ઘરે ઘરે આપણો રાષ્ટ્ર ધ્વજ ફરકે તેમજ યુવાનોમા દેશપ્રેમ જાગે આપણા દેશને આઝાદી મેળવવા જે જે વિર જવાનોએ બલિદાન આપ્યુ છે તેમને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. દેશના દરેક રાજયોમા ભારતીય જનતા પાર્ટીનું સાશન આવે ત્યા સુધી પાર્ટીના દરેક કાર્યકર્તાએ સતત કાર્યરત રહેવું જોઈએ. આપણે સૌ ૨૦૪૭મા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા સતત પ્રયત્નશીલ રહીએ તે માટે પણ વિનંતી કરી.

સાંસદ વિ.ડિ.શર્માજીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાહન પર ભારતીય જનતા પાર્ટી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન ચલાવી રહ્યુ છે આ અભિયાન થકી દેશભક્તિ વધે તે માટે પ્રયાસ કરવાનો છે. આમારા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી, દેશના ગૃહમંત્રીઅમિતભાઈ શાહ સહિતના નેતૃત્વ સાથે મળી આ અભિયાનને સફળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

શર્માજીએ વધુમાં જણાવ્યું હતું, ગુજરાતમા દરેક જીલ્લામાં ૫૮૦ મંડળ અને ૫૧ હજાર બુથ સુધી તિરંગા અભિયાનની તૈયારી કરવામાં આવશે. દરેક મંડળમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે તેમજ જીલ્લામાં મોટી યાત્રાનુ આયોજન કરવામાં આવશે. તિરંગાયાત્રામાં રાજકીય વ્યક્તિઓ જ નહી પરંતુ દરેક વર્ગના લોકો ભાગ લે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામા ઓપરેશન સિંદુર,એર સ્ટ્રાઈક તેમજ સર્જીકલ સ્ટ્રાઈક થકી ભારતે આતંકવાદ સામે જે કાર્યવાહી કરી છે તેની માહીતી પણ ઘર ઘર સુધી પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવશે. દેશની આઝાદી અપાવવા જે વિર-જવાનોએ બલિદાન આપ્યુ છે તેમના સ્મારક પર સ્વચ્છતા અભિયાન,ફુલહાર કાર્યક્મ યોજાશે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ગામડે ગામડે...બુથ સુધી તિરંગો પહોંચે તે માટે પ્રયાસ કરશે. કાર્યકર્તાઓ દ્વારા દેશની સિમાઓ પર ખડેપગે દેશની રક્ષા કરતા સેનાના જવાનોને સન્માનીત કરાશે.

શર્માએ વધુમાં જણાવ્યું કે, ૧૪ ઓગષ્ટે વિભાજન વિભિષિકા દિવસની માહિતી દેશના યુવાનો જાણે તે માટે પ્રદર્શની સ્વરૂપે માહિતી મેળવે તેવો પ્રયાસ કરવામાં આવશે. ભારતીય જનતા યુવા મોરચા,મહિલા મોરચા દ્વારા આ અભિયાન વધુમા વધુ લોકો સુધી પહોંચે તે માટે પ્રયાસ કરશે. તિરંગો ફરકાવ્યા પછી લોકો ઘરમા તિરંગાને સન્માનીત સાથે મુકે તે માટે પણ કાર્યકર્તાઓ પ્રયાસ કરશે. દેશના દરેક રાજયમા હર ઘર તિરંગા અભિયાનને સફળ થાય તે પ્રયાસ કરશે. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે જણાવ્યું કે, હર ઘર તિરંગા અભિયાન ગુજરાતમાં દરેક જીલ્લા અને બુથ સુધી સફળતા પુર્વક યોજાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે. રક્ષાબંધન તહેવારમાં પણ સ્વચ્છતા અને પ્રકૃતિ જતન થાય તે માટે કાર્યકર્તાઓ વિશેષ પ્રયાસ કરવો જોઈએ. રક્ષાબંધનના પવિત્ર તહેવારમાં ભાઈ-બહેન એક પેડ મા કે નામ થકી વૃક્ષારોપણ કરવું જોઈએ. દેશને આઝાદી અપાવનાર વિરજવાનોના સ્મારકે જઈ સ્વચ્છતા તેમજ કુલહાર કરી તેમના પરિવારજનોને સન્માનિત કરવા જોઈએ.

**જમીન કૌભાંડ...**

અશોકભાઈએ મને તેમના પિતાના પાનકાર્ડની તથા ફોટાની નકલ આપેલ હતી જે મેં પોલીસ સ્ટેશનમાં રજૂ કરેલ હતા. જેથી તમામ આરોપીઓએ એકસંપ થઈ એકબીજા સાથે સાઠગાંઠ કરી ભગવાનજીભાઈ નથવાણીના નામનું ગઈ તા.૦૫-૦૧-૨૦૦૮ નો મારા પ્લોટ નંબર ૨ ની જમીન પડાવી લેવાના ઈરાદાથી ઈસરારખાન જમીરખાન પઠાણના નામનું બનાવટી કુલમુખત્યારના લેખન કરી બનાવટી કુલમુખત્યારનામુ ઊભું કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી તથા કાજલબેન કરમશીભાઈ પરમારને બે ભાગ કરી ૯૪૦ ચોરસ વારમાંથી પશ્ચિમ તરફનો ૪૭૦ ચોરસ વાર ગત તા.૦૯-૦૮-૨૦૦૯ ના રોજ પ્લોટનું કુલમુખત્યારનામુ અરજણભાઈ મેરામભાઈ કેશવાલાને લખી આપેલ હતો. ત્યારબાદ કુલમુખત્યારનામા દરજજે તા. ૨૭-૧૦-૨૦૦૯ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૧૪૪૫૪ થી રામભાઈ મેરામણભાઈ કેશવાલાને વેચાણ કરેલ હતો. બાકીનો પૂર્વ તરફનો ૪૭૦ વારનો પ્લોટ પાર્વતીબેન તથા કાજલબેન પોતાની પાસે રાખેલ હતો. ત્યારબાદ રામભાઈ મેરામણભાઈ કેશવાલાએ તા. ૦૯-૦૨-૨૦૧૦ ના રોજ પ્લોટનો રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૯૨૬ થી કિરીટ વીરજીભાઈ જાવિયાને વેચાણ કરેલ હતો. ત્યારબાદ કિરીટભાઈ જાવિયાએ પ્લોટ તા. ૧૩-૦૧-૨૦૧૫ ના રોજ દસ્તાવેજ નંબર ૩૧૪ થી સીમાબેન પરેશભાઈ ચાવડાને વેચાણ કરેલ હતો. ત્યારબાદ સીમાબેન ભરતભાઈ ચાવડાએ પ્લોટ તા. ૨૨-૦૩-૨૦૧૮ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૬૬૭ થી દિલીપભાઈ બેલાણીને વેચાણ કરેલ હતો. ત્યારથી પ્લોટ દિલીપભાઈ બેલાણીના નામે છે અને બાકીનો ૪૭૦ વારનો પૂર્વ તરફનો પ્લોટ પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી તથા કાજલબેન કરમશીભાઈ પરમારએ પોતાની પાસે રાખેલ હતો. જે પ્લોટ તા.૨૩-૦૮-૨૦૨૨ ના રોજ દસ્તાવેજ નંબર ૧૨૦૬૩ થી હિનાબેન બકુલભાઈ ચાવડાને વેચાણ કરી આપેલ હતો.

## ભાણવડ: વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી



**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી ભાણવડ આઈસીડીએસ કચેરીના હોલ ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી ૪૫ જેટલા સગર્ભામાતા ધાત્રી માતાઓને સ્તનપાન સફળતાના ફાયદા તેનું મહત્વ સમજાવવામાં આવ્યું તેમજ કાંગારૂ મધર કેર, સ્તનપાનની સાચી પદ્ધતિ તેમજ પ્રથમ છ માસ સુધી ફક્ત સ્તનપાન જ એ રીતે વિવિધ યોજનાઓ અને આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપેલ. પ્રથમ ધાવણ એ જ ગળથૂથી સૂત્ર સાથે શપથવિધિ કરેલને ટીએચઆર અને મિલેટની ૨૫ જેટલી વાનગીનું નિદર્શન કરેલ કાર્યક્રમ ટીડીઓ, સીડીપીઓ એન.એલ. બૈડીયાવદરા, મુખ્ય સેવિકા પ્રફુલાબેન દવે, જિજ્ઞાશાબેન મેઘનાથી, બ્લોક કોર્ડીનેટર ધર્મેશ જોષી, આકડા મદદનીશ દેવશીભાઈ આંબલીયા, આંગણવાડી કન્સલ્ટન્ટ પ્રોજેક્ટ ફેસિલીટર જીજ્ઞાબેન કરંગીયા, શકિતસિંહ જાડેજા આંગણવાડી કાર્યકર બહેનો કાર્યક્રમને તેમજ આ સપ્તાહને સફળ બનાવેલ તેમજ પ્રોજેક્ટ તુષ્ટિ દ્વારા વાનગી સ્પર્ધામાં વિજેતા થયેલ બહેનોને પ્રોત્સાહન તેમજ અલ્પાહાર આયોજન કરેલ તેવું યાદીમાં જણાવ્યું હતું.

## ધ્રાંગધ્રા ઈન્હરવીલ ક્લબની બહેનોને વીર જવાનોને રાખડી બાંધી દીર્ઘ આયુષ્યની કરી કામના



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા આમી કેન્ટોનમેન્ટ ખાતે રક્ષાબંધન ના પર્વને લઈને દેશની રક્ષા માટે પોતાની બેહનો થી દુર દુર ફરજ બજાવતા જવાનો ને બેહનો યાદ ની કમી નો, રહે તે માટે રાખડી બાંધવા માટે નો, કાયૅક્મ ધ્રાંગધ્રા ભાજપ મહીલા મોરચા અને ઈન્હરવીલ કલબ ની બેહનો દ્વારા આયોજન કરી જવાનો ને કુમકુમ તીલ કરી દેશની રક્ષા કરનાર જવાનો ને રક્ષા માટે રાખડી બાધી તેમને આશીર્વાદ આપવામાં આવ્યા ત્યારે લાગણી ભર્યાં દશ્ય સજાયા હતા ત્યારે આમી કેન્ટોનમેન્ટ મા બેહનો માટે સુદર વ્યવસ્થા કરવામાં આવી હતી ધ્રાંગધ્રા ઈન્હરવીલ કલબ બેહનો અને ધ્રાંગધ્રા મહીલા મોરચા ની મોટી સંખ્યામાં બેહનો ઉપસ્થિત રહ્યા હતા

### રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા

## સોમનાથ: મેરી રાખી કી ડોર કભી હો ન કમજોર...પોલીસ કર્મીઓ રક્ષારૂપી રાખડી બાંધી



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

રાષ્ટ્ર સેવિકા સમિતિ - ગીર સોમનાથ (ભિડીયા પ્લોટ વિસ્તાર) દ્વારા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન તથા સોમનાથ મંદિરમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

આ અવસરે સેવિકા સમિતિના બહેનો દ્વારા પોલીસ અધિકારીઓ તથા જવાનોના હાથ પર રાખડી બાંધી તેમને સમાજની સુરક્ષા માટે આપતા અવિરત યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો. પોલીસકર્મીઓએ પણ બહેનોની સુરક્ષા અને માન-સન્માન માટે સદાય તત્પર રહેવાની પ્રતિજ્ઞા લીધી.

પર્વ દરમિયાન પોલીસ સ્ટેશન પર ભાઈચારૂ, સ્નેહ અને રાષ્ટ્રપ્રેમનું માહોલ છવાયો હતો. કાર્યક્રમમાં પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં પીઆઈ એન.બી ચૌહાણ, પીએસઆઈ સારદુલ ભૂવા સહિત સ્ટાફના તમામ સભ્યો તથા મહિલા પોલીસને રાષ્ટ્રસેવિકા સમિતિ ભિડિયા શાખાના શાખા કાર્યવાહીકા સુરક્ષાબેન, શાખા વાલી ચંદ્રિકાબેન સિકોતરિયા અને અન્ય સેવિકાઓ દ્વારા રક્ષાસૂત્ર રૂપી રાખડી બાંધીને હર્ષ અને આનંદ ઉલ્લાસ સાથે ઉત્સવ મનાવ્યો હતો.

## સિંહોર ખાતે મહિલાઓની આરોગ્યને લગતી માહિતી સાથે નારી વંદન ઉત્સવ સપ્તાહની ઉજવણી

**અબતક, આનંદ રાણા, સિંહોર**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ભાવનગર અને આઈસીડીએસ શાખા, ભાવનગરના સંયુકત ઉપક્રમે નારી વંદન ઉત્સવ સપ્તાહ અંતર્ગત મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી આઈસીડીએસ કચેરી, શિહોર ખાતે કરવામાં આવેલ હતી.

કાર્યક્રમની શરૂઆત મહનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટ્ય કરવામાં આવેલ ત્યારબાદ કાર્યક્રમમાં આવેલ મહેમાનોનુ બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાના મગ તેમજ મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવેલ હતું. દહેજ પ્રતિબંધક અધિકારી સહરક્ષણ અધિકારી હેતલબેન દવે દ્વારા નારી વંદન



ઉત્સવ અંતર્ગત પ્રાસંગીક પ્રવચન આપેલ હતું. આરોગ્ય વિભાગના રૂપલબેન દ્વારા કિશોરીઓના આરોગ્યમાં લોહીના ટકા કેટલા હોવા જોઈએ અને જો તે ઓછા હોય તો શુ તકલીફ પડે તે અંગે આરોગ્યને લગતી માહિતી આપેલ હતી. સી.ડી.પી.ઓ નીતાબેન દ્વારા કિશોરીઓને આરોગ્ય અને પોષણ અંગે માહિતી આપી આંગણવાડીમાં મળતા પેકેટનો યોગ્ય ઉપયોગ કરવા અનુરોધ કરેલ.

કાર્યક્રમમાં શિહોર આરોગ્ય વિભાગના મેડીકલ ઓફિસર રૂપલબેન વૈષ્નવી, જિલ્લા પુર્ણા કન્સલ્ટન્ટ ગુલાબબેન, સુપરવાઈઝર દુર્ગાબેન, આંગણવાડી વર્કર બહેનો, ઓએસસી, પીબીએસસીના કાઉન્સેલરો, શી ટીમ સિહોરના કર્મચારીઓ, ડીએચઈડબલ્યૂના કર્મચારીઓ અને કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરાના તાઈવદર જીલ્લા પંચાયત સદસ્ય આગેવાનોનું કરાયું સન્માન




**અબતક, બાબરા**

બાબરા તાલુકાના છેવાડા નું ગામ એવા તાઈવદર ગામે વિકાસ ના કામો ની મુલાકાત માટે જિલ્લા પંચાયત ના જાગૃત સદસ્ય શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ તથા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન વિઠ્ઠલભાઈ ગ્રાભડિયા દ્વારા પ્રવાસ દરમિયાન તાઈવદર ગામે લઘુમતી સમાજના કબ્રસ્તાન માં કરેલ પાણી નો બોર તથા ઈ. મો. પાઈપ લાઈન વિગેરેનું કામ પૂણ થતા પ્રભાતભાઈ કોઠીવાળ સદસ્ય જિલ્લા પંચાયત અમરેલી વિઠ્ઠલભાઈ ગ્રાભડિયા ચેરમેન કારોબારી સમિતિ તાલુકા પંચાયત બાબરા ગામના સરપંચ અશોકભાઈ મકવાણા પૂર્વે સરપંચ ખોડુભાઈ વિગેરે નું ફૂલ હાર તેમજ શાલ ઓઢાડી સન્માન કરવાં માં આવેલ બાબરા થી પધારેલ લઘુમતિ અગ્રણી મુસાભાઈ પરમાર ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે બાબરા લઘુમતિ અગ્રણી મુસાભાઈ તાઈવદર ના અગ્રણીઓ વસુભાઈ ભરવાડ મુંજાવર નશરૂદિન બાપુ પીરમાંભાઈ તાજખાભાઈ નૂરખાભાઈ હબીબખા સલીમખા સાહિલખા ઈકબાલખા પુનુસખા વસીદખા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** ગં.સ્વ.હેમાંગીનીબેન શેઠ (ઉં. વ. ૭૬) તે સ્વ. ભૂપેન્દ્રભાઈ ગીરજશંકર શેઠ ના પત્ની, જીજ્ઞેશ શેઠ (ભૂપેન્દ્ર કંપની), ચાર્મી બાવીશી ના માતા, અ.સૌ. શીતલબેન, નિલેશ બાવીશી (ICICI Bank)ના સાસુ, યશ્વીના દાદી, ધ્રુવી ના નાની, તે સ્વ.લીલાધર સવજીભાઈ મીઠાણી (વંથલી - સોરઠ) ના પુત્રી તા. ૮ ના રોજ અવસાન પામેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૨ ને મંગળવારે સવારે ૧૦-૩૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૧-૦૦ કલાકે શેઠ ઉપાશ્રય - ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાબરકાંઠા સહકારી બેંકના મહિલા કર્મીઓએ દિવ્યાંગ બાળકોની કલાને બિરદાવી

## દિવ્યાંગોએ બનાવેલી રાખડી ખરીદી અને તેમને જ રક્ષારૂપી રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યો

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**



રાજયમાં લગભગ પ્રથમ એવો પ્રસંગ હશે કે જે સહકારી બેંકની મહિલા કર્મચારીઓ દ્વારા મોટી સંખ્યામાં માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં જઈ બાળકો દ્વારા બનાવેલી રાખડી ખરીદી. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ બેંક લી. (સાબરકાંઠા બેંક)ના સૌજન્યથી બેંકની મહિલા કર્મચારીઓએ હિંમતનગર સ્થિત માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં જઈ દિવ્યાંગ બાળકોએ બનાવેલી રાખડીઓ ખરીદ કરી તેમને બાંધી ગિફ્ટ આપી અનોખી રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આટલી બધી મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ દ્વારા એક સાથે રક્ષાબંધન પર્વ ઉજવવાથી માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થાએ સાબરકાંઠા બેંકના તમામ મહિલા કર્મચારીઓનો આભાર માન્યો હતો આવા બાળકો સાથે આવો પર્વ ઉજવવાનો મહિલા કર્મચારીઓને વિશેષ આનંદ હતો. તો બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ચીફ એક્ઝિક્યુટિવ એ પણ મહિલા કર્મચારીઓ ને આ પર્વ ઉજવવાથી તેમને અભિનંદન પાઠવ્યા હતા અને દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા બદલ તેમની સરાહના કરી હતી.

# જૂનાગઢના અનેક વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવાની માંગ સાથે તા.૨૦મીએ રેલી

## અશાંત ધારો બનાવવા વિવિધ હિન્દુ સમાજના આગેવાનો અને રહેવાસીઓની બેઠક મળી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢના અમુક વિસ્તારોમાં ''અશાંત ધારાની આવશ્યકતા હોય તેવી રજૂઆતો સાથે, તાત્કાલિક ધોરણે અશાંત ધારો લગાવવા માંગ પ્રબળ બની છે, આ માટે જોષીપરાના સૂર્યમંદિર ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. હતું. આ બેઠકમાં વિવિધ હિન્દુ સંગઠનના અગ્રણીઓ તથા હિન્દુ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, અને શહેરના જોષીપરા, ખામધ્રોળ સહિતના અનેક વિસ્તારોના રહેવાસીઓ દ્વારા સરકાર તથા જિલ્લા તંત્રને અનેક લેખિત રજૂઆતો, આવેદનપત્રો આપવામાં આવ્યા હોવા છતાં અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી તેવી ચર્ચા સાથે આગામી તા. ૨૦ ઓગસ્ટના રોજ જૂનાગઢનો સમગ્ર હિન્દુ સમાજ એકત્ર થશે, અને એક રેલી કલેકટર કચેરી જઈ, આવેદન પત્ર પાઠવી અશાંત ધારાની માંગ કરશે, તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

વોર્ડ નં. ૯ ના ઉપરકોટ વિસ્તાર, વાણંદ સોસાયટી, ગોધાવાવની પાટી, ગિરનાર દરવાજા, ભરડાવાવ, ગાયત્રીનગર, કામદાર સોસાયટી, કૈલાશ નગર, દુબડી પ્લોટ, વાંઝાવાડ, ગણેશ નગર સહિતના વિસ્તારોના રહેવાસીઓ એ ગઈકાલે મોટી સંખ્યામાં એકત્રિત થઈ જિલ્લા કલેકટર કચેરીએ સામુહિક રીતે મુખ્યમંત્રીને સંબોધી આવેદન પત્ર આપી, વોર્ડ નં. ૯ માં અશાંત ધારો લાગુ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

આ બેઠકમાં જુનાગઢ મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન હરેશભાઈ પરસાણાએ જણાવ્યું હતું કે, મારા દ્વારા ઘણા સમયથી આ મુદ્દે સરકાર અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆતો કરી છે. તે સાથે આ બેઠકમાં ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, શહેરના જોષીપરા અને ખામધ્રોળ રોડ સહિતના અનેક વિસ્તારોમાંથી અશાંત ધારા માટે આવેદનપત્રો આપવામાં આવ્યા હોવા છતાં અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

જેમાં જૂનાગઢના સમગ્ર હિન્દુ સમાજના લોકો એકત્ર થશે. તથા તા. ૨૦ ઓગષ્ટના બપોરે ૪ વાગ્યે સરદાર બાગ, ઝાંસીની રાણી સર્કલ પાસેથી એક વિશાળ રેલી શરૂ થશે અને કલેકટર કચેરી સુધી આ રેલી જશે.

આ બેઠકમાં સુર્ય મંદિરના મહંત, મેયર ધર્મેશ પોશીયા, શહેર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલીયા, પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન હરેશ પરસાણા, વિપક્ષ નેતા લલીત પરસાણા, નિર્ભય પુરોહીત, યોગીભાઈ પઢીયાર, અશોકભાઈ ભટ્ટ સહિતના હિન્દુ હિતરક્ષક સમિતિના આગેવાનો અને ખામધ્રોળ વિસ્તારના સ્થાનિક રહીશોએ ઉપસ્થિત રહી, અશાંત ધારો લાગુ કરવાની બુલંદ માંગ કરી હતી.

# જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષાની કરાટે અને સાઈકલીંગ સ્પર્ધાનાં વિજેતાઓનું સન્માન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ જિલ્લા કક્ષાની કરાટે અને સાઈકલીંગ સ્પર્ધાનું આયોજન શહેરના સીટી સ્પોર્ટ્સ કલબ ખાતે કરવામાં આવેલ હતું.

ગુજરાત સરકારના રમત-ગમત વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જુનાગઢના માધ્યમથી શાળાકીય રમતોત્સવ ૨૦૨૫-૨૬નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લા કક્ષાની કરાટે અને સાઈકલીંગ સ્પર્ધામાં જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ તેમના હસ્તે કરાટે રમતના પ્રતિષ્ઠિત ખેલાડીઓનું રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ ક્રીડા ભારતી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે જિલ્લા રમત ગમત અધિકારી મનીષકુમાર જીલડિયા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને મોમેન્ટો આપી આભાર પ્રગટ કરવામાં આવ્યો.

આ તકે કરાટે રમત કન્વીનર ભરતભાઈ ભેટારીયા અને સાઈકલીગ રમત કન્વીનર કલ્પેશભાઈ શાંખલાને જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા સમગ્ર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### બે કરોડના ખર્ચે

# ખંભાળીયા: શ્રીરામ સંકિર્તન મંદિરનું ધનરાજ નથવાણીના હસ્તે ભૂમિપૂજન

## જિલ્લા કલેકટર તન્ના, જીતુભાઈ લાલ, દીપક દતાણી સહિતના અગ્રણી જોડાયા

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**



દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં મહાદેવ વાડા વિસ્તારમાં ૨૦૧૯ની સાલમાં બનેલ શ્રી રામ સંકિર્તન મંદિર કે જે પ્રેમ ભિક્ષુક મહારાજની યાદમાં બનાવાયું છે. ત્યાં વિશાળ મંદિર પોણા બે કરોડના ખર્ચે બનાવવા માટે રીલાયન્સના અગ્રણી તથા સાંસદ અને ખંભાળીયાના વતની પરિમલ નથવાણી દ્વારા ફાળો અપાતા ગઈકાલે ૭.૮.૨૫ના રોજ મંદિરનું ભૂમિપૂજન ધનરાજ નથવાણીના હસ્તે પંડિતોની ઉપસ્થિતિમાં થયું હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં લોહાણા સમાજના ગુજરાત પ્રમુખ તથા જામનગરના અગ્રણી તથા ખંભાળીયા શ્રી રામ સંકીર્તન મંડળના ટ્રસ્ટી જીતુભાઈ લાલ દ્વારા પોણા બે કરોડના ખર્ચે રામ તથા હનુમાન મંદિર બનશે તેની જાણકારી આપી હતી.

ધનરાજ નથવાણી દ્વારા વિશાળ સંખ્યામાં ખંભાળીયાના નગરજનો આ કાર્યક્રમમાં જોડાયા હોય તેમનો આભાર માનીને ભગવાન તથા ધાર્મિક બાબતોમાં લોકોની વધતી જતી શ્રધ્ધાને આવકારદાયક ગણાવીને ભવિષ્યમાં બનનાર મંદિરનો લાભ મોટી સંખ્યામાં ભાવિકો લે તથા આયોજન મો ટ્રસ્ટીઓનો પણ આભાર માન્યો હતો.

# સુરેન્દ્રનગર: સરકારી અનાજનો ગેરલાભ લેતા રાશનકાર્ડધારકો સામે તવાઈ

## વાર્ષિક આવક વધુ હોવા છતાં કાયદાનું ઉલ્લંઘન કરી અનાજ મેળવતા હોવાથી કુલ ૧૦,૦૦૦ રાશનકાર્ડધારકોને નોટીસ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

રાજ્ય સરકારના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ એનએફએસએ રેશનકાર્ડધારકો લાયકાત મુજબ માસીક અનાજનો જથ્થો મેળવતા હોય છે. જેના માટે સરકારના ઠરાવ અને જોગવાઈ મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા રેશનકાર્ડ ધારકના કુટુંબની વાર્ષિક આવક અંદાજે ૨.૫૦ લાખથી વધુ હોય તેઓને સરકારી અનાજ મળવાપાત્ર નથી તેવો કાયદો છે પરંતુ સુરેન્દ્રનગર જીલ્લામાં અનેક એનએફએસએ રેશનકાર્ડ ધારકો આ નિયમનું ઉલંઘન કરી સરકારી અનાજનો જથ્થો મેળવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે જેને ધ્યાને લઈ સરકાર દ્વારા આ અંગે આયકર વિભાગ (ટેક્ષ ડીપાર્ટમેન્ટ)ના સંકલનથી વાર્ષિક રૂા.૬ લાખ કે તેનાથી વધુ આવક દર્શાવી ટેક્ષ રીટર્ન ફાઈલ કરી હોય તેવા લોકોની યાદી મુજબ ચકાસણી કરતા સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં અંદાજે ૧૦,૦૦૦ થી વધુ એનએફએસએ રેશનકાર્ડ ધારકો ગેરકાયદેસર રીતે સરકારી અનાજનો માસીક જથ્થો મેળવતા હોવાનું ધ્યાને આવતા તમામ રેશનકાર્ડ ધારકોને જીલ્લા પુરવઠા વિભાગ તેમજ મામલતદારની ટીમ દ્વારા નોટીસ ફટકારી તેમનું નામ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદામાંથી રદ્દ કરવામાં આવ્યું હોવાનો નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# જાફરાબાદમાં નાળિયેર પૂર્ણિમા ઉત્સવ નિમિત્તે ખારવા સમાજે દરિયા દેવને ખોળો પાથરી કરી અરજ

## દરિયાના રૌદ્ર અને શાંત સ્વરૂપને સ્વીકારી પોતાના ભાઈ-ભરથારની સુરક્ષા માટે પૂજન કરી શ્રીફળ અર્પણ કરાયું

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



જાફરાબાદમાં ખારવા સમાજની વર્ષો જુની પરંપરા એટલે નાળિયેર પુર્ણિમા નો ઉત્સવ શ્રવણ મહિના માં ઉજવાય છે. આ ઉત્સવ માં બોટ માલિકો દ્વારા દુધની હેલ વિવિધ ફુલોથી સળગાવી તેમાં શ્રીફળ મુકી અબીલ ગુલાલ સાથે દરિયા દેવનું પૂજન અર્ચન કરવામાં આવે છે. આ પવિત્ર દિવસે પરંપરા મુજબ સાગરખેડૂ મહિલાઓ મોટી સંખ્યામાં દરિયા કિનારે જઈને દરિયા દેવને અગરબત્તી દિવો અને અબીલ ગુલાલ અને દુધ અને શ્રીફળ જુદો જુદો પ્રસાદ અર્પણ કરી મધદરિયે દરિયો ખેડતા પોતાના પતિ તથા પુત્રોની તથા ભાઈની રક્ષા કરવા દરિયા દેવને પ્રાર્થના કરવામાં આવે છે. બોટ માલિકો દ્વારા દુધની ભરેલ હેલ ફુલોથી સળગાવી શ્રીફળ દરિયા દેવને અર્પણ કરવાની નાળિયેર પુર્ણિમાની આ પરંપરા ખારવા સમાજમાં વર્ષોથી કરવામાં આવે છે. જાફરાબાદના ભાતિગળ ઈતિહાસને એણે પોતાના ગર્ભમાં સાચવ્યો છે. તેવા આ આ દરિયા દેવને આજે સાગરખેડૂ દ્વારા પરંપરા મુજબ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું અને દરિયા દેવનો ખોળો ખુંદવા જતા સાગરખેડૂ માટે તેમની રક્ષા માટે દરિયા પુંજ ન કરવામાં આવે છે. અને દરિયા દેવને દુધ રેડી શ્રીફળ ચડાવી પુંજા અર્ચના કરી દરિયા દેવના ખોળે આંઠ મહિના દરિયો ખેડવા જતા સાગરખેડૂની રક્ષા માટે દરિયા દેવને મહિલાઓ દ્વારા ખોળો પાથરીને સાગરખેડૂ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

# જાફરાબાદ પાલિકાના વાલ્વમેનની મનમાની સામે મોટા સાહેબો પણ 'લાચાર'

## પાણી વિતરણમાં મનમાની કરનાર વાલ્વમેન સામે ફરીયાદો છતાં પગલા લેવાતા ન હોવાની ફરીયાદ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

જાફરાબાદના સામા કાંઠા વિસ્તારમાં આઠ દિવસેય પાણી આપતું નથી. ગામ આખામાં દેકારા વચ્ચે તહેવારો ટાણે પાણીનો કકળાટ પ્રજાજનો અને ખાસ કરીને નગરપાલીકાના સંચાલકો માટે પડકાર રૂપ બની રહ્યો છે. ત્યારે પાણીના આ ધાંધીયા પાછળ માત્રને માત્ર વાલમેનની મનમાની હોવાનું બહાર આવ્યું છે. અને વાલમેન સામે અનેક વિધ ફરીયાદો છતા તેની સામે પગલા ન લેવાતા પાલીકા ના સાહેબોની લાચારી દેખાય રહી છે. સામા કાઠા વિસ્તારમાં પાણીની અનિયમીત ના કારણે ભર ચોમાસે લોકોને ૩૦૦ ચુકવી ટેન્કર મંગાવવું પડે છે. વાલમેનની મનમાની ચીફ ઓફીસરને નામ જોગ ફરીયાદ છતાં સ્થીતી સુધરતી નથી. જો મુખ્ય અધિકારીની ફરીયાદ છતાં વાલમેનની મનમાની બંધ ન થતી હોય તો આમ નાગરીકોનું શું ઉપજે? જાફરાબાદ સાગર ખેડુ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના લેટરથી પણ વાલમેન સામે પગલા લે તે ચીફઓફીસરને ૧૦-૬ ના રોજ લેખીત ફરીયાદ છતાં પગલા લેવાતા નથી ત્યારે વાલમેન સામે તંત્રની લાચારીથી શહેરીજનોમાં ભારે કચવાટ ઉભો થયો છે.

# કોટડા સાંગાણીમાં આંગણવાડીના સંચાલનમાં ગેરરિતી ફરીયાદ મુદ્દે તપાસનો ધમધમાટ

## મહિલા અરજદારની રજૂઆતના પગલે તંત્ર જાગ્યું: કંઈકના તપેલા ચડી જશે?

**અબતક, પ્રવિણ દોંગા, જામકંડોરણા**

કોટડા સાંગાણીમાં આંગણવાડી સંચાલનમાં મોટાપાયે ગેરરીતીની ઉચ્ચ કક્ષાએ થયેલી રજૂઆતના પગલે કોટડા સાંગાણી આઈસીડીએસ દ્વારા સીડીપીઓ સામે ઉચ્ચકક્ષાએ તપાસના આદેશના પગલે શરૂ થયેલી તપાસમાં કંઈકના તપેલા ચડી જાય તેવી સ્થિતિમાં ગેરરીતી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી આઈ.સી.ડી.એસ ઘટક સીડીપીઓ વિરુદ્ધ તેની કચેરીમા આઉટસોર્સિંગ મહિલા કર્મચારીને બરતરફ કરવામાં આવ્યા હતા તે મહિલા એ મુખ્યમંત્રી, મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવ સુધી લેખિત રાવ કરી હતી.

આ મહિલા અરજદારની ફરિયાદથી ઉચ્ચ કક્ષાએ ચોકી ઉઠેલા અધિકારીઓ એ રાજકોટ ઝોન વિભાગીય નાયબ નિયામક ને મહિલા અરજદાર નુ નિવેદન નોંધવા માટે આદેશ કરેલ હતો તે સંદર્ભે મહિલા અરજદારે નિવેદન લખી આપ્યું હતું.

મહિલા અરજદારે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે સીડીપીઓએ ખોટા ૭૧ આંગણવાડી બહેનોના રેકર્ડ ઉભા કરીને આઉટસોર્સિંગ કર્મચારી તરીકે ફરજ મુક્ત કરેલ છે. તેવો આક્ષેપ કરેલ છે. મહિલા અરજદારે જણાવ્યા મુજબ કોટડાસાંગાણી આઈ.સી.ડી.એસ ઘટકમાં બેફામ ભ્રષ્ટ અને નકારાત્મક પ્રવૃતિ ચાલે છે. જેની પણ મુખ્યમંત્રી સુધી ફરિયાદ કરીને ભાડો ફોળયો છે.

મહિલા અરજદારે જણાવ્યા મુજબ કે નિવેદન નોંધનાર અધિકારી વિભાગીય નાયબ નિયામક ઈમાનદાર હોય અને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે છતા પણ મારી ફરિયાદમાં આવતા સમય માં ધારાધોરણ મુજબ કોઈ કાર્યવાહી કરવામા નહીં આવે તો કોર્ટના દ્વાર ખટખટાવશે. આ પ્રકરણે ભારે ચકચાર જગાવી છે.

# જૂનાગઢ જીલ્લાની વિવિધ શાળાઓમાં સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણી



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃત સપ્તાહ નિમિત્તે ત્રિ-દિવસીય વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે.

સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણીના દ્વિતીય દિવસે ૫૩૭ જેટલી શાળાઓના કુલ ૧૮૦૯ થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ મળીને સંસ્કૃતના પ્રચાર અને પ્રસાર માટે સ્વાગત નૃત્ય, ભગવદ્ ગીતા ગાન, કૃષ્ણ અષ્ટકમ, અષ્ટલક્ષ્મી સ્ત્રોત, મધુરાષ્ટકમ, ભાવન્યાષ્ટકમ, સંસ્કૃત ગૌરવ ગીત, નંદકુમારાષ્ટકમ, નારાયણ ઉપનિષદ, સંસ્કૃત સમાચાર, શ્રીકૃષ્ણ અર્જુન સંવાદ, સંસ્કૃત ગ્રંથ પરિચય, મહાકવિ કાલિદાસ પરિચય, હવન, રોલ પ્લે, નૃત્ય, સંસ્કૃત નાટક (એકલવ્યની ગુરૂ શ્રધ્ધા), શિવ તાંડવ, હાસ્ય યોગ, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાનું મહત્વ, સંસ્કૃત રમત, મંત્રોચ્ચાર, જુદા જુદા સંસ્કૃત વકતવ્ય, અનેક વેશભૂષા, કટ આઉટ્સ, પરંપરાગત વૈદિક વેશભૂષા સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ કરીને ઉમંગભેર ઉજવણી કરી હતી.

# ગોંડલની ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલને મળ્યો ''પ્રોમિસિંગ સ્કૂલ ઓફ ધ યર'' એવોર્ડ

## સફળ આયોજન, કાર્યક્ષમ અમલીકરણ, નવીન અભ્યાસ પદ્ધતિઓ થઈ

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



ગોંડલ નેશનલ હાઈવે જામવાડી સ્થિત ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલે તેની શૈક્ષણિક યાત્રામાં એક વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. શૈક્ષણિક ક્ષેત્રે હરહંમેશ અગ્રેસર રહેતી ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલને જયપુર ખાતે આયોજિત ''ગ્લોબલ એજ્યુકેશન એવોર્ડ-૨૦૨૫'' અંતર્ગત શાળાને પ્રોમિસિંગ સ્કૂલ ઓફ ધ યર ૨૦૨૫ના ગૌરવપ્રદ ખિતાબથી નવાજવામાં આવી છે.

સંસ્થાના ચેરમેન અને ફાઉન્ડર સંદીપ છોટાળાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ થી કાર્યરત આ સંસ્થા માત્ર ૭ વર્ષ જેટલા ટૂંકા સમયમાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે આ એવોર્ડ માત્ર એક ખિતાબ નથી, પરંતુ શાળાના સફળ આયોજન, કાર્યક્ષમ અમલીકરણ, નવીન અભ્યાસ પદ્ધતિઓ તથા શિક્ષકો, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓની અથાગ મહેનત અને સમર્પણનું જીવંત પ્રતિબિંબ છે. અને ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ શૈક્ષણિક શ્રેષ્ઠતા સાથે સાથે વ્યકિતગત ઘડતર, સર્વાંગી વિકાસ અને ૨૧મી સદીના આધુનિક શૈક્ષણિક અભિગમ તરફ સતત આગળ વધી રહી છે. શાળા એક સમર્થ અને ભવિષ્યની જવાબદાર પેઢી ઘડવા માટે પ્રતિબદ્ધ છે અને આવી દરેક સિદ્ધિ પાછળ આપણાં તમામ સ્ટેક હોલ્ડર્સ - વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને મેનેજમેન્ટ ટીમનો અનમોલ ફાળો રહેલો છે.

# અરે વાહ.... ખંભાળીયામાં માત્ર આઠ માસમાં ઢગલાબંધ વીજ પ્રશ્નોનો ઉકેલ લાવતા ડેપ્યુટી ઈજનેર પટેલ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળીયામાં શહેર સબ ડીવીઝનના ડે. ઈજનેર રોનક પટેલ તથા તેમની ટીમના લાઈન ઈન્સ્પેકટર અનિલ વારીયા તથા સ્ટાફ દ્વારા આઠ જ માસમાં અનેક કાર્યો કરીને ખંભાળીયા શહેરના વીજ પ્રશ્નો ઉકેલવાની સુંદર કામગીરી કરી છે.

સગવડો વધારવા તથા લોકોના પ્રશ્નો ઉકેલવા થયેલી કામગીરી બાબતે ડે.ઈજનેર રોનક પટેલે જણાવેલ કે ખંભાળીયા કાર્યપાલ ઈજનેર ગોમીયા તથા સુપ્રી. ઈજનેર હસીત વ્યાસ ના માર્ગદર્શન હેઠળ માત્ર આઠ માસમાં જ ખંભાળીયામાં ઢગાલબંધ કાર્યો કરીને પ્રશ્નો ઉકેલાયા છે. તથા વીજ ક્ષતિ, વીજ વાયરો તુટવાના વોલ્ટેજ ના પ્રશ્નો હલ કર્યા છે.

ખંભાળીયા શહેરમાં વોલ્ટેજનો પ્રશ્ન અનેક વિસ્તારમાં હોય રામનાથ, જોધપુર ગેઈટ, નગર ગેઈટ, જડેશ્વર શ્રીજી સોસાયટી સહિતના વિસ્તારોમાં કુલ આઠ સ્થળે ૧૦૦ કે.વી.એ. ના ટ્રાન્સફોર્મરો બદલી ૨૦૦ કે.વી.ના ડબલ કેપેસીટીના નાખવા, જયાં ૬૩ કે.વી.ના ટ્રાન્સફોર્મરો હોય ત્યાં ૧૦૦ ના જયાં ૨૫ ના હોય ત્યાં ૬૩ના નાખવાના ઢગલાબંધ કાર્યો થતાં વોલ્ટેજ નો પ્રશ્ન થોડા જ સમયમાં શુન્ય થઈ જશે હાલ કેટલાક કામો ચાલુ છે.

ખુલ્લા કેબલના બદલે ૫૫ એમ.એમ.નો ઈન્સયુલેટેડ કેબલ શહેરના મુખ્ય વિસ્તારો શકિતનગર રામનાથ નગર ગેઈટ, પોસ્ટ ઓફીસ રોડ, સહિતના નાખવામાં આવતા અગાઉ વરસાદ પડતા વાયર લીકેઝ થતાં ડાળીઓ ઘસાતા વીજ ફોલ્ટ થતા તે બંધ થઈ ગયા છે.

# ઉના: સમસ્ત બ્રહ્મસમાજ શ્રાવણી પર્વની ઉજવણી

**અબતક, ઉના**

ઊના અમોદ્રા જતા રોડ ઉપર ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે ત્યાં ભોલાગીરી બાપુએ ખોડિયાર આશ્રમ સ્થાપેલ છે. અને તેમના સેવક હસુદાદા અને સેવક ગણો સંચાલન કરે છે દર વરસની પરંપરા મુજબ ઊના શહેર અને તાલુકા ભરમા રહેતા સમસ્ત બ્રહ્મ સમાજ ઋષિ પુત્રો બળેવ શ્રાવણી પર્વની ઉજવણી આજે વિધિ પૂર્વક ઉજશે. સવારે ૮ કલાકે જનોઈ બદલવાની વિધિ શરૂ થશે અને બપોરે બાર વાગ્યે નૂતન જનોઈ ધારણ કરી સમૂહ આરતી કરાશે ત્યાર બાદ તમામ તડ ગોળ ના બ્રહ્મ પરિવાર સમૂહમાં ભોજન પ્રસાદ લેશે. આશ્રમે આવવા અને જવા માટે ઊના શહેરમા કન્યા વિદ્યાલય પાસેથી વાહનની વ્યસ્થા કરવામાં આવી છે. તેવું યાદીમાં જણાવ્યું હતું.

# ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં કુલદીપ યાદવ એક્સ ફેક્ટર સાબિત થયો હોત: રિકી પોન્ટિંગ

## વિદેશી ધરતી પર, જ્યાં પીચો સ્પિનરો માટે ઓછી મદદરૂપ હોય છે, ત્યાં કુલદીપની વેરિએશન અને ગુગલી નિર્ણાયક સાબિત થઈ શકે તેમ હતી, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટનને કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળતા ટીમ મેનેજમેન્ટ પર સવાલો ઉઠાવ્યા



**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ટીમની પસંદગીને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગે ભારતની ટીમ પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે, ખાસ કરીને ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવને ટીમમાં સામેલ ન કરવાના નિર્ણય પર તેમનું માનવું છે કે કુલદીપ યાદવ એ એક્સ-ફેક્ટર હતો, જે ભારતીય ટીમને શ્રેણીમાં નોંધપાત્ર ફાયદો આપી શક્યો હોત.

કુલદીપ યાદવ, જે ડાબા હાથના રિસ્ટ-સ્પિનર તરીકે જાણીતા છે, તેમની અનોખી બોલિંગ શૈલી માટે પ્રખ્યાત છે. તેમની ચાઈનામેન બોલિંગ બેટ્સમેનો માટે હંમેશા એક પડકાર રહી છે, કારણ કે તે બોલને બંને દિશામાં સ્પિન કરાવવામાં નિપુણ છે. ખાસ કરીને વિદેશી ધરતી પર, જ્યાં પીચો સ્પિનરો માટે ઓછી મદદરૂપ હોય છે, ત્યાં કુલદીપની વેરિએશન અને ગુગલી ઘણીવાર નિર્ણાયક સાબિત થઈ શકે છે. પોન્ટિંગે આ વાત પર ભાર મૂક્યો કે કુલદીપની હાજરી ભારતીય બોલિંગ લાઈન-અપને વધુ ઘાતક બનાવી શકી હોત.

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારતે અનુભવી સ્પિનરો રવિન્દ્ર જાડેજા પર વધુ ભરોસો રાખ્યો હતો. જોકે, શ્રેણી દરમિયાન ભારતીય બોલિંગ આક્રમણ કેટલીકવાર નિષ્પ્રભ દેખાયું, અને ખાસ કરીને ઈંગ્લેન્ડના બેટ્સમેનો સ્પિન બોલિંગ સામે આરામથી રમતા જોવા મળ્યા. પોન્ટિંગનું માનવું છે કે કુલદીપનો સમાવેશ ટીમને એક નવો બોલિંગ વિકલ્પ આપી શક્યો હોત, જે ઈંગ્લેન્ડના બેટ્સમેનોને આશ્ચર્યચકિત કરી શકે તેમ હતો.

રિકી પોન્ટિંગે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, કુલદીપ યાદવ જેવો ખેલાડી ટીમમાં હોવો જોઈએ, કારણ કે તેની પાસે એવી ક્ષમતા છે કે જે મેચનું પરિણામ બદલી શકે છે. ભારતે તેના જેવા ખેલાડીને બહાર રાખીને મોટી ભૂલ કરી. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઈંગ્લેન્ડની પીચો પર, જ્યાં સ્પિનરોને ઓછી મદદ મળે છે, ત્યાં કુલદીપની વેરિએશન અને અણધારી બોલિંગ શૈલી ભારત માટે ટર્નિંગ પોઈન્ટ બની શકી હોત.

# ટીમ ઈન્ડિયાના ત્રણ ક્રિકેટરો ગમે ત્યારે સંન્યાસ લેવાની જાહેરાત કરી શકે !!!

**અબતક,નવી દિલ્હી**

લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલથી લઈને બેટ્સમેન અજિંક્ય રહાણે માટે ટીમ ઈન્ડિયામાંથી ફરીથી જગ્યા બનાવવી મુશ્કેલ થઈ રહ્યું છે. ભારતના ૫ ખેલાડી એવા છે, જે કોઈ પણ સમયે સંન્યાસની જાહેરાત કરી શકે છે. ભારતીય ક્રિકેટમાં દિવસેને દિવસે પ્રતિસ્પર્ધા વધી રહી છે. ફરી એક વાર જો કોઈ ખેલાડી કોઈ કારણસર ટીમમાંથી બહાર થઈ રહ્યો છે તો તેના માટે ટીમ ઈન્ડિયામાં વાપસી મુશ્કેલ છે. આ જ ખેલાડીમાં ચહલ, ચેતેશ્વર પૂજારા અને અજિંક્ય રહાણે સામેલ છે. આ ત્રણેય ખેલાડી ટીમ ઈન્ડિયામાં વાપસીના ભરપૂર પ્રયાસ કરી રહ્યા છે, પણ ટીમમાં તેમને જગ્યા મળી રહી નથી. આ ખેલાડીઓ પાસે સંન્યાસ ઉપરાંત કોઈ અન્ય વિકલ્પ નથી રહ્યો.

૩૫ વર્ષીય લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ ટીમ ઈન્ડિયામાં વાપસીને કાઉન્ટી ક્રિકેટ રમી રહ્યો છે. ચહલ હાલમાં લંડનમાં કાઉન્ટી ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે, તેમ છતાં પણ તેને ટીમમાં જગ્યા મળતી નથી. છેલ્લા બે વર્ષથી ચહલ ટીમ ઈન્ડિયામાંથી બહાર છે. તો વળી ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલામાં બીજો ભારતીય બોલર છે. વધતી ઉંમરના કારણે ચહલની નેશનલ ટીમમાં વાપસી મુશ્કેલ છે. સ્પિનર ચહલ ૭૨ વન ડેમાં ૧૨૧ વિકેટ લઈ ચૂક્યો છે, જ્યારે ૮૦ ટી૨૦માં ૯૬ વિકેટ તેના નામ પર છે.

ચેતેશ્વર પૂજારા ૩૭ વર્ષનો થઈ ચૂક્યો છે. તે સતત ટીમમાંથી ઈગ્નોર થઈ રહ્યો છે. ઈંગ્લેન્ડમાં જ્યાં ભારતીય ટીમ ટેસ્ટ મેચ રમી રહી હતી, ત્યાં પૂજારા બેટની જગ્યાએ હાથમાં માઈક લઈને બેઠેલો જોવા મળે છે. આ સિરીઝમાં તે કોમેન્ટ્રી કરી રહ્યો હતો. વધતી ઉંમર અને મેદાનથી દૂર, કહી શકાય છે કે પૂજારા પણ સંન્યાસ તરફ આગળ વધી રહ્યો છે. તે કોઈ પણ સમયે જાહેરાત કરી શકે છે. પૂજારાએ ૧૦૩ ટેસ્ટ મેચમાં ૧૯ સદી સહિત ૭૧૯૫ રન બનાવ્યા છે.

અજિંક્ય રહાણે પણ પૂજારાની માફક ટીમ ઈન્ડિયામાંથી બહાર છે. રહાણે ટેસ્ટ ટીમના ઉપ કપ્તાન રહી ચૂક્યો છે. રહાણે ૩૭ વર્ષનો થયો છે. તેણે ભારત તરફથી ૮૫ ટેસ્ટ મેચમાં ૫૦૭૭ રન બનાવ્યા છે. રહાણે ટેસ્ટ મેચમાં ૧૨ સદી પણ લગાવી ચૂક્યો છે. જ્યારે ૯૦ વન ડેમાં તેના નામે ૩ સદી છે. રહાણેને સતત ટીમમાંથી નજરઅંદાજ કરવામાં આવી રહ્યો છે. તેને પણ ટીમ ઈન્ડિયામાં ફરી વાર જગ્યા મળવી મુશ્કેલ છે. રહાણેએ છેલ્લે ટીમ ઈન્ડિયા તરફથી ૨૦૨૩માં રમ્યો હતો.

# ભણવાનું મૂકે તે પહેલા રિષભ પંતે વિદ્યાર્થીની ૪૦ હજાર રૂપિયા ફી ભરી દીધી

**અબતક,બેંગલૂરુ**

ક્રિકેટના મેદાન પર દૃઢ સંકલ્પથી રમવા માટે જાણીતો રિષભ પંત જરૂરતમંદને મદદ કરવામાં પણ પાછળ નથી પડતો એનું ઉદાહરણ કર્ણાટક રાજ્યના એક ખૂણાના નાના ગામમાંથી મળ્યું છે, કારણકે એ ગામની એક વિદ્યાર્થિનીને પંતે ફર્સ્ટ-યર ડિગ્રીના ભણતર માટે જરૂરી ૪૦,૦૦૦ રૂપિયાની ફી ભરી દીધી હતી.કર્ણાટકના વિજયપુરા જિલ્લાના બિલાગી તાલુકાના રબાકવી ગામની જ્યોતિ કાનાબુર નામની સ્ટુડન્ટે પીયુ કોમર્સની પરીક્ષામાં ૮૩ ટકા માર્ક્સ મેળવ્યા હતા, પરંતુ આર્થિક તંગીને કારણે તે આગળ ન ભણવા નક્કી કરી રહી હતી.

તેનો પરિવાર આ ગામમાં ખાવાની અમુક વાનગીઓનો એક સ્ટોલ ચલાવે છે અને મહિને માંડ ૧૫,૦૦૦ રૂપિયા કમાય છે. તેમણે ગમે એમ કરીને ગામવાસીઓ પાસેથી પુત્રીના ભણતર માટે ૪૦,૦૦૦ રૂપિયા એકઠાં કર્યા હતા અને ડિગ્રી કોલેજમાં ભરી દીધા હતા.

જોકે આ પરિવારે સ્થાનિક કોન્ટ્રેક્ટર અને કાનાબુર પરિવારના હિતેચ્છુ અનિલ હુનાશિમટ્ટીનો પણ સંપર્ક કર્યો હતો અને ધારવાડમાં ક્રિકેટર કે. એલ. રાહુલે એક વિદ્યાર્થીને આર્થિક મદદ કરી હોવાનું તેમણે (પરિવારે) સાંભળ્યું હતું એટલે તેમણે અનિલને વિનંતી કરી હતી કે કોઈ ક્રિકેટર તેમની પુત્રીને મદદ કરી શકે?

અનિલ થોડા દિવસમાં કેટલાક સંપર્કોની મદદથી રિષભ પંત સાથે નજીકનો સંબંધ ધરાવતી એક વ્યકિતને મળ્યા હતા અને જ્યોતિની આર્થિક મુશ્કેલીની વાત પંત સુધી પહોંચાડી હતી. પંતે જ્યોતિ માટેની ૪૦,૦૦૦ રૂપિયાની ફી તરત મોકલી આપી હતી.જામખન્ડી ખાતેની ટીજીપી સાયન્સ કોલેજ સાથે જ્યોતિ સંકળાયેલી છે અને એ કોલેજને ઑડિટ દરમ્યાન ધ્યાનમાં આવ્યું કે જ્યોતિની ફી બે વખત ભરવામાં આવી છે. એમાંની પ્રથમ ફી ગામવાસીઓના ભંડોળની મદદથી અને બીજી ફી રિષભ પંત તરફથી આવી હતી.કોલેજના સંચાલકોએ ૪૦,૦૦૦ રૂપિયાની રકમ જ્યોતિને પાછી મોકલી આપી હતી. પંત તરફથી મોકલવામાં આવેલી ફી રાખ્યા બાદ કોલેજે રાખી હતી. કોલેજના વહીવટકારે મીડિયાને જણાવ્યું હતું કે ‘ અમે દર વર્ષે કુલ ૭૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને મફત શિક્ષણ આપીએ જ છીએ.જો જ્યોતિએ અમારો સીધો સંપર્ક કર્યો હોત તો અમે ત્યારે જ તેની ફી માફ કરી દીધી હોત.’ દરમ્યાન કોલેજના સત્તાધીશોએ પંતને જ્યોતિની ફી ભરવા બદલ આભાર વ્યક્ત કરતો પત્ર મોકલ્યો હતો.

# તુવાલુ દેશ દરિયામાં ડૂબે તે પહેલાં સમગ્ર રાષ્ટ્રને ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર કરાશે

## વિશ્વમાં કોઈ દેશ દ્વારા આયોજિત રીતે કરાયેલું પહેલું સ્થળાંતર, વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ આગામી ૨૫ વર્ષમાં તુવાલુની મોટાભાગની જમીન પાણીમાં ગરકાવ થઈ જશે

### ભવિષ્ય અને વૈશ્વિક જવાબદારી

નિષ્ણાતોનો અંદાજ છે કે, આ કાર્યક્રમ અને ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડના અન્ય સ્થળાંતર માર્ગોને જોડીને, દર વર્ષે તુવાલુની ૪% જેટલી વસ્તી સ્થળાંતર કરી શકે છે. એટલે કે એક દાયકાની અંદર, લગભગ ૪૦ ટકા વસ્તી સ્થળાંતર કરી શકે છે. તુવાલુના વડાપ્રધાન ફેલેટી ટીઓએ વૈશ્વિક સમુદાયને આ બાબતે ગંભીરતાથી પગલાં લેવા અને દરિયાની સપાટીના વધારાનો સામનો કરી રહેલા રાષ્ટ્રોના અધિકારોના રક્ષણ માટે નવી આંતરરાષ્ટ્રીય સંધિ બનાવવાની હાકલ કરી છે. આ ઘટના ભવિષ્યમાં આબોહવા પરિવર્તનથી પ્રભાવિત થનારા અન્ય દેશો માટે એક મોટો પડકાર અને ચેતવણી છે.



### ઓસ્ટ્રેલિયા સાથે ‘ફાલેપિલી યુનિયન સંધિ’

આ ગંભીર ખતરાના જવાબમાં, તુવાલુ અને ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૩માં એક મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેને ફાલેપિલી યુનિયન સંધિ નામ આપવામાં આવ્યું છે. આ કરાર હેઠળ, દર વર્ષે ૨૮૦ તુવાલુના નાગરિકોને ઓસ્ટ્રેલિયામાં કાયમી રહેઠાણ મળશે. તેમને ત્યાંના નાગરિકોની જેમ જ આરોગ્ય સંભાળ, શિક્ષણ, આવાસ અને નોકરીઓના સંપૂર્ણ અધિકારો મળશે. આ કાર્યક્રમની પ્રથમ અરજી પ્રક્રિયામાં જ ૮,૭૫૦ લોકોએ રસ દર્શાવ્યો હતો.

**અબતક, રાજકોટ**

દુનિયાભરમાં આબોહવા પરિવર્તનના ગંભીર પરિણામોની ચર્ચા વચ્ચે, પેસિફિક મહાસાગરમાં આવેલો નાનકડો ટાપુ દેશ તુવાલુ એક ઐતિહાસિક અને દુઃખદ પગલું ભરવા જઈ રહ્યો છે. દરિયાની સપાટી સતત વધી રહી હોવાથી આ આખેઆખા રાષ્ટ્રને અન્ય જગ્યાએ સ્થાનાંતરિત કરવાની ફરજ પડી છે. આ ઘટના વિશ્વમાં કોઈ દેશ દ્વારા આયોજિત રીતે કરાયેલું પહેલું સ્થળાંતર છે, જે આબોહવા પરિવર્તનની ગંભીરતાનો જીવંત પુરાવો છે. વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આગામી ૨૫ વર્ષમાં તુવાલુની મોટાભાગની જમીન પાણીમાં ગરકાવ થઈ જશે.

માત્ર ૧૧,૦૦૦ થી વધુની વસ્તી ધરાવતા તુવાલુમાં નવ કોરલ ટાપુઓ અને એટોલ્સનો સમાવેશ થાય છે. આ દેશની સરેરાશ ઊંચાઈ સમુદ્ર સપાટીથી માત્ર ૨ મીટર છે, જેના કારણે તે પૂર, તોફાન અને દરિયાની સપાટીમાં વધારા માટે અત્યંત સંવેદનશીલ છે. નાસાના ડેટા મુજબ, ૨૦૨૩માં અહીં દરિયાનું સ્તર પાછલા ૩૦ વર્ષની સરખામણીમાં ૧૫ સેમી વધારે હતું. આ જ ગતિએ, ૨૦૫૦ સુધીમાં દેશનો મોટાભાગનો વિસ્તાર પાણીની અંદર જઈ શકે છે. આ દ્વીપસમૂહના નવ ટાપુઓમાંથી બે ટાપુઓ તો પહેલેથી જ મોટાભાગે ડૂબી ગયા છે, જે પરિસ્થિતિની ભયાનકતા દર્શાવે છે.તુવાલુનું આ સ્થળાંતર માત્ર જમીન ગુમાવવાનો મુદ્દો નથી, પરંતુ એક આખી પ્રજાતિની સંસ્કૃતિ, પરંપરાઓ અને અસ્તિત્વનો પ્રશ્ન છે. આ ટાપુ પર રહેતા લોકોની જીવનશૈલી અને તેમની આગવી ઓળખ પર પણ ગંભીર અસર થશે. આ ઘટના ભવિષ્યમાં આબોહવા પરિવર્તનના કારણે અન્ય નીચાણવાળા ટાપુ દેશો માટે શું પરિણામ આવી શકે છે તેનો એક સ્પષ્ટ સંકેત છે. વિશ્વના ધનિક અને પ્રદૂષણ ફેલાવતા દેશો માટે આ એક વેકઅપ કોલ છે કે આબોહવા પરિવર્તનને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે.

# આત્મહત્યા માટે હથિયાર મેળવવા શેર બ્રોકરે લૂંટની વાર્તા ઘડી કાઢી

## ગેરકાયદેસર રીતે હથિયાર સપ્લાય કરનાર બેની ધરપકડ, કલ્પેશ ટુંડિયાએ આર્થિક અને કાનૂની મુશ્કેલીઓના કારણે આત્મહત્યા કર્યાનો પોલીસનો મત

**અબતક, રાજકોટ**

૫ ઓગસ્ટના રોજ અમદાવાદના ઘુમા વિસ્તારમાં સ્ટોક બ્રોકર કલ્પેશ ટુંડિયાએ આત્મહત્યા કરી હતી. આ ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, તેણે આત્મહત્યા માટે ઉપયોગમાં લીધેલી બંદૂક મેળવવા માટે એક ઉપજાવી કાઢેલી વાર્તાનો સહારો લીધો હતો. ૪૧ વર્ષીય કલ્પેશ ટુંડિયાએ ગેરકાયદેસર રીતે હથિયાર મેળવવા માટે એવો દાવો કર્યો હતો કે તેને શહેરમાં આવેલા દુબઈના એક ધનિક વેપારીને લૂંટવા માટે બંદૂકની જરૂર છે. જોકે, આ વાર્તા માત્ર બંદૂક મેળવવાનું એક બહાનું હતું, તેમ પોલીસે જણાવ્યું છે.

પોલીસે ગેરકાયદેસર રીતે હથિયાર સપ્લાય કરવા બદલ સાહિરખાન મલેક અને રસીદખાન મલેકની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, ‘‘ટુંડિયાએ હથિયાર મેળવવા માટે લૂંટની વાર્તા ઘડી કાઢી હતી, પરંતુ તપાસમાં આવી કોઈ વ્યક્તિ કે યોજના હોવાનું જણાયું નથી.‘‘ તપાસમાં એ પણ બહાર આવ્યું કે આ બંને આરોપીઓ સુરેન્દ્રનગરમાં નોંધાયેલા એક છેતરપિંડીના કેસમાં ટુંડિયાના સહ-આરોપી હતા અને તેને લાંબા સમયથી ઓળખતા હતા. આ ૯ એમએમની દેશી બનાવટની રિવોલ્વર મૂળ સુરેન્દ્રનગરના અશરફ ખાન પાસેથી મેળવવામાં આવી હતી.પોલીસના મતે, ટુંડિયા આર્થિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. તેના પર છેતરપિંડી અને સમાન ગુનાઓના છ અલગ-અલગ કેસ નોંધાયેલા હતા, જેના કારણે તે ભારે તણાવમાં હતો. તેના ફોનમાંથી મળેલી ચેટ્સ દર્શાવે છે કે તે અનેક માધ્યમોથી નાણાંની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ટુંડિયાએ શિવાલિક રો હાઉસીસ ખાતે તેના નિવાસસ્થાને આત્મહત્યા કરી ત્યારે તેની ૧૪ વર્ષની પુત્રી બીજા રૂમમાં અભ્યાસ કરી રહી હતી.

ફોરેન્સિક અને બેલિસ્ટિક પરીક્ષણમાં પુષ્ટિ થઈ છે કે બંદૂકની ગોળીથી થયેલો ઘા સ્વ-નિર્મિત હતો. બોપલ પોલીસે આ મામલે હાલ અકસ્માત મોતનો કેસ નોંધ્યો છે અને અત્યાર સુધી આત્મહત્યા માટે ઉશ્કેરવાની કોઈ ફરિયાદ નોંધાઈ નથી. આ કેસની વધુ તપાસ ચાલી રહી છે.

# હિંમતનગર - ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પૂર્ણ: સેફ્ટી કમિશનરના નિરીક્ષણ બાદ ટ્રેન સેવા શરૂ થશે

## તા.૧૨ થી ૧૪ દરમિયાન હિંમતનગર - ખેડબ્રહ્મા સેક્શનનું સેફ્ટી નિરીક્ષણ બાદ પર્યટનને વેગવંતુ બનાવાશે

**અબતક, સંજય દિક્ષિત સાબરકાંઠા**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના હિંમતનગર-ખેડબ્રહ્મા સેક્શન (લગભગ ૫૫ કિમી)નું ગેજ કન્વર્ઝન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. જેનું સંરક્ષા (સેફ્ટી) નિરીક્ષણ ૧૨ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન પશ્ચિમ રેલ્વેના રેલ્વે સેફ્ટી કમિશનર (સી.આર.એસ) દ્વારા કરવામાં આવશે.આ ઉપરાંત આ પ્રોજેક્ટ પ્રાદેશિક વેપાર, કૃષિ અને પર્યટનને પણ વેગ આપશે. જેનાથી સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનશે. કન્સ્ટ્રક્શન અને સંચાલન દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે અને સમગ્ર પ્રદેશનો વિકાસ થશે. આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેની વિકાસ અને જન કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આ વિભાગના અંતિમ નિરીક્ષણ અને સલામતી મંજૂરી પછી ટૂંક સમયમાં આ રૂટ પર ટ્રેન સંચાલન શરૂ કરવામાં આવશે.




# માણવદર: ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વીણાબેન ચાવડા પીએચડી થયા

## પ્રોફેસર ડો. સી.એલ. ગોસાઈના માર્ગદર્શન હેઠળ હિન્દી સાહિત્ય જગતમાં અનેરૂ સ્થાન

**અબતક, જીજ્ઞેશ પટેલ માણાવદર**

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમા વિણાબેન ચાવડાએ ‘‘સ્વાતંત્ર્યોતર ચયનિત હિન્દી નાટકો મેં રાજસત્તા અને જનસત્તાના સંઘર્ષ ‘‘ વિષય પર ખૂબ જ મૂલ્યવાન અને સંશોધનાત્મક મહાનિબંધ સફળતાપૂર્વક રજૂ કરી,આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માણાવદર ના પ્રોફેસર ડો. સી.એલ. ગોસાઈ ના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. (ડોક્ટર ઓફ ફિલોસોફી) ની પ્રતિષ્ઠિત ઉપાધિ પ્રાપ્ત કરી છે.વિણાબેનનો આ અભ્યાસ હિન્દી સાહિત્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ યોગદાનરૂપ સાબિત થયો છે, જેમાં તેઓએ નાટકના માધ્યમ દ્વારા રાજસત્તા અને જનસત્તા વચ્ચેના સંઘર્ષ ને ઊંડાણપૂર્વક અભિપ્રેત કર્યો છે. તેમની સંશોધનયાત્રા વિજ્ઞાનિક દૃષ્ટિકોણ, તર્કશક્તિ અને સાહિત્યિક અભિગમથી સમૃદ્ધ રહી છે.



# અમરેલી: સંસ્કૃત્તિના રક્ષણ માટે બાળકોને નાનપણથી જ તહેવારોનું મહત્વ સમજાવવું: પ્રમુખ વસંત ગજેરા

### એસ.એચ.ગજેરા કેમ્પસ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી

**અબતક, પ્રદીપ ઠાકર અમરેલી**

અમરેલી, શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ભાઈઓ- બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસમાં તમામ તહેવારો પારિવારિક ભાવના સાથે ઉજવવામાં આવે છે. આશરે ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાયા હતા. શિક્ષિકા બહેનોએ પણ ભાઈઓને રાખડી બાંધી હતી. સંસ્થામાં ભારતીય સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓનું ઘડતર કરી સંસ્કારોનું સિંચન કરવા અને ધાર્મિકતા સાથે બાળકો પોતાની ઉચ્ચ કારકિર્દી ઘડે તેવું સર્વાંગી શિક્ષણને મહત્વ આપવામાં આવે છે. આ રક્ષાબંધનના પવિત્ર પર્વની સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુભકામના પાઠવી હતી.



# લાલપુર નજીક આખલા સાથે બાઈક અથડાતા ખેડુત સહિત બેના મોત: એક ઘાયલ

## સિકકાથી વાડીએ જતી વેળાએ નડયો અકસ્માત: વૃધ્ધાના મોતથી ગરાસીયા પરિવારમાં અરેરાટી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર નજીક ચાંદીગઢ રોડ પર ટ્રિપલ સવારી બાઈકની આડે ખૂટીઓ ઉતરતાં બાઈકના ચાલક મેઘપર પડાણા ના પોલીસ કર્મચારી ના પિતા ખેડૂત બુઝુર્ગ તેમજ એક શ્રમિક નું કરુણ મૃત્યુ નીપજયું છે, જ્યારે અન્ય એક શ્રમિકને ઈજા થઈ છે ઉપરાંત ખુંટીયાનું પણ સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવથી ગરાસીયા પરિવારમાં શાકનું મોજુ ફેલાયું છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મૂળ સિક્કાના વતની અને હાલ લાલપુર નજીક ચાંદીગઢ વિસ્તારમાં વાડી સંભાળતા ભરતસિંહ ભુપતસિંહ જાડેજા નામના ૬૫ વર્ષના ખેડૂત કે જેમના પુત્ર જયરાજસિંહ જાડેજા મેઘપર પડાણા પોલીસ મથકમાં ફરજ બજાવે છે. તેઓ પોતાની વાડીએ ચાંદીગઢ કામકાજ હોવાથી બાઈક પર બેસીને પોતાની સાથે જ કામ કરતા પર પ્રાંતિય શ્રમિક મુકેશભાઈ તેરસિંગ દાવર તથા તેના સાળા સાથે લાલપુર રોડ પર થી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન ચાંદીગઢના પાટીયા પાસે ખૂંટિયો એકાએક માર્ગ પર આડો ઉતર્યો હતો. જેથી બાઈક ખુંટીયા સાથે ટકરાઈ ગયું હતું, અને અકસ્માત થયો હતો. જે અકસ્માતમાં ભરતસિંહ જાડેજા ને ગંભીર ઈજા થવાથી તેઓનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજયુ હતું, આ ઉપરાંત પાછળ બેઠેલા મુકેશ તેરસિંહ દાવર અને તેના સાળા કે જે બંનેને નાની મોટી ઈજા થઈ હોવાથી તેઓને પણ સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં શ્રમિક મુકેશ દાવરનું મૃત્યુ નીપજ્યું છે જયારે તેના સાળાને ઈજા થઈ હોવાથી સારવાર અપાઈ રહી છે.

આ બનાવમાં ખૂટીયો પણ ઈજાગ્રસ્ત બન્યો હોવાથી તેનું સ્થળ પર જ મૃત્યુ નીપજ છે.

આ અકસ્માત ના બનાવની જાણ થતા લાલપુરના એએસઆઈ અજયસિંહ જાડેજા બનાવના સ્થળે તેમજ હોસ્પિટલે દોડી ગયા હતા, ઉપરાંત મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટ. સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અકસ્માતમાં બનાવ મામલે અન્ય ઈજાગસ્ત શ્રમિક નું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તહેવારોમાં કતલખાના બંધ રાખવા માટે મ્યુનિ. કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ

હાલમાં પવિત્ર શ્રાવણ માસ ના ધાર્મિક તહેવારો આવતા હોય, ધર્મપ્રેમી જનતાની લાગણી ન દુભાય તે હેતુ સર શ્રાવણ માસ ના તમામ સોમવાર તથા જન્માષ્મી તેમજ પર્યુષણ પર્વ દરમિયાન જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ કતલખાના તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકન નું કતલ/વેંચાણ કરતી તમામ દુકાનો બંધ રાખવા જાહેર નોટીસ મહાનગર પાલિકા દ્વારા આપવા માં આવી છે.

તમામ સંબંધકર્તા એ આ જાહેર નોટીસ ની અમલવારી ચુસ્તપણે કરવી અન્યથા જાહેર નોટીસ નો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ ની કલમ હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે. જેની સબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવી તેમ જામનગર મહાનગર પાલિકા ના કમિશ્નર ની યાદી માં જણાવાયું છે.

# કતલખાને લઈ જવાતા ૨૧ અબોલ જીવોને ગૌરક્ષકોએ બચાવ્યા

## ૮૫ કિ.મી. સુધી ફિલ્મી ઢબે પીછો કરી વાહનો પકડ્યા





શ્રાવણ માસ દરમિયાન કચ્છથી જામનગર તરફ કતલખાને લઈ જવાતા ૨૧ ભેંસ વર્ગના પાડાને મોરબીના ગૌરક્ષકોની ટીમે સફળતાપૂર્વક બચાવી લીધા છે. ૮૫ કિલોમીટર સુધી ફિલ્મી ઢબે પીછો કરીને આ અબોલ જીવોને બચાવવામાં આવ્યા હતા અને જોડિયા પોલીસને સોંપવામાં આવ્યા હતા.

મોરબીના અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદના ગુજરાત પ્રદેશ પ્રમુખ પાર્થ મનસુખભાઈ નેસડિયાને બાતમી મળી હતી કે કચ્છથી બે બોલેરો વાહનોમાં પાડાઓને ભરીને જામનગરના કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. આ વાહનોની આગળ એક કાર પાયલોટિંગ કરી રહી હતી. આ માહિતીના આધારે, પાર્થ નેસડિયા અને તેમની સાથેના ૧૫ ગૌરક્ષકોની ટીમે ચાર અલગ-અલગ વાહનોમાં સવાર થઈને માળિયા પાસેથી આ વાહનોનો પીછો શરૂ કર્યો.

જ્યારે ગૌરક્ષકોએ વાહનોને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે ચાલકોએ વાહનોની ગતિ વધારી દીધી, જેના કારણે ફિલ્મી દ્રશ્યો સર્જાયા. માળિયા અને માનપર પાસે પણ વાહનો રોકવામાં નિષ્ફળતા મળી. અંતે, ગૌરક્ષકોએ જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભાદરા ગામના પાટિયા પાસે એક ટ્રેક્ટર આડું મૂકીને બંને બોલેરોને રોકવામાં સફળતા મેળવી. જોકે, પાયલોટિંગ કરતી કારનો ચાલક ભાગી છૂટ્યો હતો.

વાહનોની તપાસ કરતા અંદરથી ખીચોખીચ ભરેલા ૨૧ પાડા મળી આવ્યા હતા. ગૌરક્ષકોએ તાત્કાલિક જોડિયા પોલીસને જાણ કરી. જોડિયા પોલીસે પાર્થ નેસડિયાની ફરિયાદના આધારે કચ્છના ત્રણ શખ્સો - જબ્બાર ગુલાબીભાઈ ફકીર, અકુડાભાઈ હયાતભાઈ ફકીર અને રાયબ ભાઈ નિઝામુદ્દીનભાઈ ફકીર - સામે પશુઓ પ્રત્યે ઘાતકીપણાનો ગુનો નોંધીને તેમની અટકાયત કરી. પોલીસે બંને બોલેરો પીકઅપ વાહનો (GJ-૧૨-CT-૦૦૬૨ અને GJ-૧૨-ઈણ-૪૩૪૧) જપ્ત કર્યા અને ૨૧ પાડાને રાજકોટની પાંજરાપોળમાં મોકલી આપ્યા છે. આ જાગૃતિભરી કાર્યવાહીથી ૨૧ નિર્દોષ પશુઓના જીવ બચાવી શકાયા છે.

### પાયલોટિંગ કરતી કારનો ચાલક ફરાર

કચ્છથી જામનગર જિલ્લામાં પશુઓને કતલખાને લઈ જવામાં આવી રહ્યા હોવાની બાતમી મળતા ગૌરક્ષકોએ આ વાહનોનો પીછો કર્યો હતો. આ ઘટનામાં પશુઓ ભરેલી બે બોલેરો ગાડીઓની આગળ જીજે-૩૭-જે-૪૩૦૫ નંબરની એક કાર પાયલોટિંગ કરી રહી હતી. આ કારનો ચાલક બંને બોલેરો ગાડીઓને સુરક્ષિત રીતે રસ્તો બતાવી રહ્યો હતો. જોકે, ગૌરક્ષકોને આવતા જોઈને કારનો ચાલક વાહન છોડીને ભાગી છૂટ્યો હતો. આ ઘટના બાદ ગૌરક્ષકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોડિયા પોલીસે કારના નંબરના આધારે ચાલકને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે. હાલ, બોલેરો વાહનો અને પશુઓને કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે અને ફરાર થયેલા કારચાલકને પકડવા માટે તપાસ ચાલી રહી છે.

# જ્ઞાનગંગા સ્કૂલની વિદ્યાર્થિનીઓએ પોલીસને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી

## પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને ડી.વાય.એસ.પી. વી.કે. પંડ્યાએ બાળકોને શુભકામનાઓ પાઠવી





જામનગર માં રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે, જ્ઞાનગંગા સ્કૂલની નાની બાળાઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ શહેરની સુરક્ષા કરતા પોલીસકર્મીઓને રક્ષાબંધનના પર્વની શુભકામનાઓ પાઠવી રાખડી બાંધવાનો હતો.

બાળાઓએ પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને નાયબ પોલીસ અધિક્ષક વી.કે. પંડ્યાના કાંડા પર પ્રેમ અને રક્ષણના પ્રતીક સમી રાખડી બાંધી હતી. આ પ્રસંગે, પોલીસ અધિકારીઓએ પણ બાળકો સાથે ખુશી વ્યક્ત કરી હતી અને તેમને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ અનોખી ઉજવણીથી બાળકો અને પોલીસ અધિકારીઓ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા હતા. આ કાર્યક્રમે સમાજમાં એક સકારાત્મક સંદેશ આપ્યો હતો કે પોલીસ પ્રજાના મિત્ર છે અને તેઓ હંમેશા તેમની સુરક્ષા માટે તત્પર રહે છે.

# ડો. અશોક ચાવડા 'બેદિલ' ને શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ એનાયત



ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર અને જાણીતા સાહિત્યકાર ડો. અશોક ચાવડા 'બેદિલ'એ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તાજેતરમાં જાહેર થયેલા વર્ષ ૨૦૨૩ના ગુજરાતી ફિલ્મ પુરસ્કારોમાં તેમને શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો એવોર્ડ મળ્યો છે.

ડો. અશોક ચાવડા 'બેદિલ'ને આ એવોર્ડ તેમની ફિલ્મ 'સંબંધોમાં ખાલી જગ્યા'ના ગીત 'એ જિંદગી સંગ ચાલી' માટે એનાયત થયો છે. આ સન્માનથી જામનગરના સાહિત્ય અને કલા જગતમાં આનંદની લાગણી છવાઈ છે. અનેક વખત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સન્માનિત થયેલા ડો. ચાવડાની આ સિદ્ધિથી તેમના યશમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે.

સમગ્ર કલાજગત અને સાહિત્ય પ્રેમીઓ તરફથી તેમને અભિનંદન મળી રહ્યા છે.

# જેલમાં જાયન્ટ્સ ગ્રુપ દ્વારા કેદીઓને કુમકુમનો તિલક કરીને રાખડી બાંધી



રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે, જાયન્ટ્સ ગ્રુપ ઓફ જામનગર - સુપર ગ્રુપ દ્વારા જામનગર જિલ્લા જેલમાં એક હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જેલના કેદી ભાઈઓ સાથે રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવાનો હતો. ગ્રુપની મહિલા સભ્યોએ જેલમાં કેદ ભાઈઓને કંકુનો તિલક કરીને રાખડી બાંધી, ભાઈ-બહેનના પવિત્ર સંબંધની લાગણીઓને ફરી તાજી કરી.

આ ભાવનાત્મક પ્રસંગે, જાયન્ટ્સ ગ્રુપના મહિલા સભ્યોએ સંસ્કૃતના શ્લોકોનું પઠન કરીને આત્મીયતા અને પ્રેમનો સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમમાં જાયન્ટ્સ ગ્રુપના અનેક સભ્યો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉષાબેન જોશી, ભાવનાબેન ઠાકર, મીરાબેન વ્યાસ, નયનાબેન જેઠવા, ઊષાબેન વ્યાસ, કુમુદબેન વ્યાસ, સુનિતાબેન સોની, અને મહેશ્વરીબેન વ્યાસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગ્રુપના અન્ય હોદ્દેદારો જેવા કે ઉપેન્દ્રભાઈ વ્યાસ (યુ.ડી.), મધુસૂદનભાઈ વ્યાસ (પ્રેસિડન્ટ), ભરતભાઈ વ્યાસ (ડી.મેં), અને નરેન્દ્રસિંહ જેઠવા (બોર્ડ મેમ્બર) પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે જાયન્ટ્સ ગ્રુપે જામનગર જિલ્લા જેલના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અધિકારીઓમાં જેલના અધિક્ષક એન.એસ. લોહાર , જેલર બલભદ્રસિંહ રાયજાદા, ઈન્ચાર્જ જેલર જોગાજી ઠાકોર, ઈન્ચાર્જ જેલર રવિરાજસિંહ.વી. જાડેજા, અને જનરલ સુબેદાર પ્રવીણભાઈ ભણાટનો સમાવેશ થાય છે. આ અધિકારીઓના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# લુવાસર ગામમાં વીજ પોલ અને વાયરો મુદ્દે રોષ: ગ્રામજનોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી

## ખાનગી સોલાર કંપની સામે વિરોધ: મુખ્ય માર્ગ પર વાયરો નાખવાને કારણે ગ્રામજનોમાં ભારે આક્રોશ, આત્મવિલોપન અને ચક્કાજામની ચેતવણી



જામજોધપુર તાલુકાના લુવાસર ગામમાં એક ખાનગી સોલાર કંપની દ્વારા ગામના મુખ્ય રાજમાર્ગ પર વીજ પોલ અને વાયરો નાખવાને કારણે ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ગામના મુખ્ય માર્ગની બંને બાજુએ વાયરો નાખવામાં આવતા, આ બાબતને લઈને ગ્રામજનોમાં સુરક્ષા અને અગવડતાનો ભય ફેલાયો છે.

સુરતમાં રહેતા સમાજના અગ્રણી ભરતભાઈ સી. સંઘાણીએ આ અંગે ટેલિફોન દ્વારા ગામજનો સાથે વાતચીત કરી હતી, જેમાં તેમને ગ્રામજનોનો આક્રોશ સાંભળવા મળ્યો હતો. ગામના જાગૃત ખેડૂત આગેવાન સુભાષભાઈ અજુડિયા, હાલના સરપંચ ઉમરભાઈ ખુરેશી અને ઉપ-સરપંચ પ્રકાશભાઈ તાળાએ જણાવ્યું કે જો આ વીજ વાયરો ટૂંક સમયમાં દૂર કરવામાં નહીં આવે તો ગ્રામજનો રાજ્ય ધોરીમાર્ગ પર ચક્કાજામ કરશે. તેમણે વધુમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે આ મુદ્દાનું નિરાકરણ ન આવતા, ગ્રામજનો આત્મવિલોપન જેવું અંતિમ પગલું પણ ભરી શકે છે.આ ઘટનાએ વહીવટી તંત્ર સામે એક મોટો પ્રશ્ન ઊભો કર્યો છે અને સ્થાનિક પ્રશાસન આ બાબતે કેવા પગલાં લે છે તેના પર સૌની નજર છે.

# બોટની નુકસાનીની રકમ મંજુર કરવા લીધેલી લાંચના ગુનામાં ફીશરીઝ અધિકારી નિર્દોષ

## અદાલતમાં ટ્રાયલ દરમિયાન રજૂ થયેલા પુરાવા અપૂરતા હોવાનું ઠેરવી અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવા કર્યો હુકમ

**અબતક રાજકોટ**

જામનગર જિલ્લામાં ૧૯૯૮ માં આવેલ દરિયાઈ તોફાનમાં માછીમારો ની ફિશિંગ બોટ અને જાળ માં મોટાપાયે નુકસાન થયું હતું અને સરકારે ૫૦% સબસીડી જાહેર કરી હતી. આ માટે ફીશરીઝવિભાગમાં રજૂ થયેલા બિલ મંજૂર કરાવવા માટે ફીસરીઝ અધિકારીએ લાંચ લેવાના કેસમાં પુરાવાઓના અભાવે ફીસરીઝ અધિકારીને અદાલતે નિર્દોષ જાહેર કર્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ૧૯૯૮ ના ભાવનગરના દરિયાકાંઠે તોફાનમાં માછીમારોની બોટ અને માછલી પકડવાની જાળમાં નુકસાન થયા ના મામલે સરકારી ૫૦ સબસીડી અને સહાય માટે રજૂ થયેલા બિલ બોગસ હોવાનું જણાવી ફીસરીઝ અધિકારી દલસુખભાઈ મહેતાએ બિલો મંજૂર કરવા લાંચની રકમ માંગી હોવાનો આક્ષેપ થયો હતો અને લાંચ લીધી હોવાનું અધિકારીએ ફરિયાદ કરી હતી. આ ફરિયાદના પગલે તપાસનીશ અધિકારીઓએ એજન્સી અને અન્ય સ્વાયત સાહેદોના નિવેદનો લઈ કેસની ફાઈલ તૈયાર કરી હતી.

પરંતુ અદાલતમાં ટ્રાયલ દરમિયાન ફરિયાદ અને આરોપી ઉપર થયેલા આક્ષેપ અનુસાર કોઈ પુરાવો ફરિયાદ પક્ષ રજૂ કરી શક્યા ન હતા. વળી જે પુરાવાઓ રેકોર્ડ પર હતા તે કોઈ પણ સંજોગોમાં પૂરતા ન હોવાનું અદાલતે સ્વીકારી આરોપી પક્ષે લાંબી દલીલો બાદ સ્પેશિયલ જજ એસ સી વેમુલા એ આરોપીને નિર્દોષ છો ડી મુકવાનો હુકમ કર્યો હતો આ કેસમાં બચાવ પક્ષ તરફ વકીલ અશ્વિનભાઈ બી મકવાણા રોકાયા હતા

# હિન્દુ સેનાની અનોખી પહેલ સૈનિકોને મળશે નિ:શુલ્ક સારવાર

## ડો. ધાત્રી જોશીની આરોગ્ય વિભાગના પ્રમુખ તરીકે નિમણૂક



હિન્દુ સેનાના આરોગ્ય વિભાગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે એક સેવાભાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલ હેઠળ, ધાર્મિક કાર્યો અને શ્રમથી થાકેલા સૈનિકોને મફત નિદાન અને ફિઝિયોથેરાપીની સુવિધા પૂરી પાડવામાં આવશે.

જાણીતા ફિઝિયોથેરાપિસ્ટ ડો. ધાત્રી જોશીની હિન્દુ સેનાના આરોગ્ય વિભાગના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમણે શ્રાવણ માસ દરમિયાન સૈનિકો માટે થાક, સાંધા અને સ્નાયુઓના દુખાવા જેવી સમસ્યાઓ માટે નિ:શુલ્ક નિદાન અને સારવારની જાહેરાત કરી છે.

આ સેવા તેમના 'હેપ્પી ફિઝિયોથેરાપી ક્લિનિક' ખાતે ઉપલબ્ધ રહેશે. આ નિમણૂક અને સન્માન હિન્દુ સેનાના મહિલા વિભાગના પ્રભારી કાજલબેન પંડ્યા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાયબર ક્રાઈમ પોલીસે ડિજિટલ અરેસ્ટ કૌભાંડનો પર્દાફાશ

## રૂ ૨૬.૯૦ લાખની ઠગાઈ કરનાર ગેંગનો સાગ્રીત જોધપુરથી ઝડપાયો



ગુજરાત પોલીસના માર્ગદર્શન હેઠળ, જામનગર સાયબર ક્રાઈમ પોલીસે એક મોટા ડિજિટલ અરેસ્ટ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં સાયબર ફ્રોડ ગેંગના એક સભ્યને રાજસ્થાનના જોધપુરથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસમાં, જામનગરના એક નાગરિક સાથે આરોપીઓએ રૂ ૨૬,૯૦,૦૦૦ ની છેતરપિંડી કરી હતી.

આ કૌભાંડમાં, આરોપીઓએ અગાઉથી ગુનાહિત કાવતરું રચી, વિવિધ વોટ્સએપ ગ્રૂપ અને બેંક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. તેઓએ ફરિયાદીના મોબાઈલ નંબર પર ફોન કરીને જણાવ્યું કે તેમના કુરિયર પાર્સલમાં ૧૪૦ ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું છે વિડીયો કોલ દ્વારા 'ડિજિટલ અરેસ્ટ'ની ધમકી આપીને ડરાવી-ધમકાવીને તેમની પાસેથી રૂ ૨૬,૯૦,૦૦૦ અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવીને ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.એ. ઘાસુરા અને તેમની ટીમે, જેમાં પ્રણવભાઈ કે. વસરા, રાજેશભાઈ એચ. કરમુર, અને વિકીભાઈ એચ. ઝાલાનો સમાવેશ થાય છે, ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસ દ્વારા માહિતી એકત્રિત કરી હતી. જેના આધારે, રાજસ્થાનથી આરોપી રાજુરામ સોહન રામ ગેહલોત, જે ટીંવરી, જોધપુરનો રહેવાસી છે, તેને પકડી પાડવામાં આવ્યો છે.

# ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની ઉજવણી

## શુભ સંયોગો સાથે આ વર્ષની રક્ષાબંધન અત્યંત ફળદાયી, બહેનોએ કુમકુમ તિલક કરી ભાઈના સુખી જીવન માટે કરી પ્રાર્થના



તસવીરઃ શૈલેષ વાડોલિયા


**અબતક, રાજકોટ**

આજે ભાઈ અને બહેનના પવિત્ર સંબંધના પ્રતીક એવા રક્ષાબંધનના તહેવારની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ પર્વ માત્ર એક દોરાનો નહીં, પરંતુ સ્નેહ, રક્ષા અને અતૂટ વિશ્વાસનું બંધન છે. સવારથી જ બહેનોએ પોતાના ભાઈના કાંડે પ્રેમ અને શ્રદ્ધાથી ભરપૂર રાખડી બાંધી, તેમના સુખી અને સફળ જીવન માટે પ્રાર્થના કરી હતી. બહેનોએ ભગવાન પાસે પોતાના ભાઈના લાંબા આયુષ્ય અને કારકિર્દીમાં સતત પ્રગતિ થાય તેવી મનોકામનાઓ માગી હતી.

આ વર્ષે રક્ષાબંધન પર અનેક શુભ સંયોગોનું નિર્માણ થઈ રહ્યું છે, જેના કારણે આખો દિવસ રાખડી બાંધવા માટે અત્યંત શુભ અને ઉત્તમ રહેશે. ખાસ કરીને, આ દિવસે ભદ્રા દોષ ન હોવાથી બહેનો કોઈપણ પ્રકારની ચિંતા વિના દિવસભર પોતાના ભાઈના કાંડા પર રક્ષાનો દોરો બાંધી શકશે.

આ વર્ષની રક્ષાબંધન પર બપોરે ૨.૨૪ વાગ્યા સુધી શ્રવણ નક્ષત્ર રહેશે, જે શાસ્ત્રો અનુસાર અત્યંત ફળદાયી માનવામાં આવે છે. આ ઉપરાંત, રાત્રિના ૨.૧૫ વાગ્યા સુધી સૌભાગ્ય નામનો યોગ પણ બની રહ્યો છે, જે ભાઈના આરોગ્ય, આયુષ્ય અને સુખ-સમૃદ્ધિમાં વધારો કરે છે.

આ શુભ યોગોનો સમન્વય આ પર્વને વધુ વિશેષ બનાવે છે.

(અનુ. આઠમા પાને)

### રાજકોટ જેલમાં ભાઈ-બહેનના પ્રેમનું પવિત્ર મિલન

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે આજે રાજકોટની સેન્ટ્રલ જેલમાં ભાઈ-બહેનના અતૂટ પ્રેમનો માહોલ જોવા મળ્યો હતો. જેલમાં સજા ભોગવી રહેલા ભાઈઓને રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં જેલ ખાતે પહોંચી હતી. જેલ પ્રશાસન દ્વારા ભાઈ-બહેનના આ પવિત્ર મિલન માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બહેનોએ પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધી, કુમકુમ તિલક કર્યું અને તેમના લાંબા આયુષ્ય અને સુખી જીવન માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે ભાઈ-બહેનો વચ્ચે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા, જ્યાં આંખોમાં આંસુ અને ચહેરા પર સ્નેહભરી લાગણીઓ સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. આ મુલાકાતથી ભાઈઓને પણ ખુશી અને હૂંફ મળી હતી, જેલના કડક વાતાવરણમાં પણ આ પર્વે પ્રેમ અને આશાનો સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે જેલ પ્રશાસને પણ માનવીય અભિગમ અપનાવીને ભાઈ-બહેનના સંબંધોને માન આપ્યો હતો.

# ગુજરાતમાં ''મનરેગા''માં ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો કેન્દ્ર સરકારનો પણ સ્વીકાર !!

## તપાસ માટે ૧૦ ટીમો બનાવી છેઃ સંસદમાં રાજ્ય સભાના સાંસદ શક્તિસિંહ ગોહિલના સવાલનો જવાબ



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મનરેગાના કામમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો એકરાર કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

સંસદમાં ચોમાસું સત્રમાં રાજ્યસભામાં શકિતસિંહ ગોહિલે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે કે, ગુજરાતમાં મનરેગામાં મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળે અને રોજગારી આપવાની ગેરંટી સાથે કોંગ્રેસની સરકાર જ્યારે કેન્દ્રમાં હતી ત્યારે મનરેગાનો કાયદો લાવીને લોકોને પૂરી રાહત મળે તે માટેની ચિંતા કરી હતી. ભાજપે મનરેગાના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને પૈસા મળે તેના બદલે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર શરૂ કર્યો છે.

દાહોદમાં જ ત્રણ-ત્રણ અધિકારીઓએ ભ્રષ્ટાચારની પોલીસ ફરિયાદ દાખલ કરવી પડી છે. આ ફરિયાદ દાખલ કરનારાએ સરકારના જવાબદાર અધિકારીઓ છે. શકિતસિંહ ગોહિલના પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે એ પણ સ્વીકાર્યું છે કે, મોટો ભ્રષ્ટાચાર હોવાના કારણે ૧૦ ટીમો બનાવીને થયેલ ભ્રષ્ટાચારની તપાસ ચાલી રહી છે. ભ્રષ્ટ શાસન લીપાપોથી ન કરે અને ગરીબોના અધિકારના કરોડો રૂપિયા ન ખવાઈ જાય તે માટે ભ્રષ્ટાચારીઓ સામે કડકમાં કડક પગલાં લેવાય તેવી માંગ કરી હતી.

દાહોદમાં ગુજરાત સરકારના

(અનુ. આઠમા પાને)

# 'કમલમ' બેઠકમાં ૪૦ ધારાસભ્યોની ગેરહાજરીની ગંભીર નોંધ લેવાઈ

## ધારાસભ્યોને ગેરહાજર રહેવા અંગે મૌખિક ખુલાસા પૂછવાની પણ તજવીજ

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે તિરંગા યાત્રા સંદર્ભે એક બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપના ૪૦ ધારાસભ્ય ગેરહાજર રહ્યા હતા. જેની ગંભીર નોંધ લેવામાં આવી છે. આગામી દિવસોમાં ગેરહાજર ધારાસભ્યોનો મૌખિકમાં ખુલાશો પૂછાય તેવી પણ શકયતા જણાય રહી છે.

(અનુ. આઠમા પાને)




### રાજયના ૫૮૦ મંડળ અને ૫૧ હજાર બુથ પર તિરંગા અભિયાન યોજશે ભાજપ

# રાજકોટમાં વધુ એક જમીન કૌભાંડઃ બોગસ કુલમુખત્યારનામું બનાવી શેર બ્રોકરનો પ્લોટ વેંચી માર્યો

## ખોટી સહી અને ફોટો ચોંટાડી ઈસરારખાન પઠાણે બોગસ પાવર ઓફ એટર્નીં ઉભો કરી યોગીનગરમાં આવેલા ૯૪૦ વારના પ્લોટ પચાવી લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એક જમીન કૌભાંડ સામે આવ્યું છે. હાલ મુંબઈ રહેતા શેર બ્રોકરે વર્ષ ૧૯૮૧ માં યોગીનગરમાં ખરીદેલો ૯૪૦ વારનો પ્લોટ ભુમાફિયાઓએ બોગસ કુલમુખત્યારનામું બનાવી બારોબાર વેંચી માર્યાની ફરિયાદ આજીડેમ પોલીસ મથકમાં નોંધાઈ છે.

મૂળ રાજકોટની જનતા સોસાયટીના રહેવાસી અને હાલ મુંબઈના અંધેરી વેસ્ટમાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધ શેર બ્રોકર જાગૃતભાઈ મહાસુખલાલ ભાઈ શાહે નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓ તરીકે ઈસરારખાન જમીરખાન પઠાણ, અરજણભાઈ મેરામણભાઈ કેશવાલા, રામભાઈ મેરામણભાઈ કેશવાલા, પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી, કાજલબેન કરમશીભાઈ પરમાર, કિરીટભાઈ વીરજીભાઈ જાવિયા, સીમાબેન પરેશભાઈ ચાવડા, હીનાબેન બકુલભાઈ ચાવડા અને દિલીપ દીપચંદભાઈ બેલાણીનું નામ આપતા જણાવ્યું હતું કે, ભાવનગર રોડ પર આજીડેમ ચોકડીથી આગળ પેટ્રોલ પંપ પાછળ આવેલ યોગીનગર તરીકે ઓળખાતા વિસ્તારના રેવન્યુ સર્વે નંબર ૧૯૬ તથા ૧૯૭ ના બિનખેડવાણ જમીનના પ્લોટ પૈકી પ્લોટ નંબર ૨ ની ૯૪૦ ચોરસ વાર પ્લોટ તા.૨૫-૦૫-૧૯૮૧ થી ખરીદ કરેલ હતો. જે પ્લોટ પહેલા ભગવાનજીભાઈ મંગળજીભાઈ નથવાણીએ તા.૨૭-૧૦-૧૯૬૭ ના રોજ હસનઅલી ખાનબાઈ એન્ડ સન્સ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતો. ત્યારબાદ ભગવાનજીભાઈએ આ પ્લોટ તા.૧૮-૦૮-૧૯૭૫ ના રોજ કાંતિલાલ કાનજીભાઈ ડોડીયાને પ્લોટ દસ્તાવેજથી વેચાણ કરેલ હતો. ત્યારબાદ કાંતિલાલ કાનજીભાઈ ડોડીયા પાસેથી મેં તા.૨૦-૦૫-૧૯૮૧ ના રોજ રજીસ્ટર દસ્તાવેજથી પ્લોટ ખરીદ કરેલ હતો. ત્યારથી આ જમીનનો કબજો તથા ઉતરોતર દસ્તાવેજ મારી પાસે છે.

આ પ્લોટ ખરીદ કર્યા બાદ વર્ષ ૧૯૯૧માં હું વ્યવસાય અર્થે મુંબઈ ખાતે સ્થાયી થયો હતો. ત્યારે અમારા પ્લોટનું ધ્યાન મારા પિતા મહાસુખલાલભાઈ શાહ રાખતા હતા. મારા પિતાની ઉંમર ૯૬ વર્ષ જેટલી હોય જેથી તે આ પ્લોટની દેખભાળ રાખી શકતા ન હોય માટે અમારે પ્લોટનું વેચાણ કરવું હતું. જેથી અમે અમારા એડવોકેટ મારફત ગત તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ સમાચાર પત્રમાં જાહેર નોટિસ આપેલ હતી. જેથી નોટિસનો જવાબ હીનાબેન બકુલભાઈ ચાવડા અને દિલીપ દિપચંદભાઈ બેલાણીએ તેના એડવોકેટ એફ આર કુકડ મારફત તા.૧૫-૧૦-૨૦૨૪ ની અખબાર આવૃત્તિમાં આપતા જણાવેલ હતું કે આ જમીન તેમના અસીલોએ ખરીદ કરેલ છે આ જમીનના અસર દસ્તાવો દસ્તાવેજો તેમના અસીલ પાસે છે.

ત્યારબાદ હું મુંબઈથી રાજકોટ આવેલ અને સામાવાળાના એડવોકેટ એફ આર કુકડ પાસેથી તેના અસીલોના દસ્તાવેજની નકલ સાથે ભગવાનજી નથવાણીએ પ્લોટ નંબર-૨ ની જમીન વેચાણ કરવાની સત્તા આપતું ઈસરારખાન ઝમીરખાન પઠાણના નામનું ગઈ તા. ૦૫-૦૧-૨૦૦૮ના કુલમુખત્યારનામાની નકલ આપેલ હતી. ત્યારબાદ તપાસ કરતા જાણવા મળેલ હતું કે, ઈસરારખાન જમીરખાન પઠાણે ભગવાનજી મંગળજી નથવાણી કુલમુખત્યાર દરજ્જે પ્લોટ નંબર ૨ ની જમીનનો પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી અને કાજલબેન કરમશીભાઈ પરમાર નામનો વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૯૭ તા. ૨૦-૦૯-૨૦૦૮ નો ઉભો કરેલ હતો. ત્યારબાદ ભગવાનજી નથવાણીના નામનું ગઈ તા. ૦૫-૦૧-૨૦૦૮ ના ઈસરારખાન જમીરખાન પઠાણ જોગના મુખત્યારનામા સંબંધે તપાસ કરતા જાણવા મળેલ હતું કે, ભગવાનજીભાઈ નથવાણી ગઈ તા. ૧૯-૦૯-૨૦૧૩ ના રોજ અવસાન પામેલ છે. જેથી હું રાજકોટ આવી ભગવાનજીભાઈના પુત્ર અશોકભાઈને રાજકોટમાં નિર્મલા સ્કૂલ રોડ પર આવેલ ફ્લેટ ખાતે મળ્યો હતો. જ્યાં તેમના પિતાના કુલમુખત્યારનામાની કોપી બતાવતા તેમણે જણાવેલ હતું કે, આ કુલમુખત્યારનામાં મારા પિતાની સહી નથી તેમજ આ ફોટો પણ મારા પિતાનો નથી. ત્યારે

(અનુ. આઠમા પાને)

### રાજકોટ છોડીને જતો રહેજે નહીંતર તું બચીશ નહિ : ભુમાફિયાઓની વૃદ્ધને ધમકી

વૃદ્ધ ફરિયાદીએ જણાવ્યું હતું કે મેં ગત તા. ૨૯-૦૪-૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી. ત્યારબાદ તા.૨૦-૦૬-૨૦૨૫ ના સવારના સવારે ૮:૩૦ વાગ્યાના અરસામાં માથાભારે તત્વોએ મારા પ્લોટ નંબર-૨ ની જમીનમાં જેસીબી વાહન સાથે ગેરકાયદેસર અતિક્રમણ કરી મારા પ્લોટની ફરતે અમે કરેલ સિમેન્ટના પાટિયાની ફ્રેન્સીંગ તોડી નાખેલ હતી અને પ્લોટમાં ગેરકાયદેસર ઘુષણખોરી કરી તોડફોડ કરતાં મેં તેમને ના પાડતા તેમણે મને મારી નાખવાની ધમકી આપેલ હતી અને રાજકોટ છોડીને જતો રહેજે નહીંતર તું બચીશ નહીં તેવી ધમકી આપેલ હતી. વધુમાં અમારી સામે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી પણ ધમકી આપેલ હતી. જે અંગે મેં તા.૧૯-૦૬-૨૦૨૫, ૨૦-૦૬-૨૦૨૫ અને તા. ૨૪-૦૬-૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી.

## ચાર મહિલાઓ સહિત કુલ નવ શખ્સો વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં બોગસ દસ્તાવેજ બનાવવાની કલમો હેઠળ ગુનો

# આનંદો...સાતમ-આઠમના રંગમાં મેઘરાજા નહીં પાડે ભંગ

## આજથી રાજ્યભરમાં હળવા વરસાદની આગાહીઃ ૧૫ ઓગસ્ટથી બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ બનશે, પૂર્વ મધ્યપ્રદેશથી ગુજરાતમાં વરસાદ લાવશે, તો બીજી તરફ ૧૯થી ૨૨ ઓગસ્ટ ભારે વરસાદ થવાની શક્યતા



**અબતક, રાજકોટ**

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની વરસાદને લઈ આગાહી સામે આવી છે જેમાં, આજથી થી ૧૧ ઓગસ્ટ સુધી હળવા વરસાદી ઝાપટા આવશે અને સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારમાં વરસાદ આવી શકે છે, ૧૫ ઓગસ્ટથી બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ બનશે અને પૂર્વ મધ્યપ્રદેશથી ગુજરાતમાં વરસાદ લાવશે, તો બીજી તરફ ૧૯ થી ૨૨ ઓગસ્ટ ભારે વરસાદ થવાની શક્યતા રહેલી છે.

અંબાલાલ પટેલનું વધુમાં કહેવું છે કે, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, દ્વારકા, પોરબંદર, સુરેન્દ્રનગર, રાજકોટ, હળવદ, મોરબી, ધ્રાંગધ્રામાં ભારે વરસાદ થઈ શકે છે, પૂર્વ ગુજરાતના ભાગો જેવા કે મધ્ય ગુજરાતમાં વરસાદ પડશે. પાટણ, મહેસાણા, બનાસકાંઠામાં વરસાદ થઈ શકે છે, કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. ઓગસ્ટ અંતમાં નદીઓમાં પૂરની સ્થિતિ બની શકે છે.

નર્મદા સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો થઈ શકે છે, રાજ્યમાં ૧૪ સપ્ટેમ્બર સુધી વરસાદી ઝાપટા પડશે અને સાતમ આઠમ દરમિયાન રાજ્યમાં વરસાદી ઝાપટા પડશે તેવી આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાત વરસાદની આગાહી કરાઈ છે. સાબરકાંઠાના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા રહેશે કોઈ પણ ભાગમાં ૪ ઈંચ વરસાદ થવાની શક્યતા રહેશે, સાબરમતી નદીમાં પાણીનો આવરો આવે અને નર્મદા ડેમની પાણીની આવક વધી શકે છે, નર્મદા બે કાંઠે વહી શકે છે, તાપી નદીમાં પાણીનો પ્રવાહ વધી શકે છે.

૧૮ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન ગુજરાતમાં સારો વરસાદ થશે અને ૨૩ ઓગસ્ટથી પર્વતાકાર વરસાદ પડશે, જ્યાં ચઢે ત્યાં વરસાદ પડે તેવી સ્થિતિ સર્જાશે, ગણેશ ચતુર્થીના તહેવાર દરમિયાન વરસાદી માહોલ રહેશે અને ૨૭ થી ૩૦ ઓગસ્ટ વરસાદ રહેશે, ૩ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ વિસ્તારમાં વરસાદ પડશે અને સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી દરમિયાન લોકો મેળાની મજા માણી શકશે, જન્માષ્ટમી દરમિયાન વરસાદ સામાન્ય રહેશે. સૌરાષ્ટ્ર માં જન્માષ્ટમી દરમિયાન વરસાદી ઝાપટા પડી શકે છે.

### ગયા વર્ષે લોકમેળો વરસાદમાં ધોવાઈ ગયો હતો

ગયા વર્ષે રાજકોટના રેસકોર્સ મેદાનમાં લોકમેળો ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજવામાં આવ્યો હતો. પરંતુ ભારે વરસાદ વરસતા લોકમેળાના મેદાનમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. આથી લોકોની સલામતીના હેતુસર ગયા વર્ષે ધરોહર લોકમેળો રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. મેળો રદ કરવામાં આવતા સ્ટોલધારકો, રાઈડ્સ સંચાલકોને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. રાજકોટના રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમીનો ધરોહર લોકમેળો વરસાદને કારણે ધોવાઈ જતા વેપારીઓને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હતું. રાજકોટ કલેકટર દ્વારા મેળો રદ કરી સ્ટોલ અને પ્લોટધારકોને તેમનાં નાણાં પરત કરાયા હતા. ગયા વર્ષે વરસાદને લીધે મેળો પાણીમાં ધોવાઈ જતાં સાતમ અને આઠમના દિવસોમાં જ્યાં દર વર્ષે ભારે ભીડ હોય તે લોકમેળામાં કાગડા ઉડતા જોવા મળ્યા હતા.

